

રમણલાલ સોની

પટેલ-પટલાણી

અને

બીજી વાતો

: લખનાર :
રમણલાલ સોની



સોલ એજંટ
એન. એમ. ઠક્કરની કંપની
બુકસેલર્સ : પબ્લિશર્સ
૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ : મુંબઈ—૨

: પ્રકાશક :
શારદ કાર્યાલય વતી
રમણલાલ સોની
મોડાસા [જિ. અમદાવાદ]

જૂન ૧૯૪૪
પ્રથમ આવૃત્તિ

: મુદ્રક :
મણીલાલ છગનલાલ શાહ
નવપ્રભાત પ્રિન્ટિંગ પ્રેસ
ઘીકાંટા : અમદાવાદ



વીણા



શીલા



સુધા

શીલાને
વીણાને
સુધાને

મોટાં થઈને આ વાંચજો

શ્રી રમણલાલ સોની કૃત પુસ્તકો

અનુવાદ ગ્રન્થો :

સ્વામી	શરદબાબુ કૃત	[વાર્તાઓ]
કાશીનાથ / સાવકી મા } ભોગીલાલ ગાંધીના સહકારમાં	,,	,,
વિપ્રદાસ	,,	[નવલકથા]
અનુરાધા	,,	,,
નવીના [શેષ પ્રશ્ન]	,,	,,
શ્રીકાન્ત ભા. ૧-૨-૩-૪	,	,,
શુભદા	,,	,,
શરદવાણી	,,	[નિબંધો]
શરદવંદના	[શરદબાબુની વિચારકણિકાઓ]	,,
પ્રભાતકિરણો	પ્રભાતકુમાર મુખોપાધ્યાય કૃત	[વાર્તાઓ]
સૂડી વચ્ચે સોપારી	,,	[લાંબી વાર્તાઓ]
નગરલક્ષ્મી	રવીન્દ્રનાથ ટાગોર કૃત	[કથા ઓ કાહિની]
ચાંદમુખ	,,	[નવલકથા]
વિવાહિતા	,,	,,
શ્રીમતી સીતા	શશધર દત્ત કૃત	,,
બાતાસાં	વિવિધ બંગાળી લેખકો કૃત	[ટૂંકી વાર્તાઓ]
લાલ પડછાયા	અંગ્રેજી પરથી	[ચીની જપાની વાતો]

સ્વતંત્ર ગ્રંથો :

અપૂતરો... ... ... [મૌલિક વાર્તાસંગ્રહ]

ખૂજડિયાંના પ્રદેશમાં... ... ... [સાહસની સળંગ કથા]

માથાનું દાન... ... ... [શાળોપયોગી ત્રિઅંકી નાટક]

રૂપાની ગાય... ... ... [,, એક અંકી નાટકો]

ભીખો ચોટ્ટો ... ... [નવલકથા]

બાળકોનાં ગીતો ... ... [કાવ્યો]

પગલાં ભા. ૧-૨-૩-૪ ... ... [બાલકાવ્યો]

હિંદ અને બ્રિટનનું રાજ્યતંત્ર... ... [હાઈસ્કૂલો કોલેજો માટે]

જગતના ઇતિહાસની વીર કથાઓ... ... [ઇતિહાસ]

ઉપનિષદ કથામંગલ અને ભાગવત કથામંગલ [કથાઓ, આખ્યાનો]

ગુલાકાકા શિશુકથા ... ... [બાલવાર્તાઓ]

પાંડુ ઝવેરી ... ... [બૌદ્ધ કથાનક]

પટેલ—પટલાણી



સાંજ પડી. અમે ભાંડુઓ બધાં ગોઠવાઈને બેસી ગયાં. દાદાજીએ વાત શરૂ કરી.

એક હતા પટેલ.

એક હતાં પટલાણી.

પટેલ રોજ વહેલા ઊઠી ખેતરે જાય. ગાયો ભેંસો સાથે લેતા જાય; એ ખેતરમાં ચરે, અને પોતે સાંતી જોડી ખેતી કરે.



પટલાણી આખો દહાડો ઘરકામ કરે, વાસીદું વાળે, ખાવા કરે, કચરોપૂંજો કાઢે. એમ કામમાં ને કામમાં રાત પડી જાય. મોડી રાતે સૂવા પામે. પછી આખી રાત નસકોરાં બોલાવ્યા કરે.

વહેલા પરોઢિયે પટેલ ઊઠે; અને પટલાણીને જગાડવા બૂમો પાડે.

બૂમો સાંભળી પટલાણીની ઊંઘ ઊડી જાય.

આંખો ચોળતાં ચોળતાં ઊઠે ને હજાર વેણ પટેલને સંભળાવે: " બળ્યું, એકે દહાડો જંપીને ઊંઘવા ન દીધું ! હું તો તમારી ગુલામડી ખુલામડી છું કે શું ? અજવાળું તો થયું ન થયું ને ઊઠો–ઊઠો ! મારા તો કાન ફોડી નાખ્યા ! "

પટેલ કહે: " આટલી ઊંઘ ઓછી છે કે હજી ઊંઘવાનું કહે છે ? કામ શું કંઈ તું એકલી કરે છે ? "

પટલાણી કહે: " ઓહ ! જોયું ના હોય તો તમારું કામ ! મોટી મોથ મારવાની ખરી ને ! બળદની પૂંછડી આમળીને બે ડચકારા કર્યા કે પાધરું દોર ! એમાં કરવાનું શું ? "

પટેલ કહે: " એ તો કરી જુઓ ત્યારે ખબર પડે. આ ચૂલો ફૂંક્યો, કાચીપાકી ખીચડી રાંધી નાંખી, બે વાસણ માંજી નાંખ્યાં, એમાં તે શું કરવાનું હતું ? ખરી મહેનત તો ખેતરમાં છે. એક દહાડો કરી જોયું હોય તો ખબર પડે ! અમથાં પૂછડાં નથી અમળાતાં.

પટલાણી કહે: “ અમથાં, અમથાં, અમથાં,– હજાર વાર અમથાં—એમાં કરવાનું શું ? લ્યો તમે કરો ખાવા. આજે હું ખેતરે જઈશ ! ”

પટેલ કહે: “ તો જા. મારે તો સારું થયું. હમણાં ખીચડી ચડાવી નિરાંતે લાંબો થઈને સૂઈ જઈશ. ”

આજનો દહાડો પટેલે ઘેર રહેવું અને પટલા-ણીએ ખેતરે જવું એવું નક્કી કર્યું.

પટલાણીએ ઘાઘરાનો કછોટો ભીડયો. ઢેબરાંની પોટલી બગલમાં લીધી. હળ ખભે નાખ્યું, અને ગાયો, બળદ ને ભેંસો હાંકતાં નીકળ્યાં.

ગામને પાદર નદી હતી. નદી ઊતરી ખેતરમાં જવાનું હતું.

પટલાણીએ ગાયો, ભેંસો ને બળદને નદી તરફ હાંકયાં. બળદ ને ગાયો તો સડસડાટ આગળ નીકળી ગયાં, પણ ભેંસોની જાત આડી. એને પાણીમાં પડી રહેવું ગમે. એ તો ઊંડા ને ઊંડા પાણીમાં જતી જાય. પટલાણી હોકારા કરી કરીને

થાકયાં પણ ભેંસો ગાંઠે શાની ? પટલાણીને ગળા-બૂડ પાણી આવી ગયું. બૂમો પાડી પાડીને ઘાંટો બેસી ગયો. પણ ભેંસોને પાણીમાં એવું ફાવી ગયેલું કે કેમે કરી ખસે જ નહિ. એ તો આખું શરીર પાણીમાં ડુબાડી રાખી, નાક બહાર રાખી મસ્ત બની પડી રહી.

આ તરફ પટલાણી નદીમાં સપડાઈ ગયાં છે. બીજી તરફ ત્યાં ઘરમાં શું થાય છે તે જોઈએ.

પટેલે ઊઠીને દેવતા સળગાવ્યો, ને ઝપપટ ખીચડીનું માટલું ચડાવી દીધું. દૂધની તાંસળી લઈ દૂધ ગોળામાં મેળવવાનો વિચાર કરતા હતા, એટલામાં યાદ આવ્યું કે વાછરડાને ખોળ નીરવાનું તો ભૂલી ગયો ! એકદમ ઊભા થઈ ગયા, ને વાડામાં તેઓ દોડી ગયા.

વાડામાંથી પાછા આવી પટેલ જુએ તો એક બિલાડી તાંસળીમાં મોં નાખી બચ-બચ દૂધ પી રહી છે ! પટેલને આવતા જોઇ બિલાડીએ ગભરાઈને નાસી જવા દોટ મેલી. પટેલ કૂદકો મારી રાંધણિયામાં

પેઠા, પણ ખીચડીની માટલી અડફટમાં આવવાથી પડી ગઇ ને ભૂક્કા થઈ ગઈ.

પટેલ એવા તો ચિડાયા કે ચૂલામાંથી સળગતું લાકડું લઇ બિલાડીને મારવા છુટ્ટું ફેંક્યું. બિલાડી તો છટકી ગઈ, પણ લાકડું જઈને પડયું ઘરમાં ખડકેલા ઘાસના ઢગલા પર.

ભડ–ભડ ઢગલો સળગી ઊઠયો. પટેલ તો ધુંઆંકુંઆ થઈ ગયા.

પટેલના ઘરમાંથી આગના ભડકા નીકળતા જોઈ આડોશી પાડોશી દોડી આવ્યાં. જુએ તો પટેલ મૂઢ જેવા આંખો ફાડી ઘરમાં ઊભા હતા, સૌએ તેમને બહાર ખેંચી કાઢયા, ને આગ હોલવી નાખી.

પછી પટલાણીની ખબર કાઢતાં, નદીમાં ગળા-બૂડ પાણીમાં તરફડિયાં ખાતાં જણાયાં. લોકોએ ભેગા થઇ તેમને બહાર ખેંચી કાઢયાં.

"લે સંભાળ તારું ઘર. તારે ઊંઘવું હોય તો આખો દહાડો ઊંઘજે. હું હવે બોલનારો નથી."

પટેલ આમ બોલી રહે તે પહેલાં તો પટલાણી બોલી ઊઠયાં: "જોયું તમારું ખેતર, ને જોઈ તમારી ભેંસો. હું તો હવે એનું નામે દેવાની નથી. હવે પહેલે પરોઢે ઊઠીને રોટલા ન કરી દઉં તો મને સાત જુતાં મારજો."

આડોશીપાડોશી તો આ સાંભળી અવાક્ થઇ ગયાં !

હાબુ—ટાબુ

એક હતો કુતરો. હતો તો મહેનતુ, પણ ઝાઝું ડહાપણ નહિ. કોઈ કહે, "આ દિવસ છે." તો કહે, "હા દિવસ છે." કોઈ કહે, "આ તો રાત છે. જો ને તારા દેખાય છે," તો ભાઈસાહેબ કહે, "હા, રાત છે. તારા દેખાય છે."

એનું નામ હતું હાબુ—ટાબુ. એક બકરી એની ગોઠણ હતી. બકરી રોજ ચરવા જાય. એક દહાડો બકરી કહે, "વનમાં કેવું સરસ. સીમમાં ભાતભાતનાં ઝાડ છે, ભાતભાતના વેલા. ખાઓ, પીઓ ને મઝા કરો."

કુતરો કહે, "બસ. હું જાઉં હવે. એ વનમાં જઈને રહું." હાબુભાઈ તો ગામ છોડીને જાય છે. આઘે આઘે એ તો વનમાં ગયા. અઘોર જંગલ: ખૂબ ઝાડી. ઉંચા ઉંચા ઝાડ. માણસનું તો નામ નિશાન મળે નહિ. પણ એ તો આગળ ને આગળ જાય છે. નથી જોતા વાટ કે નથી જોતા ચીલો. એ તો આગળને આગળ જાય છે.

રસ્તામાં એક શિયાળ જોયું: એની પાછળ એવી દોટ મૂકી જાણે દોડવાની શરત.



એમ કરતાં રાત પડી. સૂરજ દાદા આથમી ગયા. રાત અંધારી હતી. અને વગડામાં તો વહેલું અંધારૂં થઈ જાય. કશું દેખાય નહિ. કાંઈ સૂઝે નહિ તો પણ હાબુભાઈ તો આગળ ને આગળ જાય છે.

છેવટે એ તો થાકી ગયો. પગ લથડી ગયા. હાબુભાઈ હાંફી ગયા. ભૂખ પણ બહુ લાગી હતી.

ગામમાં તો શેઠ ખાવાનું આપતા, પણ અહીં કોણ આપે? ગામમાં કેવું સરસ ખાવાનું, કેવું રહેવાનું, કેવું સુવાનું! નિરાંતે ઊંઘવાનું ને ઘરની ચોકી કરવાની. વનમાં ઘર કેવું? અહીં એવું ખાવાનું-પીવાનું કેવું? અહીં ઉંઘવાનું કેવું?

કુતરાભાઈ કહે, “ હશે, આજનો દહાડો નહિ ખાઉં તો શું થવાનું છે? પણ સારી જગા ખોળી કહાડી આરામ તો લઉં. પછી કાલની વાત કાલ છે.”

એ તો જગા ખોળવા લાગ્યા.

એ વનમાં એક વાઘ રહે. બહુ જોરાવર બહુ બળિયો. ઘુઉઉઉ એક રાડ પાડે કે વાંદરાં તો ઝડા-પરથી નીચે પડે, પશુપંખી સહુ થરથર કાંપવા લાગે એવો ઘુઘવાટ કરે કે ગમે તેવો ઢીલો થઈ જાય.

વનમાં એક નદી હતી. ખૂબ ઉંડી હતી. એ નદીના કિનારે વાઘની બૉડ હતી.

રાત પડેલી એટલે વાઘભાઈ જરા ફરવા ગયેલા.

હાબુભાઈ સુવા માટે જગા શોધતા હતા. કોઈની બ્હીક ન લાગે એવી જગા શોધતા હતા. ફરતા ફરતા અહીં આ બૉડ જોઈ. એ કહે, “ વાહ કેવી સરસ જગા છે! બસ, આજની રાત અહીં આરામ લઈ, કાલે આગળ જઈશું.”

કુતરાભાઈ તો બૉડમાં પોઢી ગયા.

મધરાત થઈ. વાઘમામા એક હરણને ખાંધે નાખી ઘેર આવતા હતા. બૉડ પાસે કુતરાનાં પગલાં

જોયાં. વાઘ કહે, “ મારા ઘરમાં આ કોણ પેઠું હશે? હું વાઘ જેવો વાઘ ! અને મારા ઘરમાં કોણ પેસી ગયું ? જરૂર કોઈ મારાથી ય જબરો હશે. ”

વાઘમામાને કુતરાની ગંધ આવતી હતી. પણ એતો કહે, “ હં. એ તો મેં વગડામાં ઘણા જનાવર મારી ખાધાં છે એની ગંધ આવે છે. ”

વાઘજીમામા તો આમ વિચાર કરે છે. ડરતા ડરતા ધીમે ધીમે પગલાં ભરતા આવે છે. એટલામાં હાબુભાઈ જાગી ગયા. હાબુભાઈ ગામમાં ચોકી કરતા એટલે ઘડીએ ઘડીએ જાગી જતા તેમ અહીં પણ જાગી ગયા. આંખ ઉઘાડી જુએ તો સામે કોઈ ઊભેલું. હાબુભાઈએ તો વાઘને કદી જોયેલો નહિ. એટલે એ તો કહે, “ કોઈ ચોર લાગે છે ! લાવ બચકું ભરૂં.”

આમ કરીને કુતરભાઈએ છલંગ મારી. એ તો બરાબર વાઘની પીઠ પર ચઢી ગયા ! પેલું મરેલું હરણ અને કુતરાભાઈ બેય નીચે ગબડી પડયા અને વાઘભાઈ તો જાય નાઠા. “ ઓય ! બાપ !, કોઈ માથાનો લાગે છે ! નાસ અહીંથી, નહિ તો હમણાં ફાડી ખાશે.”

વાઘભાઈ તો એવા નાઠા એવા નાઠા કે બે દિવસ સુધી ઘેર પાછા આવ્યા જ નહિ !

અને હાબુભાઈ ?

એ તો રાતે નિરાંતે ઝાડમાં સુતા. સવારે જાગીને જુએ તો મારેલું હરણ જોયું. એમને ખાતરી થઈ કે રાત્રે વાઘ મામા આવેલો પણ પોતે ખૂબ બહાદુરી કરી, બીવરાવી એને કાઢી મૂકયો છે. પછી તો એ ગાવા લાગ્યા:

" કુતરો વાઘ તણો લે જાન!
ભોળાને માથે ભગવાન."

હાબુભાઈ તો હરખાતા હરખાતા બકરીબ્હેનને પોતાની બહાદુરીની વાત કરવા પાછા ગામમાં ગયા. ખાધું પીધું મઝા કરી.

મગનો અને વાઘ

મગનો મોચી ઘણો ગરીબ. ગામ છેવાડે એક નાના સરખા ઝૂપડામાં પડી રહે. પણ બૈરી છોકરાંનું પેટ શી રીતે ભરવું ? બિચારો ઘણી ઘણી મહેનત કરે પણ બે છેડા મળે નહિ.

છેવટે એક વખત એ તો ઘરથી છાનો માનો કમાવા ઉપડ્યો. ચાલતાં ચાલતાં રસ્તામાં રાત પડી ગઈ એટલે એક વનમાં એણે તો મુકામ કર્યો. બરોબર રાત થઈ ત્યાં વાઘ વાઘણ બે આવ્યાં. એમણે મગનાને જોયો. મગનો બરાબર એમની બોડ ઉપર જ હતો.

વાઘવાઘણે અત્યાર અગાઉ ઘણા માણસો જોયા હતા. સૌ તેમનાથી બીને ભાગી જતા પણ આ તો નવાઈનો માણસ ! એમની બોડ ઉપર એમની સામે આવીને ઊભો રહ્યો ! વાઘવાઘણે વિચાર કર્યો કે આ માણસ બીજા સાધારણ માણસ જેવો નથી. નક્કી એ આપણા કરતાં વધારે જોરાવર હોવો જોઈએ, નહિ તો આપણી બોડ ઉપર આવી ઊભા રહેવાની એની હિંમત ચાલે ખરી ?

મગને વાઘવાઘણને જોયાં. એણે તો ધારી લીધું કે હવે મર્યા, પણ એને બદલે વાઘ ને વાઘણ તો પોતાને જોઈ થરથર ધ્રૂજતાં એણે જોયાં. પછી બચ્ચાનું શું ગજું? બચ્ચાં પણ અમની સોડામાં લપાયાં.

મગનો તો જુસ્સામાં આવી ગયો. વાઘવાઘણને પોતાથી ખરેખર બીતાં જોયાં એટલે એને અજબ હિંમત આવી.

ગજવામાં એણે હાથ નાખ્યા. અંદરથી સોય ને દોરો નીકળ્યાં. હાથમાં સોય દોરો લઈ તે હિમ્મતથી બોલ્યો, "ચાલો, આવી જાઓ. આજે આ સોય દોરાથી તમારાં નાક નાથવાનાં છે ને તમને ખેતરમાં હળે જોડવાના છે."

વાઘવાઘણ ને બચ્ચાં આ સાંભળી એવાં થથરે! એવાં થથરે! હાય! હાય! આપણને હવે હળે જોડશે ને ખેતર ખેડાવશે?

વાઘ આઘો ઊભો રહી આગલા પગ વાળી નમીને બોલ્યો, "આટલી વખત જવા દો. તમે કહો તો તમારા પગ આગળ સોનામહોરોનો ઢગલો કરીએ."

સોનામહોરોનો ઢગલો! મગનાએ આટલાં વર્ષ

મહેનત કૂટી કૂટી લોહીનું પાણી કર્યું હતું, તોયે એક મહોર કદી જોવા પામ્યો નહોતો. તે આ સાંભળી ખુશી ખુશી થઈ ગયો, પણ રૂઆબભેર બોલ્યો, " ઠીક, લાવો. "

વાઘવાઘણે બોડના એક ખૂણામાંથી ખોદી લાવી



જોતજોતામાં મગનાની સામે સોનામહોરોનો એક ઢગલો ઊભો કરી દીધો. મગનાએ બધી મહોરો પોટલીમાં બાંધી. પછી બોલ્યો, " જુઓ, આજે તો તમને જીવતાં જવા દઉં છું, પણ યાદ રાખજો, મારૂં નામ મગનો મોચી. "

મગનો સોનામહોરોની પોટલી લઈને ઘેર આવ્યો. મગનો રાતોરાત નાસી ગયો જાણી ઘરમાં બૈરી છોકરાં રડારોડ કરી રહ્યાં હતાં. ત્યાં તો મગનો છલંગ મારતો આવી પહોંચ્યો, અને ઘરની વચ્ચોવચ્ચ સોનામહોરોનો ઢગલો કરી સૌને ચકિત કરી નાખ્યા.

મગનાએ ફક્કડ બંગલો બંધાવ્યો. ગાડીઘોડા વસાવ્યા. નોકરચાકર રાખ્યા, પણ પૈસા ક્યાં લગી પહોંચે ? વળી પાછો તે તંગીમાં આવી પડયો. આ વખતે સાથે મોટો કોથળો લઈ એ વનમાં ગયો, અને પેલા વાઘની જ બોડ ઉપર જઈ ઊભો રહ્યો.

બોડમાં રમતગમત ચાલતી હતી, ત્યાં મગનાનો અવાજ સંભળાયો:—

“ વાઘ ને વાઘણુ કરજો ખેલ
હવે બનાવું તમને બેલ :
નાકમાં દોરો બાંધી દઉં
હળે બધાંને જોડી દઉં :
હું છું મગનો મોચી.”

આ સાંભળી વાઘ ને વાઘણ ખરેખરાં ગભરાયાં. એટલામાં મગનો હાથમાં સોય ને દોરો લઈને ખાડમાં ઊતરી આવ્યો.

વાઘ બીતો બીતો પણ હિમ્મત રાખી બોલ્યો, " વળી પાછા કેમ આવ્યા ? "



મગનો કહે, " ચાર વાઘ તો મેં નાથ્યા છે ને હળે જોડી દીધા છે. પણ બે ખૂટે છે. તેં આપેલી મહોરો તો બહુ થોડી હતી. એ તો બે દહાડામાં ખૂટી ગઈ. એના કરતાં તો તમને જોડી ખેતી કરાવવાથી ખૂબ રૂપિયા ઉપજે છે. માટે આજે તો

તમને બધાંને પકડી લઇ જવાં છે." પછી એ હુકમ કરતો હોય તેમ બોલ્યો, "તૈયાર!"

વાઘ કરગરીને કહે; "બાપજી! કહો તેટલા રૂપિયા આપું. પણ અમને બચાવો."

મગન કહે, "ઠીક છે; પહેલાં રૂપિયા લાવો, પછી વાત."

વાઘવાઘણે આખી બોડ ખોદી મહોરો ને હતાં તેટલાં સોનારૂપાનાં ઘરેણાં કાઢી ઢગલો કર્યો. આખો કોથળો ભરાઈ ગયો.

મગનો કોથળો મા...થે મૂકી હરખાતો હરખાતો ઘેર ગયો.

વાઘવાઘણે વિચાર કર્યો કે આ મગનો મોચી આમ ફરીફરીને આવશે ને આપણને સતાવશે માટે આનો કંઈ ઉપાય કરવો જોઈએ. એક શિયાળ એમનું દોસ્ત હતું. તેમણે એની સલાહ માગી. શિયાળ કહે, "અરે, એમાં શું? એવા મગના મોચીથી ડરી જતા હોઈશું? આ વખતે આવે તો બોલાવજો મને."

મગનાને પણ ખરેખરો લોભ વળગ્યો હતો. થોડા જ દિવસમાં એ પાછો વનમાં ગયો અને બોડ ઉપર જઇ બોલ્યો :

" વાઘ ને વાઘણ કરજો ખેલ
હવે બનાવું તમને બેલ.
નાકમાં દોરો બાંધી દઉં
હળે બધાંને જોડી દઉં
હું છું મગનો મોચી."

વાઘ ને વાઘણ બહાર આવ્યાં. મગનો રોફથી ડરાવતો બોલ્યો, " આ વખતે તમને છોડવાનો નથી. આ બે કોથળા ભરાય એટલી મહોરો આપો તો જ જવા દઉં."

વાઘ કહે, " ભલે એમ. તમે અહીં ઊભા રહો. અમે હમણાં મહોરો લઇને આવીએ છીએ."

મગનો ત્યાં ઊભો. વાઘ ને વાઘણ શિયાળને બોલાવવા ગયાં. થોડી વારે દૂરથી શિયાળની સાથે વાતો કરતાં આવતાં મગનાએ જોયાં. મગનો સમજી ગયો કે મહોરોને બદલે આ તો શિયાળ આવે છે,

માટે નક્કી આમાં કંઇ કાવતરૂં છે. એટલામાં તો શિયાળ પાસે આવી પહોંચ્યું ને બોલ્યું, "અરે, આ કે મગનો મોચી? આ તો જંગલી માણસ છે! એક ઘોલમાં પૂરો કરી નાખો."

એકદમ મગનાના મગજમાં વીજળીના ચમકારા પેઠે યુક્તિ સૂઝી. વાઘ તેના પર કૂદવા તૈયાર થાય તે પહેલાં તે રાડ પાડી બોલી ઊઠયો, "જુઠ્ઠા બેલ! દશ શિયાળ મંગાવ્યાં હતાં ને આ એક લઈને આવ્યો! આજ ને આજ મારે દવામાં દશ શિયાળ જોઇએ છે તે પૂરાં કર, નહિ તો હમણાં આ સોય—" બોલતાં બોલતાં મગનો સોય હાથમાં લઈ વાઘવાઘણ તરફ દોડયો.


હમણાં મગનો અમને બેલ બનાવી લેશે એ ભયથી વાઘ ને વાઘણ જાય ભાગ્યાં! અને શિયાળ? એ તો દશ શિયાળ દવામાં જોઇએ છે એ સાંભળી ક્યારનું યે પલાયન થઈ ગયું હતું.

તે દિવસથી શિયાળ અને વાઘની દોસ્તી તૂટી ગઈ; પણ મગનો મોચી ફરી વગડામાં પગ દેવાનું ભૂલી ગયો. એને થયું કે હવે આપણે વધારે લોભ કરવો નથી: નહિતર માર્યા જશું.

વાઘ મામો ને શિયાળ ભાણો

એક હતું શિયાળ.

તેના ઘર પાસે રાજાનાં બકરાંનો વાડો હતો. ધોળાં દૂધ જેવાં, અને કુણાં કુમળાં બકરાં જોઈ જોઈ ને શિયાળભાઇને કંઇ કંઈ થઇ જાય. ક્યારે હાથ આવે, ને ક્યારે ચાવી ખાઉં !



પણ ડાઘિયો કૂતરો રાજાનાં બકરાંની ચોકી કરતો. એ કૂતરાની નજર ચુકાવી વાડામાં શી રીતે જવાય ?

શિયાળભાઈ ગમે તેવા પણ બુદ્ધિશાળી હતા.

પોતાના ઘરમાં એમણે ખાડો ખોદવા માંડયો. ખોદતાં ખોદતાં બકરાંના વાડા સુધી ભોંયરું ખોદી નાખ્યું.

રાત્રે શિયાળ એ ભોંયરામાં થઈ વાડામાં ગયું. અને હડપ કરીને બકરાને મારવા જ્યાં કૂદવા જાય છે ત્યાં ગોવાળ જોઈ ગયો.

શિયાળભાઈ સપડાયા. ગોવાળે શિયાળને પકડીને ખીલા સાથે તાણીને બાંધી દીધું. પછી કહે, "સવાર થવા દેને. પછી જો તારી કેવી વલે થાય છે તે!"

શિયાળ તો થરથર કંપવા લાગ્યુ.

મધરાત થઈ. એવામાં એક વાઘ ત્યાં થઈને જતો હતો.

શિયાળને આમ નીચી મુંડીએ ઊભું રહેલું જોઈ વાઘ કહે, "કેમ ભાણા, અહીં આમ ઊભા ઊભા શું કરો છો?"

શિયાળ કહે, "ઓહો! મામા! નથી જાણતા? અહીં તો મારાં લગ્ન થાય છે."

વાઘ કહે, "લગ્ન થાય છે! કન્યા ક્યાં છે? લોકો ક્યાં છે? કોઈ કેમ દેખાતું નથી?"

શિયાળ કહે, "કન્યાને તે કંઈ જેવી તેવી છે! રાજાની કુંવરી સાથે લગન થવાનાં છે! લોકો સૌ કન્યાને તેડી લાવવા ગયા છે."

વાઘ કહે, "એમ! ત્યારે તને આમ બાંધ્યો છે કેમ?"

શિયાળ કહે, "એ જ વાત છે ને મામા! હું રહ્યો ગરીબ. રાજાની કુંવરી મારે ઘેર આવી રોજ નવું નવું ખાવાનું માગે, તે હું ક્યાંથી લાવીને આપું? મને કાંઇ તમારી જેમ શિકાર પાડતાં આવડે છે! એટલે હું પરણવા ના કહું છું. પણ રાજાનો સખત હુકમ છે, એટલે આ લોકો મને અહીં બાંધીને ગયા છે."

વાઘ કહે, "સાચે સાચ? તને પરણવાની બિલકુલ ઈચ્છા નથી?"

શિયાળ કહે, "નથી, નથી. એકસો ને આઠ-વાર નથી. પણ બીજું પરણવાવાળું કોણ નીકળે છે?"

વાઘ કહે, "હેં શિયાળભાઇ, તો તમે તમારી જગાએ મને બાંધી રાખીને અહીંથી જતા રહો ને!"

શિયાળને તો એટલુંજ જોઈતું હતું. એ કહે, “ધરમના કામમાં ઢીલ શી, મામા? લ્યો હમણાંજ.”

વાઘના આનંદનું તો પૂછવું જ શું? તરત અંદર જઈ શિયાળને છૂટું કરી નાખ્યું.

શિયાળે વાઘને થાંભલા સાથે સારી પેઠે કસકસાવીને બાંધ્યો. પછી કહે, “જુઓ મામા! એક વાત કહું, યાદ રાખજો. એ લોકો હવે તમારા કોણ થાય, ખબર છે?”

વાઘ કહે, “કોણ થાય?”

શિયાળ કહે, “એ થાય તમારા સાળા, સમજ્યા? વળી એ સૌ રહ્યા માણસ લોક. એટલે તમને જોઈને ઠઠ્ઠા મશ્કરી કરશે, અટકચાળાં પણ કરશે, પણ કશાથી યે તમે સામા થઈ જશો નહિ. તમે તમારે એ બધું જોઈ ખૂબ આનંદ થતો હોય તેમ હસજો.”

વાઘ કહે, “જરૂર, જરૂર. તું કહે છે તેમજ કરીશ, ભાણા!”

મામાને કન્યાની વાટ જોતા રાખી ભાણાભાઈ તો ત્યાંથી વિદાય થઈ ગયા.

સવાર થઈ. ગોવાળ આવી જુએ તો શિયાળને ઠેકાણે છલંગો મારતો વાઘ બંધાએલો !

એ તો જાય દોડયો. બીજા ગોવાળોને બોલાવી લાવ્યો. ધોકા ને પથરા લઇને સો દોડતા આવ્યા.

વાઘ આ બધા ટોળાને જેઈ મનમાં કહે, "આવો સાળાઓ, આવો ! પથરા ને લાકડીઓ લઈને આવ્યા છો, તે તમારે કરવી હોય એટલી મજાક કરો. હા–હા–હા."

વાઘ તો ગોવાળોને જેઇને હસવા લાગ્યો.

ગોવાળોએ પથરા ફેંકવા માંડયા ને બૂમો પાડવા માંડી, તેમ તેમ વાઘ વધારે ને વધારે હસવા લાગ્યો.

ગોવાળ કહે, "અલ્યા, જરા પાસે ચાલો. બરાબર બાંધેલો છે. એટલે શું કરવાનો છે?"

ગોવાળો વાઘની નજીક જઈ તેની પીઠ ને માથા ઉપર ધોકા લગાવવા મંડી પડયા. ધોકા પડતા જાય અને વાઘ દાંત કાઢી હસતો જાય, 'હા–હા–હા, હી–હી–હી.'

વળી એક જણે છૂટી લાઠી વાઘના માથામાં મારી એટલે વાઘ હસ્યો, ‘ હી-હી-હી-હી. ”

એટલામાં એક જણુ ભાલો લઇને આવ્યો. વાઘ એ જોઇ ‘ ઉં. હું :હું....હો-હો-હી-હી.-મને ખબર છે, તમે મારા સાળા છો.’ કહી જોસથી હસવા લાગ્યો.

પણ એ માણસે જ્યારે એ ભાલો વાઘના પેટમાં ખોસી દેવાના અખતરા કરવા માંડ્યા ત્યારે વાઘ ગુસ્સે થઇ ગયો અને ‘ મારે તો ભાઇ ! આવી કુંવરીને નથી પરણવું,” કહી દોરડું તોડી છલંગ મારી વનમાં નાસી ગયો.

જતાં જતાં એક ઝાડ તળે એક મોટા પાટડા ઉપર શિયાળ ભાણાને બેઠેલો જોયો.

મામાએ ભાણાને જોયો. ભાણાએ મામાને જોયો.

ઝાડ તળે એક મોટો પાટડો હતો. અડધો વહેરેલો હતો, અને વહેરાયેલાં પાટિયાં ભેગાં ન થઇ જાય એ માટે વચમાં લોઢાની છીણી ઘાલી રાખેલી હતી.

શિયાળભાઇ પાટડા ઉપર એ છીણી જોતા

બેઠા હતા.

વાઘ જઈને એની પાસે બેઠો.

શિયાળ કહે , "કેમ મામા,' કેવું લાગ્યું ?"

વાઘ કહે, "માણસલોક બહુ વિચિત્ર હોય છે. હું તો ખૂબ હસ્યો, ખૂબ હસ્યો, પણ એ લોકોની રમવાની રીત બહુ ખરાબ હતી. એટલે હું તો આવતો રહ્યો."

શિયાળ કહે, "ખરી વાત, મામા! માણસ-લોક બહુ વિચિત્ર હોય છે એટલે જ તો ભગવાને એમનું પૂછડું પડાવી લીધું છે!"

બંને જણ આમ વાતો કરતા બેઠા હતા. એટ-લામાં વળી શિયાળને બીજી ગમત કરવાનું મન થઈ આવ્યું એ કહે, "મામા! મામા! જુઓ તો ખરા. આ ખીલો મારી કોઈ પાટડો બગાડયો છે!

વાઘ છીણી જોઈ કહે, "હં, બહુ ખરાબ લાગે છે."

શિયાળ કહે, "એવું કોણ મુરખ હશે?"

વાઘ કહે, "એનું આપણે શું કામ છે? આપણે તો આ ખીલો કાઢી નાખીએ એટલે પત્યું."

શિયાળે છીણી હલાવવા માંડી. પછી કહે, "મામા, બહુ મજબૂત છે હોં !"

મામા કહે, "અરે, એમાં શું ! હમણાં ખેંચી કાઢું !"

શિયાળ તો સાચવીને બેઠું હતું. પણ વાઘ વહેરાયલા પાટિયા ઉપર બેઠો હતો, એટલે એની પૂંછડી બે પાટિયાંની વચ્ચે લટકતી હતી.

" શિયાળ કહે' "હાં મામા, ખેંચી કાઢો."

તરત જ મામાએ તો જોર કર્યું અને "ઓય મારા બાપ ! મરી ગયો રે !" એવી ચીસ પાડી વાઘ કૂદીને નીચે પડયો. છીણી નીકળી જવાથી વહેરાયેલાં પાટિયાં સડાક કરતાં ભેગાં થઈ ગયાં અને વાઘની પૂંછડી કડાક કરતી છુંદાઇ ગઇ. વાઘ બાંડો થઈ ગયો !

શિયાળને તો કાંઈ થયું નહોતું, પણ ખોટી ખોટી બૂમો મારવા લાગ્યો, "હાય રે, મામા ! મરી ગયો રે મામા ! ભાગો, ભાગો."

બંને જણ નાઠા. શિયાળને તો કંઈ થયું નહોતું, એટલે એ તો બરાબર દોડયું. પણ વાઘનું

પૂંછડું કપાઇ જવાથી તેમાંથી લોહી દડદડતું હતું.

વાઘને રાતે ખાવા નહોતું મળ્યું, એટલે કકડીને ભૂખ લાગી હતી. શિયાળભાઇ તો ધરાઇને હેઠા હતા.

વાઘ કહે, “ભાણા! ભૂખ નથી લાગી?”

શિયાળ કહે, “મામા, મેં તો ખાધું.”

વાઘ કહે, “શું ખાધું?”

શિયાળ કહે, “કુવેચ”

વાઘ કહે “કુવેચ? ત્યારે મને કેમ કહેતો નથી?” એમ કહી વાઘે તો કુવેચ લઈ લઈ ખાવા માંડી. ખૂબ ખાધી. ગળું ને જીભ કુવેચ ખાવાથી એવાં સોરાવા લાગ્યાં કે વાઘ તો ઊંચો ઊંચો કૂદે.

વાઘ કહે, “ભાણા! તને કુવેચથી કંઈ ન થયું?”

શિયાળ કહે, “ના, મામા.”

વાઘ કહે, “એમ કેમ?”

શિયાળ કહે, “તમે કહેવાવો વાઘ ને હું કહેવાઉં શિયાળ, પછી બંનેમાં એટલો ફેર ન હોય?”

વાઘ કહે, “હં.”

વાઘ તો એને ઘેર ગયો. બેચાર દહાડા થયા એટલે શિયાળ વાઘને મળવા ગયું. વાઘને હજી મટયું ન હતું. હાડકાં મારથી દુખતાં હતાં ને પૂંછડી કપાવવાથી દુખતી હતી.

વાઘ કહે, શિયાળ તું સાજું થઈ ગયું ?"

શિયાળ કહે, "હા, મામા."

વાઘ કહે, "તેં શી દવા કરેલી ?"

શિયાળ કહે, "મામા, શું કહું ? તમારાથી એ દવા નથી થાય એવી."

વાઘ કહે, "તારાથી થઈ ને મારાથી નહિ થાય ?"

શિયાળ કહે, "મામા, જરા અઘરૂં છે."

વાઘ કહે, "પણ કહેતો ખરો."

શિયાળ કહે, "મામા, મને તો પગ બહુ જ દુખતા હતા; એટલે હું તો એ પગને જ ચાવીને ખાઈ ગયો. પછી આ નવા ઊગ્યા. જુઓ ! કેવા સાજાસમા છે !"

વાઘ કહે, "એમ ! તો હું પણ મારા આ

પગને ચાવી ખાઉં તો ?"

શિયાળ કહે, "હા."

વાઘ તો એના પગને બચકાં ભરી ભરી ખાવા લાગી ગયો. છેવટે પગ વગરનો થઈ ગયો ને પડયો પડયો મરી ગયો.

શિયાળ બીજાં શિયાળને બોલાવી લાવ્યું ને મરેલા મામાની મોજથી મિજબાની ઉડાવી.



એક હતો વાઘ. એને રોજ રોજ નવું નવું સ્વાદિષ્ટ ખાવાનું બહુ ભાવે. પણ કોણ રાંધી આપે?

એક દિવસ વાઘ કહે, "આજે તો ગામમાં જઈ કોઈ માણસની છોકરી ઉપાડી લાવું એ રોજ રોજ નવું નવું રાંધશે."

વાઘ તો ઉપડયો. રાતે એક કુંભારના ઘરમાં પેસી ગયો ને એની છોકરી ઉપાડી લાવ્યો. વાઘે છોકરીને ઘરમાં રાખી.

રોજ ઉઠીને વાઘ સીધું સામાન લાવી દે, મરચું મશાલો લાવી દે, લાકડા પાણી લાવી દે ને કુંભારની છોકરીને કહે, "જો સરસ રાંધજે, નહિ તો તને ખાઈ જઈશ."

છોકરી તો બી ગઈ. વાઘના ઘરમાં કોને ગમે? છોકરીનો ભાઈ બેનને ખોળવા નીકળ્યો. ખોળતાં ખોળતાં અહીં આવી પહોંચ્યો. ભાઈએ બેનને ખાવા કરવા બેઠેલી જોઈ.

ભાઈ ને જોઈ બેન તો ખુશખુશ થઈ ગઈ. એ તો રાંધવાનું પડતું મૂકી ભાઈ ને બાઝી પડી.

ભાઈ કહે, "ચાલ ઘેર."

બેન કહે, "હમણાં વાઘ આવશે. પકડાઈ જઈશું તો તને ને મને બેઉને ખાઈ જશે. માટે આજે તો તું સંતાઈ જા."

ભાઈ કહે, "ક્યાં સંતાઈ જાઉં?"

બેન કહે, "પેલા ભંડારીઆમાં પેસી જા."

ભાઈ તો ભંડારીઆમાં સૂઈ ગયો. બેન ખાવા કરવા બેઠી. એટલામાં ખાઉં ખાઉં કરતો વાઘ આવ્યો.

છોકરીને કહે, "માણસ ગંધાય, માણસ ખાઉં; માણસ ગંધાય, માણસ ખાઉં. આટલામાં ક્યાંક માણસ છે."

છોકરી કહે, "એ તો તમે વગડામાં રોજ

માણસ મારીને આવો છો એટલે તમારૂં મોં ગંધાતું હશે. અહીં તે માણસ ક્યાંથી ?

વાઘ આમ જુએ ને તેમ જુએ, અને બૂમો પાડે : "માણસ ગંધાય, માણસ ખાઉં; માણસ ગંધાય, માણસ ખાઉં."

છોકરી કહે, "આટલામાં માણસ તો હું છું. હું ગંધાતી હોઉં તો લો મને ખાઈ જાઓ."

વાઘ કહે, "હાં આ છોકરી ગંધાય છે. ખરી વાત. પણ આ છોકરીને ખાઈ જાઉં તો પછી ખાવા કોણ કરી આપે ?"

વાઘ તો ચૂપ થઈ ગયો. બોલ્યા કર્યા વગર જમવા બેસી ગયો. વાઘ તો રસોઇનાં વખાણ કરતો જાય ને ખાતો જાય. "આજ તો કઢી સરસ થઈ છે. આ શાક બહુ જ સરસ છે. હવે તો એક દહાડો ભજીયાં થાય તો ઠીક."

છોકરી કહે, "તો કાલે જ કરીએ."

વાઘ ખુશ ખુશ થઇ ગયો. કહે, "કાલ તો હરણના માંસનાં ભજીયાં બનાવો."

બીજે દિવસે વાઘે એક હરણ મારીને ઘરમાં

લાવી નાખ્યું. પછી જંગલમાં ફરવા ચાલ્યો ગયો. બેને ભાઈને ભંડારિયામાંથી બહાર કાઢયો. પછી દેવતા સળગાવ્યો. ચૂલા ઉપર તેલને ખૂબ કકડાવ્યું. પછી ચૂલા ઉપર પેલું હરણુ બાંધ્યું.

હરણુના ઘામાંથી લોહી ટપકે, અને એનાં ટીપાં છનનન કરતાં ચૂલા પર મૂકેલી તેલની કઢાઈમાં પડે.

પછી ભાઈને બેન બેઉ જણુ ઘર ભણી નાસી ગયાં.

વાઘ તો વખત થયો એટલે ઘેર આવવા નીકળ્યો. બારણામાં પેસતાં ઘરમાંથી છનનન છનનન એવો અવાજ થતો સંભળાયો.

વાઘ કહે, " વાહ! સરસ ભજીયાં થાય છે! આજ તો ખાવાની ઓર મજા આવશે."

પછી અંદર આવી જુએ તો છોકરી ન મળે! બૂમો પાડી પણુ કોણુ બોલે?

વાઘ કહે, " આટલામાં ક્યાંક રમવા ગઈ હશે. હમણાં આવશે. લાવને એટલામાં ભજીયાં ખાતો જાઉં."

વાઘને ભજીયાં બહુ ભાવતાં હતાં. ખાવાના

રસમાં ને રસમાં એણે કઢાઈમાં મોં ઘાલ્યું. આખું મોં બળી ગયું.


પછી વાઘ કહે, "લાવ, જરા ફૂંકીને ખાઉં." વાઘે તેલમાં ફૂંકવા માંડ્યું. એક એવી ફૂંક મારી કે તેલ ઉછળીને આંખે બાઝ્યું. આંખો દાઝી ગઈ.

પછી કહે, "આતો બહુ ગરમ છે. જરા ઠંડું કરવા દે." એમ કહી પાણીનો એક ઘડો તેલમાં રેડ્યો. ભડભડ કરતો મોટો ભડકો થઈ ગયો. વાઘ તો એવો બીધો કે હાય બાપ ખાધા! કરતોકને જાય ભાગ્યો! ફરી એણે એ ઘરમાં પગ મૂક્યો નહિ.

સફરી દેડકા

બે હતા દેડકા. બેઉ ભાઈબંધ. એકનું નામ પાતળપગો ને બીજાનું નામ પાતળપેટો.

પાતળપગો એક ખેતરની વાડીમાં રહે. પાતળપેટો એક નાના ખાબોચિયામાં રહે.



પાતળપગો કહે, "મારું ઘર કેવું મઝાનું છે! દુનિયામાં આવો સુંદર બગીચો ક્યાંય નહિ હોય!"

પાતળપેટો કહે, "મારું ઘર કેવું સુંદર છે!

આવું સરોવર તો દુનિયામાં ક્યાંય નહિ હોય!"

એક દહાડો પાતળપગો એના બગીચામાં બેઠો હતો. ત્યાં થઈને બે માણસો વાતો કરતાં નીકળ્યા. એક માણસ કહે, "સુંદરવન તે સુંદરવન જ છે. કેવું સુંદર! એવો વિશાળ બાગ ધરતીના પડ પર બીજે ક્યાંય નહિ હોય. હું તો ફરી ફરીને થાકી ગયો પણ એનો છેડો જ ન આવે."

પાતળપગો આ સાંભળતો હતો. એ કહે, "આહો! સુંદર વન એવો મોટો બાગ છે! મારા આ બગીચાથી પણ મોટો હશે એમ? તો ચાલ ત્યારે, ખોળી કાઢું. એવડો મોટો હોય તો કંઈ ઢાંક્યો રહેશે? પણ જવું કઈ તરફ?"

પછી એ કહે, "એવડો મોટો એ બાગ હશે તો ગમે ત્યાં જઈશ તો યે દેખાશે. ચાલવા દે. સીધા સીધા નાકની દાંડી તરફ." એણે ઘરથી ઉગમણી દિશાએ ચાલવા માંડ્યું.

પેલા માણસો થોડેક આગળ ગયા. ત્યાં પાતળ-પેટાનું ઘર આવ્યું એટલામાં બીજો માણસ બોલ્યો :

“અરે શું વાત કહું? દરિયો તો જોયો હોય તો જ ખબર પડે કે કેવડો મોટો! કેટલું બધું પાણી? ગામનાં ગામ ડુબી જાય તોયે ખબર ન પડે.”

પાતળપેટો બારણામાં ઊભો ઊભો આ સાંભળતો હતો. એ કહે, “દરિયો શું એવો મોટો છે! મારા સરોવર કરતાં યે એમાં વધારે પાણી હશે એમ? આથી ય મોટો હશે એ? શું કહે છે! તો ચાલ ત્યારે, ખોળી કાઢું. એવડો મોટો હોય તો એને જોયા વગર કંઈ ચાલે? પણ જવું કઈ તરફ?

પછી એ કહે, “એવડો મોટો એ દરિયો હશે તો ગમે ત્યાં જઈશ તો ય દેખાશે. ચાલવા દે સીધા સીધા નાકની દાંડી તરફ.”

એણે ઘરથી આથમણી દિશા તરફ ચાલવા માંડયું.

પાતળપગો ચાલ્યો ઉગમણી તરફ. પાતળપેટો ચાલ્યો આથમણી તરફ. બેઉ સામસામા ઠેકઠેકા કરતા ચાલ્યા જાય છે.

એકબે ઠેકડા માર્યા ત્યાં તો પાતળપગાના મનમાં થયું: " હું નવો બાગ શોધવા જાઉં છું એ કંઈ જેવી તેવી બહાદુરી છે? પણ હું આમ કૂદતો કૂદતો જાઉં એ તો ખરાબ દેખાય. મારે તો પંડિ-તની પેઠે ચાલવું જોઈએ. પંડિત લોકો આમ ઠેકડા મારતા ન ચાલે. એ તો હાથમાં છત્રી લઈ, બે પગે આમઆમ હાથ હલાવતા ચાલે."

તરત જ પાતળપગો ઘેર પાછો ગયો. હાથમાં છત્રી લીધી. અને બે પગપર ઊભા રહી પંડિતની પેઠે ચાલવા માંડયું.

પેલા પાતળપેટાને ય એવું થયું.

એ કહે, " હું નવો દરિયો શોધવા જાઉં છું! એ કંઈ જેવી તેવી વાત છે? પણ આમ કૂદતો કૂદતો જાઉં એ તો ખરાબ દેખાય. મારે તો પંડિતની પેઠે ચાલવું જોઈએ. પંડિત લોકો આમ ઠેકડા મારતા ન ચાલે. એ તો હાથમાં છત્રી લઈ, બે પગે—આમઆમ હાથ હલાવતા ચાલે."

તરત જ પાતળપેટો ઘેર પાછો ગયો. હાથમાં

છત્રી લીધી અને બે પગપર ઊભા રહી પંડિતની પેઠે ચાલવા માંડયું.

પાતળપગો ચાલ્યો ઉગમણી તરફ. પાતળપેટો ચાલ્યો આથમણી તરફ. બેઉ જણુ હાથમાં છત્રી લઈ સામસામા ચાલ્યા. પણ બેમાંથી એકેયને બે પગે ચાલતાં ન આવડે. ડગલે ડગલે પડી જાય. કોઈ દહાડો ચાલ્યા હોય તો ને?

પાતળપગો દશ ડગલાં ચાલ્યો. પાતળપેટો દશ ડગલાં ચાલ્યો.

એટલામાં બેઉ જણુ થયા ભેગા.

પાતળપગો કહે, "કોણુ, ભાઈ પાતળપેટો? કેમ કઈ તરફ આપની સવારી?"

બંને હરખથી ભેટયા. સુખદુઃખની વાતો કરી. પછી પોતપોતાની સફરનો હેતુ કહ્યો.

પાતળપગો કહે, "અરે ભાઈ! મારા ઘર કરતાં મોટો બાગ બીજો હોય ખરો? હોય તો આટલું આટલું ચાલ્યો છતાં હજી આવે નહિ?"

પાતળપેટો, "અરે ભલા! મારા ઘર કરતાં મોટો દરિયો બીજે કયાંયે હશે? અને એવો મોટો

દરિયો હોય તો આટલું બધું ચાલ્યો છતાં હજી આવે નહિ ?"

બેઉ જણ કહે, "ચાલો ત્યારે, આપણે પેલા ટેકરા પર ચઢી જોઈએ : એવો મોટો બાગ હશે તો તરત દેખાશે. એવો મોટો દરિયો હશે તો કંઈ ઢાંકયો રહેશે ?"

બેઉ જણ ચડયા ટેકરા પર. ચારે પગે થઈ ને પાતળપગાએ ઉગમણી તરફ જોયું. ડોળા ખેંચી ખેંચી જોયું પણ મોટો બાગ દેખાયો નહિ. પાતળ-પેટાએ પણ તેવી રીતે આથમણી તરફ ખૂબ જોયું, ડોળા ખેંચી ખેંચી જોયું પણ મોટો દરિયો દેખાયો નહિ.

પછી પાતળપગો કહે, "અરે ! ભૂલ થઈ. આપણે દેડકાની રીતે જોઈએ તે કેમ જડે ? આપણે તો માણુસની પેઠે જોવું જોઈએ."

બેઉ જણ માણુસની પેઠે જોવા લાગ્યા. બે પગ પર ઊભા થઈ ડોક વાળી વાળી જોવા લાગ્યા એટલે પેટ થયું આગળ ને આંખો ગઈ પાછળ.

પાતળપગો એકદમ બોલી ઊઠયો: આહો! કેવો સરસ બાગ છે! ખરેખર સુંદર વન તે સુંદર વન છે. એના જેવો દુનિયામાં બીજો બાગ નહિ હોય."

પાતળપેટો પણ માણસની રીતે જોઇને એકદમ બોલી ઊઠયો, "જડયો, જડયો, દરિયો જડયો! આહોહો! કેવડો મોટો છે! આવો મોટો દરિયો દુનિયામાં બીજો કયાંથી હોય?"

પેટ આગળ ને આંખો પાછળ થવાથી બેઉ જણે પોતપોતાનું ઘર જોયું હતું. અને પોતાના ઘરને જ પાતળપગો સુંદર વન કહેતો હતો અને પાતળપેટો દરિયો કહેતો હતો!

આવી રીતે મહાન શોધ કરી બંને ભાઈબંધ હરખાતા હરખાતા ઘેર ગયા.

શેરડીનું ફળ

એક હતો શિયાળ.

એને શેરડી બહુ ભાવે.

એક વખત એ એક શેરડીના ખેતરમાં ગયો.

ખેતરમાં એક શેરડીના સાંઠા પર મધપૂડો બાઝેલો હતો.

શિયાળ કહે, " આહો ! આ તો શેરડીનું ફળ ! શેરડી આવી મીઠી છે તો શેરડીનું ફળ તો કેવુંય મીઠું હશે ? લાવ ને, આજે તો એ ફળ જ ખાઉં.'

એમ કહી કૂદકો મારી શિયાળ ફળ ખાવા ગયો ત્યાં તો—

મધપૂડામાંથી માખીઓ છૂટી, ને, શિયાળનાં નાક, મોં, માથું, ને આખે શરીરે ફરી વળી. ખૂબ ડંખ દીધા. શિયાળ તો જાય નાઠો.

ઘેર જઈ કહે, “ નારે બાપ, મારે તો હવે શેરડીના ખેતરમાં જ નથી જવું.”

એક દિવસ થયો, બે દિવસ થયા. ડંખની વેદના જરા ઓછી થઇ, એટલે શેરડી ખાવા મોંમાં પાણી વળવા લાગ્યું.

શિયાળ કહે, “ હં, શેરડીનું ફળ ખરાબ છે. શેરડી તો સરસ છે. શેરડી ખાઇશ, શેરડીનું ફળ નહિ ખાઉં.”

એમ ધારી એ ખેતરમાં ગયો, અને ખૂબ શેરડી ખાધી. આમ બેચાર દહાડા થયા. ડંખની વેદના હવે સાવ મટી ગઈ.

પછી શિયાળ કહે, “ અરે ! હાલ. હું ય કેવો મૂરખ છું ! એ તો શેરડીનું ફળ બહુ મીઠું ખરું ને, એટલે એમાં જીવડાં ભરાયેલાં. અને એ જીવડાં જ મને કરડી ગએલાં. જરા ખંખેરી નાખ્યાં હોય તો એ તો પડી જાય. પછી ફળ ખાવાની જે મજા ! જે મજા ! શેરડી આવી મીઠી છે તો એનું ફળ તો કેવું ય મીઠું હશે !’

આમ કહી શિયાળ તો શેરડીનું ફળ ખાવા ગયો

હાથમાં એક લાકડી લીધી. પછી મધપૂડા પાસે ઊભા રહી, લાકડી નાખી મધપૂડો હલાવ્યો. એકદમ–

ગુણુ ગુણુ ગુણુ ગુણુ કરતી માખીઓ છૂટી. ને શિયાળને એવી તો બાઝી કે બાપોકારબૂમો પાડતો શિયાળ જાય ભાગ્યો.

પછી તો એ કહે, "શેરડી બાપડી સારી પણુ એનું ફળ બહુ ખરાબ !"

ડોસો અને છોકરાં

એક હતો ડોસો. એ નિત ઉઠીને નદીએ જાય. ને માછલાં મારે. એમ કરતાં દહાડે દહાડે માછલાં નદીમાં ઓછાં થવા માંડયાં.

નદી કહે, આમ તો બધાં માછલાં ડોસો મારી નાખશે, પછી મારા પાણીમાં કોણ રમશે? પછી મને મા, મા કહી કોણ બોલાવશે?

માછલાં નદીને કહે. મા મા, આ એક ડોસો બહુ ખરાબ છે. નિત ઉઠીને અમને મારી ખાવા આવે છે.

હવે શું કરવું?

ગામનાં છોકરાં રોજ નદીએ નહાવા આવે. હસતાં જાય, રમતાં જાય, ગાતાં જાય, ને કૂદતા જાય.



એક દહાડો નદી એ છોકરાને કહે, 'બચ્ચાં રે!'

છોકરાં કહે, 'શું કહો છો નદીમા ?'

નદી 'મારું એક કામ ના કરો ?'

છોકરાં-'કેમ ના કરીએ મા ?'

નદી–'એક ડોસો રોજ અહીં આવે છે, ને મારાં માછલાંને પકડી મારી નાખે છે. તમે એવું કરો કે એ ડોસો આવે એટલે તમારે હો હો હો કરીને ખૂબ ખૂબ બૂમો પાડવી એટલે મારાં માછલાં બધાં પાણીમાં સંતાઈ જશે. પછી ડોસો શું કરશે?

છોકરાં–ઓહો એ જ ને ? એમાં શું ? એમાં તો

ઊલટી અમને મજા પડશે.

સાંજ પડી ને ડોસો આવ્યો.

ડોસો આવ્યો કે છોકરાંએ હો હો હો હો કરીને બૂમો પાડવા માંડી ને પાણી ઊછળવા માંડ્યું. બધાં માછલાં પાણીમાં સંતાઈ ગયાં.

ડોસાએ બહુ બહુ મહેનત કરી. બહુયે જાળ નાખી પણ એકે માછલું પકડાયું નહિ.

ડોસો ખુબ ચિડાયો, પણ શું કરે?

બીજો દિવસ થયો.

ડોસો ફરી આવ્યો.

ડોસાને જોઈ છોકરાંએ ફરી હો હો હો હો કરવા માંડ્યું. માછલાં બધાં સંતાઈ ગયાં.

ડોસો બહુ ચિડાયો. પણ શું કરે?

વીલે મોંએ પાછો ગયો.

ત્રીજો દિવસ થયો.

ડોસો ફરી આવ્યો.

ડોસાને જોઈ છોકરાંએ ફરી હો હો હો હો કરવા માંડ્યું. માછલાં બધાં સંતાઈ ગયાં.

ડોસાએ બહુએ કર્યું, પણ એકે માછલું પકડાયું નહિ. આ વખતે ડોસો સમજી ગયો કે છોકરાં બૂમો પાડે છે એટલે માછલાં સંતાઈ જાય છે. તે છોકરાંને ગાળો દેતો ઘેર ગયો.

ચોથે દિવસ પણ એવું થયું. પાંચમે દિવસ પણ એવું થયું.

ડોસાએ પછી પક્ષીઓ મારવાનું શરુ કર્યું. રોજ ગામની સીમમાં જાય. જાળ નાખે, દાણા વેરે, પછી સંતાઇ જાય. પક્ષીઓ દાણા દેખી ખાવા ઊતરે, જાળ પર બેસે, ને પકડાઈ જાય.

આમ ડોસો તો ઘણાં પક્ષીઓ મારે.

વડ કહે, 'મારાં પક્ષીઓ રોજ રોજ ઓછાં થતાં જાય છે. બધાં આમ મરી જશે તો મારા દરમાં કોણ રહેશે? મને મીઠાં મીઠાં ગાયનો કોણ સંભળાવશે? મને દાદાજી કહી કોણ બોલાવશે?'

આંબો કહે, 'આમ બધાં પક્ષીઓ મરી જાય જાય તો મારી સાખો કોણ ચાખી જોશે? મારે પાંદડે પાંદડે કોણ ચાંચ ફેરવશે?'

પીંપળો કહે, ‘આમ પક્ષીઓ મરી જશે તો મારી ડાળીએ ડાળીએ કોણ હીંચોળા ખાશે ?’

ગામનાં છોકરાં રોજ ઝાડ તળે રમવા આવે. તડકી છાંયડી રમે, આમલી પીપળી રમે, કંઈ કંઈ રમે.

એક દહાડો બધાં ઝાડ ભેગાં થઈને વડને કહે, ‘દાદા, તમે બધાંથી મોટા છો. તમે કંઈ આનો રસ્તો કરો.’

વડ કહે, ‘ભલે ત્યારે.’

ગામનાં છોકરાં રમવા આવ્યાં.

વડ કહે, ‘છોકરાં રે, અહીં આવો.’

છોકરાં તો વડદાદાને વળગી પડયાં.

વડ—‘મારું એક કામ કરશો ?’

છોકરાં—‘શું કામ છે ? કહો, કહો.’

વડ—‘એક ડોસો રોજ અહીં આવે છે, ને મારાં રૂપાળાં પંખીઓને મારી લઈ જાય છે. તમે એવું કરો કે એ ડોસો આવે એટલે તમારે હો હો હો હો કરીને ખૂબ બૂમો પાડવી એટલે મારાં પંખીઓ તેમનાં ઘરમાં સંતાઈ રહેશે. પછી ડોસો શું કરશે?’

છોકરાં કહે, 'ઓહો ! એ જ ને? વાહ! એમાં શું ? એ તો ઊલટી અમને ગમ્મત થશે.'

છોકરાં રમે છે. ધીરે ધીરે ડોસો આવે છે.

ડોસાને જોયો કે છોકરાંએ હો હો હો હો કરીને બૂમો પાડવા માંડી ને આખી સીમ ગજાવી મૂકી. પંખી બધાં સંતાઈ ગયાં. બધે શુમશુમાકાર થઈ ગયું. કોઇ બોલે કે ચાલે.

ડોસાએ તો જાળ નાખી, ઉપર દાણા વેર્યા, ને સંતાઈ બેઠો. બહુ વાર બેઠો. પણ કોઈ પક્ષી આવે જ નહિ. બધાં સંતાઇ ગયાં હતાં, પછી ક્યાંથી આવે ? ડોસો ચિડાયો. લાકડી ઠોકતો ઠોકતો ઘેર ગયો.

બીજે દિવસ થયો.

ડોસો ફરી આવ્યો.

ડોસાને જોઈ છોકરાંએ ફરી હો હો હો હો કરવા માંડ્યું. પંખીઓ બધાં સંતાઈ ગયાં. બધે શુમશુમા-કાર થઈ ગયું ! કોઈ બોલે કે ચાલે.

ડોસાએ જાળ નાખી. દાણા વેર્યા. સંતાઈ બેઠો.

બહુ વાર બેઠો—બહુ વાર બેઠો. પણ એકે પંખી આવ્યું નહિ.

ડોસો ખૂબ ચિડાયો. એ કહે, " નક્કી, આ છોકરાઓ બૂમો પાડે છે તેથી પંખીઓ સંતાઈ જાય છે.

ડોસાને છોકરાં ઉપર રીસ ચડી.

ડોસો તો લાકડી લઈ છોકરાં પાસે ગયો. એકે-એક બધાં છોકરાંને પકડી લીધાં. ખેંચતો ખેંચતો એક મોટી ગુફા હતી ત્યાં લઈ ગયો અને બધાંને એ ગુફામાં પૂરી દીધાં. પછી મોટો પથ્થર લાવી ગુફાનું બારણું બંધ કરી દીધું.

' હાશ ' કરી ડોસો જતો રહ્યો.

છોકરાં તો ગુફામાં પૂરાયાં હવે શું કરવું ? ભૂખ પણ લાગી હતી. તો યે એ તો સૌ કૂદે ને નાચે.

વડદાદા બધું જોઈ રહ્યા હતા. એમણે પંખી-ઓને બધી વાત કરી. પંખીઓ ચાંચમાં દાણા લઈને આવ્યાં. ગુફામાં એક બાકું હતું. એ બાકાંમાંથી

પંખીઓએ દાણા નાખ્યા ને છોકરાંએ ખાધા. આમ રોજ ચાલે.

એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ થઈ ગયા. છોકરાંઓથી બહાર નીકળાતું નથી.

નદીને ખબર પડી. માછલાંને ખબર પડી.

નદી કહે, 'છોકરાં બિચારાં તરસે મરતાં હશે.'

માછલાં કહે, 'છોકરાં બિચારા મા મા કરતાં હશે'

પછી નદીમા એવી ભારે રેલ આવી કે શું વાત કહું ? પાણી તો ઊંચું ને ઊંચું ચડતું જાય. ખુબ ચડયું. ખુબ ચડયું પેલા છોકરાં પુરાયેલાં હતાં તે ગુફા સુધી પહોંચ્યું.

નદીમાને જોઈ છોકરા ખુશ ખુશ થઈ ગયાં ને નાચવા મંડી પડયાં.

માછલાં પણ નદીના પાણીમાં તરતાં તરતાં આવી પહોંચ્યાં.

માછલાં કહે, 'ચાલો, સૌ ચડી જાઓ અમારી પીઠ પર. તમને તમારી મા પાસે જઈને મૂકી આવીએ.'

સૌ છોકરાં માછલાંની પીઠ પર બેસી ગયાં. માછલાં તો તરતાં તરતાં નીકળ્યાં અને જ્યાં એ છોકરાંનાં માબાપ હતાં ત્યાં જઇને બરાબર મૂકી દીધાં.

પછી......

ખળખળ કરતું નદીનું પાણી ઊતરવા માંડ્યું. નદી હતી તેવી થઈ ગઈ.

પેલો ડોસો ક્યાં ગયો એની કોઇને પણ ખબર પડી નહિ.

પણ છોકરાંઓ તો આજે પણ નદીના પાણીમાં ને ઝાડોની ઘટામાં પહેલાંના જેવી લહેર કરે છે.

રીંછ અને વરૂ

ત્રણ રીંછ હતાં.

એક વખત એ નસીબ અજમાવવા નીકળ્યાં. ત્રણે રીંછ ત્રણ જુદી જુદી દિશાએ ગયાં.

એક ગયું પૂર્વમાં.

બીજું ગયું ઉત્તરમાં.

ત્રીજું ગયું દક્ષિણમાં.

પૂર્વમાં જે રીંછ ગયું તેને એક માણસ મળ્યો. માણસને માથે બરૂનો ભારો હતો.

રીંછ કહે: ' ભાઇ માણસ, ભાઇ માણસ, મને થોડાં બરૂ દે. '

માણસ કહે: ' તું શું કરીશ ? '

રીંછ કહે: ' હું ઘર બાંધીશ, ને એમાં રહીશ. '

માણસે થોડાં બરૂ રીંછને આપ્યાં.

રીંછે બરૂનું ઝૂપડું બાંધ્યું. ને અંદર રહ્યું.

એ વનમાં એક વરૂ રહે. બહુ જબરૂં ને બહુ ભયંકર. એ કહેઃ ‘ આ બચ્ચું ઠીક હાથમાં આવ્યું છે. ચાલ, આજે તો એનો નાસ્તો કરૂં. ’

રાત પડી.

રીંછ ઘરમાં બેઠું હતું. એટલામાં વરૂ આવ્યું. બહાર ઊભું ઊભું બોલવા લાગ્યુંઃ ‘ રીંછભાઇ, રીંછભાઈ, કમાડ ઉઘાડો. તમારા કાકા મળવા આવ્યા છે. ’

રીંછ કહેઃ ‘ મને ઊંઘ આવે છે. કાલે આવજે.’

વરૂ કહેઃ ‘ ઉઘાડ, નહિ તો આખું ઘર ફૂંકે ઉડાડી દઇશ. ’

રીંછ કહેઃ ‘ ઉડાડી દે. ’

વરૂએ ફૂં ફૂં ફૂં ફૂંકવા માંડયું. એ તો ખૂબ ફૂંકે, ખૂબ ફૂંકે. ફૂંકે બચ્ચુનું ઘર ઉડી ગયું. રીંછ ઘર વગરનું થઈ ગયું.

વરૂને પછી રીંછને થારી ખાધું.

(૨)

બીજું રીંછ ઉત્તર દિશા તરફ ગયેલું. તેને

રસ્તામાં એક માણસ મળ્યો. એને માથે બરૂનો ભારો હતો.

રીંછ કહે: 'હાં જવા દો. બરૂને શું કરૂં?' આગળ જતા બીજો માણસ મળ્યો. એને માથે લાકડાંનો ભારો હતો.

રીંછ કહે: 'ભાઇ માણસ, ભાઈ માણસ, મને થોડાં લાકડાં દે.'

માણસ કહે: 'તું શું કરીશ?'

રીંછ કહે: 'હું ઘર બાંધીશ. ને એમાં રહીશ.'

માણસે રીંછને થોડાં લાકડાં આપ્યાં. રીંછે લાકડાનું છાપરૂં બાંધ્યું, ને અંદર રહ્યું.

એ વનમાં એક વરૂ રહે. બહુ જબરૂં ને બહુ ભયંકર. એ કહે: 'આ બચ્ચું ઠીક હાથમાં આવ્યું. છે. ચાલ, આજે તો એનો નાસ્તો કરૂં.'

રાત પડી.

રીંછ ઘરમાં બેઠું હતું.

એટલામાં વરૂ આવ્યું. બહાર ઊભું ઊભું બોલવા માંડયું: 'રીંછભાઈ, રીંછભાઈ, કમાડ ઉઘાડો.

તમારા કાકા મળવા આવ્યા છે.'

રીંછ કહે: ' મને ઊંઘ આવે છે, કાલે આવજે.'

વરૂ કહે: ' ઉઘાડ, નહિ તો આખું ઘર ફૂંકે ઉડાડી દઇશ.'

રીંછ કહે: ' ઉડાડી દે.'

વરૂએ ફૂ ફૂ ફૂં ફૂંકવા માંડયું. એ તો ખૂબ ફૂંકે. ફૂંકના ઝપાટાથી રીંછનું લાકડાનું ઘર પડી ગયું.

રીંછ ઘર વગરનું થઇ ગયું.

વરૂએ પછી રીંછને મારી ખાધું.

[૩]

ત્રીજું રીંછ દક્ષિણ દિશા તરફ ગયેલું. તેને રસ્તામાં એક માણસ મળ્યો. એને માથે બરૂનો ભારો હતો. રીંછ કહે: ' હં, જવા દો. બરૂને હું શું કરૂં ?' આગળ જતાં બીજો માણસ મળ્યો. એને માથે લાકડાંનો ભારો હતો. રીંછ કહે: ' હં, જવા દો. લાકડાં તો બહુ પોચાં. એને શું કરૂં ?' પછી આગળ જતાં ત્રીજો માણસ મળ્યો. એ ઇંટ ને ચુનો વહી જતો હતો.

રીંછ કહે—: ‘ભાઇ માણુસ, ભાઈ માણુસ, મને થોડાં ઈંટ ચૂનો દે.’

માણુસ કહે: ‘તું શું કરીશ ?’

રીંછ કહે: ‘હું ઘર બાંધીશ. ને એમાં રહીશ.’

માણસે રીંછને થોડાં ઇંટ ચૂનો આપ્યાં. રીંછે ઈંટ ચૂનાનું પાકું ઘર બાંધ્યું. ને એમાં રહ્યું.

એ વનમાં એક વરૂ રહે. બહુ જબરૂં ને બહુ ભયંકર. એ કહે: ‘આ બચ્ચું ઠીક હાથમાં આવ્યું છે. ચાલ, આજે તો એનો નાસ્તો કરૂં.’

રાત પડી. રીંછ ઘરમાં બેઠું હતું. એટલામાં વરૂ આવ્યું. બહાર ઊભું ઊભું બોલવા લાગ્યું: ‘રીંછભાઇ, રીંછભાઇ કમાડ ઉઘાડો. તમારા મામા મળવા આવ્યા છે.’

રીંછ કહે: ‘મને ઉંઘ આવે છે. કાલે આવજો.’

વરૂ કહે: ‘ઉઘાડ, નહિ તો આખું ઘર ફૂંકે ઉડાડી દઇશ.’

વરૂએ ફૂંફૂંફૂંફૂં ફુંકવા માંડયું. એ તો ખૂબ ફુંકે. રીંછનું ઘર પાકું ઈંટ ચૂનાનું હતું. એને તો

કંઈ ન થયું.

અંદરથી ઘેટું કહે: ‘ ફુંકો મામા, ફુંકો ! જરા વધારે ફુંકો ! ’

વરૂ તો ચીડાયું. તે કહે: ‘ આ રીંછને ગમે તેમ કરીને મારી ખાઉં ત્યારે મારૂં નામ વરૂ. ગમે તે રીતે એને છેતરી ફસાવું તો હું ખરો.’

આમ વિચારી વરૂ કહે: ‘ રીંછભાઈ, રીંછભાઈ, મેં એક સરસ જામફળનું ઝાડ જોયું છે. જામફળ એવાં તો પાકીને ગલ થયાં છે કે ન પૂછો વાત ! ખાવાની બહુ મઝા પડશે. તમે આવશો ? ’

રીંછ કહે: ‘ હા, મામા. ક્યાં છે એ જામફળી?’

વરૂ કહે: ‘ પણે, ઉગમણી દિશામાં એક બગીચો છે, ને એ બગીચામાં સરસ જામફળી છે. તું મારી સાથે આવીશ ને ? હું અહીં સવારે સાત વાગતાં આવીશ. પછી આપણે બેય સાથે જામફળ ખાવા જઈશું.’

રીંછ કહે: ‘ સારૂ, મામા. તમે જરૂર કાલ સવારે સાત વાગતાં આવી જજો.’

વરૂ કહે. 'હા.'

વરૂ તો ખુશ થતું થતું ઘેર ગયું. એના મનમાં એમ કે કાલે જામફળ ખાવા રીંછ આવશે એટલે એને રસ્તામાં ફાડી ખાઇશ.

પણ રીંછ તો સવારે છ વાગે ઉઠયું. ને વહેલું વહેલું બગીચામાં જઇ બધાં પાકાં જામફળ વીણી લઈ સાત વાગતાં પહેલાં ઘેર પાછું આવી ગયું.

સાત વાગે વરૂ આવ્યું. તે કહે! 'કેમ ભાણાભાઈ, જામફળ ખાવા આવો છો ને?'

રીંછ તો ખડખડ હસવા લાગ્યું: 'અરે, મામા! તમે આવ્યા નહિ એટલે હું એકલું જઈને ખાઈ આવ્યું. હવે ફરી કોણ આવે?'

વરૂને બહુ રીસ ચડી. એના મનમાં કે આમ તેને છેતરીને ખાઇ જવાશે. પણ તે તો છેતરાયું નહિ. એટલે પછી એ કહે: "ભાણાભાઇ, ભાણાભાઈ, મેં એક સરસ સીતાફળી જોઇ છે. પાકાં પાકાં ગલ જેવાં ઢગલાંબંધ સીતાફળ બેઠાં છે. ખાવાની બહુ મજા પડશે. આવશો?'

રીંછ કહે: 'હા, મામા. ક્યાં આવી એ સીતાફળી?'

વરૂ કહે: 'પણે, આથમણી દિશામાં એક બગીચો છે. એ બગીચામાં સરસ સીતાફળી છે. તું મારી સાથે આવીશ ને? હું સવારે છ વાગતાં પહેલાં આવી જઈશ. પછી આપણે બેઉ સાથે સીતાફળ ખાવા જઈશું!'

રીંછ કહે: 'સારૂં મામા. તમે જરૂર કાલે સવારે છ વાગતાં આવી જજો. બહુ વહેલા ના આવશો. મારાથી વહેલા ઉઠાતું નથી.'

વરૂ કહે: 'ભલે.'

વરૂ તો ખુશી થતું થતું ઘેર ગયું: એના મનમાં એમ, કે કાલે સીતાફળી ખાવા રીંછ આવશે, એટલે એને રસ્તામાં ફાડી ખાઇશ.

પણ રીંછ તો સવારે પાંચ વાગે ઊઠયું ને વહેલું વહેલું બગીચામાં જઇ બધાં પાકાં સીતાફળ વીણી લઈ છ વાગતાં પહેલાં ઘેર પાછું આવતું રહ્યું.

છ વાગે વરૂ આવ્યું. તે કહે; 'કેમ ભાણાભાઈ, સીતાફળ ખાવા આવો છો ને?'

રીંછ ખડખડ ખડખડ હસવા લાગ્યું: 'અરે મામા! તમે આવ્યા નહિ, એટલે હું એકલું જઈને ખાઈ આવ્યું. હવે ફરી કોઈ આવે?'

વરૂને બહુ રીસ ચડી.

બીજી વાર પણ રીંછ તો સપડાયું નહિ. ગમે તેમ પણ એને છેતરવું તો જોઈએ. આવડું અમથું રીંછ પને છેતરી જાય. એ મારાથી કેમ સહન થાય?

વરૂ કહે: 'ભાણાભાઈ, ભાણાભાઈ, મેં એક સરસ દાડમડી જોઈ છે. પાકાં પાકાં સરસ દાડમ છે. ખાવાની બહુ મજા પડશે. આવીશ?'

રીંછ કહે: 'હા, મામા. કયાં આવી એ દાડમડી?'

વરૂ કહે: 'પણે, દક્ષિણમાં એક બગીચો છે. એ બગીચામાં સરસ મજાની દાડમડી છે. તું મારી સાથે આવીશ ને? હું અહીં સવારે પાંચ વાગતાં

આવી જઇશ. પછી આપણે બે ય સાથે બગીચે જઈશું.'

રીંછ કહે: 'સારૂં, મામા. તમે જરૂર કાલે સવારે પાંચ વાગતાં આવી જજો. તમે રોજ કહીને જાઓ છો, પણ બહુ મોડા આવો છો. મને એ નથી ગમતું.

વરૂ કહે: 'આજ તો બરાબર પાંચ વાગતાં આવી જઇશ.

વરૂ તો ખુશી ખુશી થતું ઘેર ગયું.

સવારે ચાર વાગે રીંછ ઊઠ્યું. ને દાડમ ખાવા બગીચામાં ગયું.

વરૂ બે દિવસથી છેતરાતું હતું. એટલે આજે એ પણ વહેલું ઊઠ્યું ને પાંચ વાગતા પહેલાં રીંછને ઘેર આવી પહોંચ્યું.

રીંછભાઈ તે વખતે બગીચે પહોંચી ગયા હતા. વરૂએ ઘર આગળ ખૂબ બૂમો પાડી. પણ રીંછ હોય તો બોલે ને? એટલે એ દોડતું બગીચે ગયું.

રીંછભાઇ ઝાડ પર ચડી દાડમ ચૂંટતા હતા.

બરાબર એ વખતે વરૂ આવી પહોંચ્યું.

વરૂને જોઈ તેને ખૂબ બીક લાગી. મનમાં કહે: ‘હવે શું કરવું? હવે વરૂ નક્કી મારી નાખશે.’

વરૂ કહે: ‘હં, બચ્ચાજી. હવે ઠીક લાગમાં આવ્યા છો?’

રીંછ કહે: “કેમ મામા, આવ્યા? લ્યો, હું સરસ જોઈને દાડમ નાખું તે તમે ખાતા થાઓ.

વરૂ કહે: “લાવ ને. એટલી વાર દાડમ ખાવા દે. રીંછ હવે ક્યાં જવાનું છે? હવે તો એ મારા હાથમાં પડયું છે ને?

રીંછે એક દાડમ લઈ ઓતરાદી દિશા તરફ જોરથી ફેંક્યું: ‘લ્યો મામા!’

વરૂ દાડમ લેવા દોડયું.

બીજી તરફ રીંછભાઈ ઝડપથી ઝાડ પરથી ઉતરીને સીધા ઘર ભેગા થઈ ગયા.

વરૂ દાડમ લઈ પાછું વળી જુએ તો રીંછ ના મળે.

એને બહુ રીસ ચડી: ' અરે ! હાથમાં આવ્યું અને છટકી ગયું !

બીજે દિવસ ફરી વરૂ રીંછને ઘેર ગયું ઘેર જઈ કહે: ' ભાણા, ઓ ભાણા ! મેં તને જામફળ ખવડાવ્યાં, સીતાફળ ખવડાવ્યાં, ને સરસ મજાનાં દાડમ ખવડાવ્યાં. તું કોક દિવસ તો મને જમવાનું કહે!'

રીંછ કહે: 'ભલે. મામા. તો કાલે મારે ત્યાં જમવા આવજે. બરાબર દશ વાગે આવી જજે.'

વરૂ તો ખુશ થતું થતું ઘેર ગયું.

બીજે દિવસે રીંછે હાંડીમાં તેલ ખૂબ કકડાવ્યું અને એક ઈંટ તપાવીને લાલચોળ કરી.

વરૂને આવવાનો વખત થયો એટલે ઘર બહાર ઈંટ મૂકી અને સાથે કકડતું તેલ ભરી હાંડી મૂકી. પછી બારણું બંધ કરી પોતે ઘરમાં બેઠું.

બરાબર દશ વાગ્યા ત્યાં તો વરૂ આવી ખડું થઈ ગયું.

' ભાણા, ઓ ભાણા! કમાડ ઉઘાડ.'

રીંછ અંદરથી કહે: 'મામા, મને તાવ આવ્યો છે. ઉઠાતું નથી, એટલે કમાડ શી રીતે ઉઘાડું? બહાર તમારે માટે સોનાનો પાટલો ઢાળ્યો છે ને હાંડીમાં ખીર મૂકી છે તે જમી લો.'

વરૂ કહે: 'હશે, આજે ખીર તો ખાઈ લેવા દે. રીંછ અહીંથી કયાં જવાનું છે? કાલે એની વાત.'

વરૂ તો મલકાતું મલકાતું ખીર ખાવા બેઠું: 'હાશ, આજે ઘણે દહાડે ખીર જમવા મળશે. અને આ સોનાનો પાટલો કંઈ રોજ રોજ થોડો જ મળવાનો છે? લાવને, પાટલે બેસી આજે તો ખીર ખાઉં.'

એમ કહી વરૂ મામો તો ધબ લઈને પાટલે બેઠા. બેઠા તેવા 'ઓયબાપરે!' કરતા ઊભા થઈ ગયા. એવા દાઝયા, એવા દાઝયા કે ન પૂછો વાત.

પછી ખીર ખાવા હાંડીમાં મોં ઘાલ્યું. કકળતું તેલ છનનન કરતું મોંઢે બાઝયું. વરૂ તો જે રાડ પાડે, ચીસો પાડે! હાંડીનું મોં સાંકડું હતું. વરૂએ

જોસથી હાંડીમાં મોં તો નાખ્યું, પણ પછી બહાર નીકળે નહિ. હાંડીમાંથી મોં બહાર કાઢવા હાંડી ઊંચી નીચી કરે, તેમ અંદરથી કકળતું તેલ આવી મોં પર ચોંટે.

વરૂ તો ચીસો પાડતું જાય ભાગ્યું, જાય ભાગ્યું. ફરી વાર રીંછના ઘર આગળ આવવાનું ભૂલી ગયું.

રીંછભાઈ ઘરમાં રહ્યા રહ્યા બધો તમાશો જોઈ હસતા હતા!

હબુચંદ ને ગબુચંદ

રાજા હતો હબુચંદ અને પ્રધાન હતો ગબુચંદ. બંને એક એકથી અક્કલમાં ચડિયાતા. રાજનું કંઈ પણ કામ ગબુચંદની સલાહ વગર ન કરે, એવો હબુચંદ વિશ્વાસુ; અને હબુચંદની આજ્ઞા વગર પાણી યે ન પીએ, એવો ગબુચંદ રાજભક્ત.

એક વખત હબુચંદ હૂકો પીતા બેઠા હતા, એવામાં એક માખી એમના કાનમાં પેસવાનું કરતી હોય તેમ ગણગણ કરવા લાગી. હબુચંદે સમયસૂચકતા વાપરી માખીને તો દૂર ઉડાડી મૂકી, પણ એમને એક ચિંતાભર્યો પ્રશ્ન થયો. એમણે પાસે બેઠેલા ગબુચંદને એક પૂછ્યો: “ અરે ગબુચંદ ! જોયું, આ માખી મારા કાનમાં પેસી જવા હલ્લો કરતી હતી ! ઠીક થયું કે મને ખબર પડી ગઈ, નહિ તો એ કાનમાં થઈને ઠેઠ મગજમાં પહોંચી જાત. તો પછી મેં મહ મહેનતે મગજમાં સંઘરી

રાખેલી મારી કીમતી અક્કલનું શું થાત? મને લાગે છે તે કે માખીના રૂપમાં આ કોઈ શત્રુ મારી અક્કલ ચોરી જવા આવ્યો હોવો જોઇએ."

ગબુચંદે કાનની બૂટ ઝાલી કહ્યું: "હાસ્તો, દુશ્મન વગર બીજું કોણ હોય?" થોડીવાર ચૂપ રહી વિચાર કરી વળી બોલ્યા: "હં, મહારાજ! મને એનો એક ઉપાય સૂઝે છે."

"શો?"

"આપણે સદા કાનમાં રૂના પૂમડાં ઘાલી રાખવાં. પછી કોઈ અક્કલની ચોરી કેવી રીતે કરી શકશે?"

તે દિવસથી રાજા પ્રધાન બંનેએ કાનમાં પૂમડાં ઘાલી રાખવા માંડયાં.

બીજે દિવસે હબુચંદે કહ્યું: "મંત્રી! આપણે કાનનો તો જાણે જાપ્તો કર્યો, પણ મને એક શંકા થાય છે કે આપણું નાક ઉઘાડું રહે છે એમાંથી કંઇ અક્કલ બહાર નીકળી જતી નહિ હોય?"

મંત્રીએ તરત જ જવાબ વાળ્યો: "મહારાજ! એ બાબતનો પણ મેં વિચાર કરી જોયો છે. આપણે શ્વાસ કાઢીએ છીએ ત્યારે જે અક્કલ બહાર નીકળે છે તે તરત જ પાછી શ્વાસ લેતી વખતે અંદર પાછી

ખેંચાઇ આવે છે. એટલે એમાં બીક રાખવા જેવું નથી. વળી ગઈ કાલે રાતે મેં કાનની પેઠે નાકમાં પૂમડાં ઘાલી રાખવાનો અખતરો કરી જોયો હતો. પણ એમ કરવાથી અક્કલ મોઢામાં થઇને બહાર નીકળવા જોર કરે છે તેથી પૂમડાં કાઢી નાખવાં પડયાં."

હબુચંદે મંત્રીની વાત સાંભળી પ્રસન્ન થઈ તેનો ખભો થાબડયો.

[૨]

એક દિવસ રાજા પ્રધાન બંને મહેલની ઓસરી આગળ તકિયે પડયા પડયા વાતો કરતા હતા, એવામાં એક ભુંડ ચરતું ચરતું ત્યાં આવી પહોંચ્યું.

રાજાએ કે પ્રધાને આ પહેલાં ભુંડ કદી દેખેલું નહિ, તેથી બંને જણા થોડી વાર સુધી એને ધારી ધારીને જોઇ રહ્યા. પછી હબુચંદ બોલ્યા: "મંત્રી! આતો દરબારી હાથી લાગે છે!"

ગબુચંદ બોલ્યો: "મને પણ એમ જ લાગે છે. ખાધા વગર બિચારો દુબળો થઈ ગયો છે."

દરબારી હાથી ભૂખે મરવાથી દુબળો થઇ ગયો

છે એ સાંભળી હબુચંદને ખુબ ગુસ્સો ચડયો. તેમણે મંત્રીને હુકમ કર્યો: "હમણાં ને હમણાં હાથીખાનાના ઉપરીને પકડી મંગાવો. આટઆટલું ખાવાનું છતાં દરબારી હાથી ભૂખે મરે? એ હરામખોરને ફાંસીએ ચડાવી દો."

"મહારાજ! મને લાગે છે કે એક વખત એને જવા દઈએ. દયા કરવી એ રાજાનો ધર્મ છે." ગબુચંદે સલાહ આપી.

રાજાએ હાથીખાનાના ઉપરીને સખત ઠપકો આપી જવા દીધો.

વળી થોડા દિવસ પછી રાજા પ્રધાન એ જ ઓસરી આગળ બેઠા હતા. અને એ ભુંડ ત્યાં દેખાયું. રાજાએ એ જોઈ પૂછ્યું: "ગબુચંદ! આ શું? હજી હાથી આવો દુબળો ને દુબળો કેમ છે?"

ગબુચંદ પળવાર માથું આંગળીએ ટેકવી વિચાર કરી બોલ્યો: "મહારાજ! મને લાગે છે કે આ હાથી નથી, પણ ઉંદર છે."

"એમ?" હબુચંદે નવાઈ પામી પૂછ્યું:

"ત્યારે તો નક્કી એ દરબારી કોઠારમાંથી દાણા ખાઈ ખાઈ આવો જાડો બની ગયો છે. બોલાવો, બોલાવો કોઠારના કણિયાને. હરામખોર મફતનો પગાર ખાય છે ને દાણા ઉંદરોને ખવડાવી દે છે!"

વળી ગબુચંદને દયા આવી. તેની સલાહથી કણિયાને સખત ઠપકો દઈ જતો કરવામાં આવ્યો.



[૩]

એક દિવસ રાજા મહેલના ઝરૂખામાં બેઠા બેઠા હવા ખાતા હતા. એવામાં રાજાની નજર થોડે દૂર

વહેતી નદી તરફ પડી. તે વખતે ચારેક મુસાફરો નદીના ઘાટના ઓટલે કંઈ નાસ્તો કરવા બેઠા હતા. ખાતા હતા ને વાતો કરતા હતા રાજાએ મંત્રીને પૂછયું: " ગબુચંદ! પેલા લોકો કોણ છે? મને લાગે છે કે એ ચોર હોવા જોઈએ."

ગબુચંદે વિચાર કરી જવાબ દીધો: " અરે! એ લોકો તો ચોર છે. આપણી નદી ચોરી જવા આવ્યા છે."

નદી ચોરાઈ જાય તો પછી આપણે પાણી વગર શું કરીશું એ વિચારથી રાજાને ખૂબ ગુસ્સો ચડયો. તેમણે તરત જ એ ત્રણે મુસાફરોને પકડી લાવવા સિપાઈઓ મોકલ્યા.

હબુચંદ કહે: " મંત્રી! તમે બહુ ચતુર છો. તમે તરત એ લોકોને ઓળખી કાઢયા."

ગબુચંદ કહે: " મહારાજ! આપ ખરેખરા ચકોર છો. આપે એકદમ એમને જોઇ લીધા."

સિપાઈઓ મુસાફરોને પકડી લાવ્યા.

મુસાફરોને જોતાં જ હબુચંદ બોલ્યા: " તમે

લોકો અમારી નંદી ચોરી જવા આવ્યા હતા. પણ હવે પકડાઈ ગયા છો. સિપાઈઓ આ લોકોને ફાંસીએ ચડાવી દો.”

ત્રણ મુસાફરમાં એક બુદ્ધિશાળી હતો. તે નદીની ચોરી થવાનો આરોપ સાંભળી બોલ્યો: “ મહારાજ, અમે તો આપનાં સેવકો છીએ. આપના રાજનું પાણી આ નદીમા થઇને બીજાં રાજ્યોમાં વહી જાય છે એ રોકવાનું અમે તો આપને કહેવા આવ્યા છીએ. ભાઠામાં બેઠા બેઠા અમે એનો જ વિચાર કરતા હતા. તમારા જ લાભની વાત કહેવા અમે આવ્યા છીએ, પછી ફાંસી દેવી હોય તો દો.”

હબુચંદે ગબુચંદ સામે જોયું. ગબુચંદે જણાવ્યું: “ મહારાજ! એની વાત તો સાચી લાગે છે. આપણી નદીનું પાણી આમ વહી જાય તો છેવટ આપણી શી દશા થાય?”

હબુચંદે મુસાફરોને પાણી રોકવાનો ઉપાય બતાવવા કહ્યું. પેલો મુસાફર બોલ્યો: “ મહારાજ! નદીનું પાણી વહી જતું અટકાવવા એક મોટો બંધ

બાંધી લેવો જોઈએ. પણ એમાં ભારે ખરચનું કામ છે."

હબુચંદ કહે: "લાખ થતા હોય તો બે લાખ ખરચવા તૈયાર છું. પણ એવો બંધ બાંધનારું કોણ છે?"

મુસાફર બોલ્યો: "મહારાજ! અમે ઈજનેર છીએ. આજ્ઞા કરો તો અમે તૈયાર છીએ."

રાજાએ મુસાફરોને તિજોરીની ચાવીઓ સોંપી દીધી અને બંધ બાંધવા હુકમ કર્યો.

બંધ બંધાઈ રહ્યો. ઈજનેરોએ બંધની દિવાલમાં વધારાનું પાણી જવા બારીઓ મૂકી હતી. રાજાએ એ જોઈ મંત્રીને પૂછ્યું: "ગબુચંદ! આમ કેમ? પાણી તો હજી વહી જાય છે."

ગબુચંદ કહે: "મહારાજ! કપટ લાગે છે. બારીઓ બંધ કરાવવી જોઈએ."

રાજાએ બારીઓ બંધ કરાવી દીધી. નદીનું પાણી દીવાલમાંથી વહેતું બંધ થવાથી નીકો વાટે છેવટ ગામમાં પેઠું.

રાજા પ્રધાને મહેલમાં બેઠાં બેઠાં ગામમાં પાણી પેસતું જોયું. રાજા બોલ્યો: "ગબુચંદ! આટલું બધું પાણી ચોરાઈ જતું હતું. ઠીક થયું, આપણે બારીઓ બંધ કરી દીધી."

ગબુચંદ કહે: 'આપણી અક્કલ એ જ ખરેખરી અક્કલ છે."

એટલામાં તો લોકો બૂમો પાડતાં આવ્યા કે "પાણી નીકો ને નહેરોમાં થઈ ગામમાં ને ખેતરોમાં ફરી વળ્યું છે. અડધા કલાકમાં આખું ગામ ડૂબી જશે."

રાજાએ મંત્રી સામે જોયું. ગબુચંદ વિચાર કરી બોલ્યો: "મહારાજ! એ ઈજનેરો ઠગ હોવા જોઇએ. એમણે આપણને છેતર્યા છે. આ બારીઓમાં આવું છે તો બંધની ભીંતમાં શું યે હશે!"

રાજા કહે: "બરાબર છે, તોડી નખાવો એ આખોયે બંધ!"

લાખોને ખરચે બાંધેલો બંધ છેવટે તોડી નાખવામાં આવ્યો.

[૪]

એક વખત એક ઝવેરી ઝવેરાત લઈને દરબારમાં વેચવા આવ્યો. એજ વખતે એક સોદાગર ઘોડા, હાથી, વગેરે લઈને આવ્યો.

ઝવેરીએ રાજાને ઝવેરાત બતાવ્યું. રાજાએ કેટલાક હીરા પસંદ કર્યાં. સોદાગરે ઘોડા, હાથી બતાવ્યા. રાજાએ કેટલાક ઘોડા અને હાથી પસંદ કર્યાં. ઝવેરીએ પોતાના માલના એક લાખ રૂપિયા માગ્યા. અને સોદાગરે દશ હજાર રૂપિયા માગ્યા.

રાજાએ મંત્રીને પૂછ્યું: "ગબુચંદ! આ ઝવેરી કાચના કકડાના આટલા બધા રૂપિયા કેમ માગે છે?"

ગબુચંદ બોલ્યો: "મૂરખ લાગે છે! અને મૂરખ નહિ હોય તો ઠગ હશે.

રાજાએ ઝવેરીને પૂછ્યું: "તું મૂરખ છે કે ઠગ છે.?"

ઝવેરી તો આ સવાલ સાંભળી આભો જ થઈ ગયો. તે નરમ થઈ બોલ્યો: "કેમ મહારાજ!

આવો સવાલ પૂછવો પડયો ?"

હબુચંદ ગર્વથી કહ્યું: "તારી ચાલાકી પકડાઈ ગઇ છે. તું આ કાચના કકડાના લાખ રૂપિયા શા હિસાબે માગે છે? હાથી ને ઘોડા તો સવારી કરીને ક્યાંય જવા કામ આવશે, આ હીરા પર સવારી કરીને ક્યાંય જવાશે?" આમ કહી રાજા ખડખડ હસવા લાગ્યા.

ઝવેરીનો ચહેરો ફિક્કો થઈ ગયો. તે બોલ્યો: "મહારાજા! તો મને મારા હીરા પાછા આપો."

રાજાએ મંત્રી સામે જોયું. મંત્રીએ કહ્યું: "મહારાજ! ખરીદેલી વસ્તુ પાછી આપવામાં રાજનું માન ઘટે છે. એનું તો યોગ્ય મૂલ જ કરવું જોઈએ."

રાજા કહે: "તો શું કરીશું ?"

મંત્રીએ ઊંડો વિચાર કરી કહ્યું: "મને એક રસ્તો જડે છે, મહારાજ! આપણે એમ કરો કે વસ્તુના વજન પ્રમાણે એના પૈસા આપી દેવા."

"બરાબર છે, બરાબર છે. મંત્રી! તમે ખૂબ

અક્કલબાજ છો. વજનમાં કોઇને કોઇથી છેતરાવાનો ભય નહિ. ખજાનચી, આ હીરાના વજન બરાબર રૂપાનાણું ઝવેરીને જોખી આપો, અને હાથી ઘોડાના વજન બરાબર રૂપા નાણું સોદાગરને જોખી આપો. જાઓ."

સોદાગરને હાથી ઘોડાના બદલામાં લાખો રૂપિયા મળી ગયા! અને ઝવેરીને તો લાખોના ઝવેરાતના થોડાક રૂપિયા મળ્યા. એટલે એ તો બિચારો રોતો રોતો ઘેર ગયો.



હબુચંદ કહે: "કેવો સરસ ન્યાય થયો! માલની તોલેતોલ કિંમત થઈ!"

ગણુચંદ કહે: “ મહારાજ! આપણે રાજમાં એવો હુકમ કરી દો કે બધી ચીજો આ પ્રમાણે સરખે ભાવે તોળીને વેચવી. બધી જ ચીજો ટકે શેર મળે એવી આજ્ઞા ફરમાવો.”

રાજા મંત્રીની આ વિશેષ બુદ્ધિ પર ફીદા થઇ ગયા અને તે જ દિવસે આખા રાજ્યમાં ટકે શેરનો હુકમ કરી દીધો.

“ ટકે શેર ભાજી ટકે શેર ખાજા! ”

રાજા પ્રધાનને કહેવા લાગ્યા.: “ આવું ન્યાયી રાજ્ય નવખંડ પૃથ્વી પર કયાંયે નહિ હોય! ”

નસીબનો પથ્થર

એક કઠિયારો હતો. તે ઘણો ગરીબ હતો. દરરોજ વહેલો ઉઠી જંગલમાં જાય, આખો દિવસ લાકડાં કાપી ભેગાં કરી ભારી બાંધે અને સાંજે ગામમાં લાવી વેચે. એના પૈસામાંથી માંડ માંડ એનું ને એના કુટુંબનું પુરૂં થતું.

એક સાંજે એ લાકડાની ભારી માથે લઇ આવતો હતો, તેવામાં બે ચોર મળ્યા. તેમણે તેને ધમકાવી તેની ભારી પડાવી લીધી. બિચારો કઠિયારો ખૂબ દુઃખી થઈ ગયો. તેને થયું કે મેં એવાં તે શાં પાપ કર્યાં છે કે પૂરૂં પેટ ભરીને ખાવાનું નથી મળતું અને જે કોળિયો મળે છે તે યે આમ બીજા પડાવી જાય છે! વિચારમાં ને વિચારમાં એને એટલું બધું લાગી આવ્યું કે એ ઘેર જવાને બદલે વનમાં જ આગળ ચાલ્યો.

એવામાં તેને એક સાધુ મળ્યા. સાધુને તેણે પોતાના દુઃખની વાત કરી. સાધુએ તેને ખૂબ ધીરજ આપી કહ્યું, "દરેક માણસ પોતે જ પોતાનું નસીબ બનાવે છે. એટલે એ બદલવું પણ તેના જ હાથમાં છે. રડવાથી કે દુઃખી થવાથી કંઈ ન વળે."

"પણ મહારાજ! મારા માન્યામાં એ વાત આવતી નથી. હું તો બહુ બહુ મથ્યો. અડધી જિંદગી લાકડાં કાપવામાં ગઇ પણ નસીબ તો એનું એ રહ્યું."

સાધુએ કહ્યું, "મારી વાત ન માનતો હોય તો કર્મની કહાણીનો પથ્થર વાંચી આવ એટલે ખાતરી થશે."

કઠિયાએ એ પથ્થર ક્યાં હશે એમ પૂછયું. સાધુએ કહ્યું, "અહીંથી આગળ એક મોટું વન આવે છે, તેમાં એક વિશાળ સરોવર છે; એ સરોવરની મધ્યમાં સુંદર બેટ છે, એ બેટમાં સૌએ કરેલા કર્મની કહાણીના પથ્થરો છે, એ પથ્થરો પર નસીબની બધી વાત લખેલી છે."

કઠિયારો તો ઉપડયો એ કહાણીના પથ્થરની શોધમાં. ભૂખ તરસ કે થાકને ન ગણકારતાં એ તો આગળ ને આગળ વધ્યો જાય છે. જતાં જતાં ઘોર



જંગલ આવ્યું. જંગલમાં સરોવરો પણ ઘણાં હતાં. કઠિયારો એકેએક સરોવરની પાળે ફરી વળ્યો પણ એકે સરોવરની મધ્યમાં બેટ જણાયો નહિ, છતાં નિરાશ ન થતાં આગળ વધ્યો.

જતાં જતાં એક ઊંટ મળ્યું. ઊંટની પીઠે કેટલા યે મણનું વજન ચસચસાવીને બાંધેલું હતું. ઊંટ આખો દિવસ આમથી તેમ ને તેમથી આમ દોડયા કર્યા કરતું હતું. ઊંટે કઠિયાને જોઈ કહ્યું "ભાઇ! હું બાર મહિનાથી આ જંગલમાં છૂટથી ફરૂં છું; મને આ જંગલ છોડી ગામમાં જવું ગમતું નથી. પણ મારી પીઠે આ સામાન બાંધેલો છે તેથી હું બહુ દુ:ખી થઇ રહ્યો છું એનો કંઇ ઉપાય?"

કઠિયારો કહે, "ઉપાય હું શું જાણું? જેવું તારૂં નસીબ. આ જોને, મારા નસીબમાં ગરીબી ગરીબી છે, તો પૂરૂં ખાવાનું યે નથી મળતું. એટલે જ તો હું નસીબનો પહાણો વાંચવા જાઉં છું."

ઊંટ બોલ્યું, "ત્યારે તો ભાઈ! મારૂં યે નસીબ ભેગું વાંચતા આવજો. આ બોજામાંથી છૂટું તો કંઇ ચેન પડે."

"ભલે." કહી કઠિયારો આગળ વધ્યો.

જતાં જતાં એક નદી આવી, નદી કિનારે મગર મોઢું ફાડી પડયો હતો. કઠિયારે પૂછ્યું, "કેમ ભાઈ, શું થયું છે?"

મગર ગળગળે સાદે બોલ્યો, "બાર મહિનાથી મરવા પડયો છું. ગળામાં અસહ્ય પીડા થાય છે. મોં ફાટેલું ને ફાટેલું રહે છે. ખાધું પીધું ગળે ઊતરતું નથી."

કઠિયારો કહે, "તમારા નસીબમાં એવું હશે. આ જુઓ ને, દુઃખનો માર્યો હું નસીબનો પહાણો વાંચવા જાઉં છું."

મગર કહે, "એમ ? ત્યારે તો ભાઈ, મારૂં યે નસીબ ભેગું વાંચતા આવજો કે આ દુઃખમાંથી હું ક્યારે છૂટીશ ?"

"ભલે." કહી કઠિયારો નદી ઓળંગી આગળ ચાલ્યો.

વળી આગળ જતાં એક વાઘ મળ્યો. દુઃખથી દયા આપે તેવી ચીસો પાડયા કરતો હતો. કઠિયારાએ પૂછ્યું, "કેમ, શું થાય તમને ?"

વાઘે કહ્યું, "બાર મહીના થયાં પીડાઉં છું. પગમાં કાંટો પેસી ગયો છે તે નીકળતો નથી ને ચલાતું યે નથી."

કઠિયારો કહે, "જેવું નસીબ! જોને, નસીબના દુઃખે તો હું નસીબનો પહાણો વાંચવા જાઉં છું."

વાઘ કહે, "ઓહો! ત્યારે તો ભાઇ! મારૂં યે નસીબ ભેગાભેગો જાણતો આવજે. આ દુઃખમાંથી છૂટું તો હવે નિરાંત થાય."

"ભલે." કહી કઠિયારો આગળ વધ્યો.

આગળ જતાં મોટું સરોવર દેખાયું. સરોવરની મધ્યમાં સુંદર બેટ હતો.

કઠિયારો તો આઘું પાછું જોયા વિના સરોવરમાં કૂદી પડયો ને તરતો તરતો બેટ પર પહોંચી ગયો.

બેટ પર બધે નાના મોટા પથ્થરા જ પથ્થરા હતા. કયો પથરો પોતાનો હશે એ શી રીતે ઓળખી કાઢવું? પથ્થરા પર કંઈ નામ ઠામ લખેલાં જણાતાં નહોતાં, આખો દિવસ તે બેટ પર રખડયો, એમ કરતાં છેવટે સાંજ પડી ત્યારે તે એક પથ્થરા પર બેસી પડયો.

ધીરે ધીરે આકાશમાં ચંદ્ર ચઢવા લાગ્યો, અને

એનું દૂધ જેવું અજવાળું બેટના પથ્થરો પર પથરાઇ રહ્યું. એ અજવાળામાં જોતાં પોતે જે પથ્થર ઉપર બેઠો હતો તે પથ્થર પર કંઇક અક્ષરો જેવું લખેલું કઠિયારાને જણાયું, એકદમ તે કૂદી પડયો અને ધ્યાનથી એ પથ્થર પર જોઈ રહ્યો. ખરેખર નવાઈ! એ પથ્થર પર કઠિયારાનું નામ લખેલું હતું. એ પથ્થર એની એની કર્મની કહાણીનો હતો.

કઠિયારો ઉત્સુક થઈ પથ્થર વાંચવા બેઠો. ખૂબ ઝીણા પણ સુંદર અક્ષરોમાં પથ્થર લખેલું વંચાતું હતું. એક પછી એક લીટી વાંચતો ગયો અને એને પોતાની જિંદગીની નાની મોટી બધી બાબતો યાદ આવતી ગઈ. ચોર આવીને એની ભારી ખૂચવી ગયા, પછી સાધુના કહેવાથી એ નસીબના પથ્થરની શોધમાં નીકળ્યો, એ પ્રવાસની બધી યે બિના એમાં લખેલી હતી. છેવટે પોતે પોતાના જ નસીબના પથ્થર પર બેઠેલો એ વાત પણ એમાં લખેલી હતી.

પણ આગળ? પથ્થરની આ બાજુનું લખાણ તો પુરૂં થઈ ગયું હતું. હવે વધારે લખેલું હોય તો

તેની બીજી બાજુ પર હોવું જોઇએ. પણ બીજી બાજુ તો દેખાતી નહોતી. પથ્થર આડો પડેલો હતો. તેથી તેની એક જ દેખાતી હતી.

કઠિયાએ નક્કી કર્યું કે બીજી બાજુ પર શું છે તે જોવું તો ખરૂં. વખતે તેમાંથી પોતાના ભવિષ્યની વાત નીકળી આવે. તેથી તે જોર કરીને આડા પડેલા પથ્થરને હચમચાવવા મંડયો. કલાક બે કલાકની સખત મહેનત પછી તે પથ્થરને ઉભો કરી શકયો. હવે બીજી બાજુનું લખાણુ પણુ દેખાતું થયું. કઠિયારાએ ધ્યાન દઇ તે વાચવા માંડયું. તેમાં આમ લખેલું હતું: “પછી કઠિયારો પોતાના નસીબનો પથ્થર જોર કરીને ઉભો કરી દેશે. આજ સુધી આડું પડી રહેવાથી ઢંકાઇ રહેલું તેનું નસીબ તે બળ કરીને પ્રકટ કરશે. હવે તેનો સિતારો ચડતો થશે.”

કઠિયારો ખુશ થયો. તે આગળ વાંચવા લાગ્યો, પણુ હવે ચંદ્ર પશ્ચિમ તરફ ઢળતો જતો હતો તેથી તેનું અજવાળું પૂરૂં પથ્થર પર પડતું નહોતું. છતાં તેના ઝાંખા ઉજાસમાં કઠિયારાએ પોતે પાછો ફરશે

અને વાઘ, મગર તથા ઊંટને કેવી રીતે દુઃખમાંથી છોડાવશે તથા પોતે સુખી થશે, તેટલું વાંચી લીધું 'હશે આટલું બસ છે, વધારે જાણીને મારે શું કામ છે? વખતે આગળ ઉપર દુખી થવાનું લખ્યું હોય તો આજનું સુખ કડવું થઈ જાય.' એમ બોલી કઠિયારો ઊભો થઇ ગયો.


હવે તેના પગમાં જોર અને જુસ્સો આવ્યાં હતાં. તે જાણે ઊડતો જતો હતો. બેટને કિનારે તેણે એક નાનીશી હોડી લાંગરેલી જોઈ. આ વખતે તે ઘેલો બની તરવા પડયો નહિ, પણ હોડીમાં બેસી સામે પાર હંકારી ગયો.

સવાર થવા આવ્યું હતું, પણ ઊંઘ કે આરામની તેણે પરવા ન કરી. આગળ ચાલવા જ માંડયું રસ્તે પેલો વાઘ મળ્યો.

વાઘે પૂછ્યું, "કેમ ભાઈ! નસીબ વાંચી આવ્યા?"

કઠિયારો કહે, "હા, તમારો કાંટો કાઢી દઉં છું." આમ કહી તે થોડેક જઇ બાવળનો એક તીક્ષ્ણ

કાંટો લઈ આવ્યો. પછી એ કાંટાની મદદ વડે તેણે વાઘના પગમાંથી કાંટો ખેંચી કહાડયો. વાઘ એટલો તો ખુશ થયો કે પોતે આખી જિંદગી લગી ભેગું



કરેલું ઝવેરાત બોડમાંથી લાવીને તેને ભેટ દઈ દીધું.

કઠિયારો ઝવેરાતની પોટલી બાંધી લઈ ચાલ્યો. રસ્તે જતાં પેલો મગર મળ્યો. મગરે પૂછ્યું, “ કેમ ભાઈ ! નસીબ વાંચી આવ્યા ? ”

કઠિયારો કહે, “ હા. પહેલાં તો મને તારી પીઠ પર બેસાડી સામી પાર લઈ જા, પછી તને સાજો કરી દઉં છું. ” મગરે કઠિયારાને પોતાની પીઠ

પર બેસાડી સામી પાર ઉતાર્યો. ઉતરતાં કઠિયારાએ મગરની બોચી પર જોસથી મુક્કો માર્યો. મગર "ઓય" કરી ઊઠયો. એના ગળામાંથી મોટા લખોટા જેવું કંઈક ચકચકતું બહાર નીકળી પડયું. એ બહુ કીમતી મણિ હતો! ખાવાનું સમજી ગળવા જતાં મગરને ગળે એ ચોંટી ગયો હતો અને એથી જ એ પીડાતો હતો. આજે એ મણિ નીકળી જતાં મગરનું ગળું સાફ થઈ ગયું, એની પીડા મટી ગઈ. મગરે ખુશ થઈ પેલો મણિ કઠિયારાને ભેટ દઈ દીધો.

વળી આગળ જતાં પેલું ઊંટ મળ્યું. કઠિયા-યારાએ ઊંટને નીચે બેસી જવા કહ્યું. પછી તેની પીઠે બાંધેલા દોરડાં તેણે ઢીલાં કરી નાખ્યાં એટલે બે મોટી ગુણો નીચે સરકી પડી. જોયું તો બંને ગુણો સોનામહોરોથી ભરેલી હતી. કોઈ રાજાનો ખજાનો લઈ ને જતાં કેટલાંક ઊંટોના કાફલામાંથી આ ઊંટ છૂટું પડી ગયેલું હતું, અને એકલું વનમાં ભટકતું હતું.

ઊંટ કહે, "આ સોનામહોરો તને આપી દઉં છું."

કઠિયારો કહે, "પણ મારે એ બધી ઊંચકી જવી કેવી રીતે?" પછી ઊંટે કહ્યું, "ફરી બધો સામાન મારી પીઠ પર ચઢાવ, ને તું પોતે પણ બેસી જા. હું તને તારે ઘેર પહોંચાડીશ, ને પાછું અહીં આવતું રહીશ. તેં મારા પર ઉપકાર કર્યો છે એટલે હું તારૂં આટલું કામ કરીશ."

કઠિયારાએ વાત કબુલ કરી. સામાન ઊંટ પર મૂકી પોતે સવાર થઈ ગયો. ઊંટ ઉપડયું. રસ્તે પેલા સાધુ મહારાજનો આશ્રમ આવ્યો. કઠિયારો સાધુને જઈ પગે લાગ્યો ને બોલ્યો, "મહારાજ! આપે કહેલું તેમજ છે. મેં મારૂં નસીબ જોર કરીને ફેરવી નાખ્યું છે; પણ એની ચાવી આપે બતાવી હતી એટલે આ એક ગુણ સોનામહોરો હું આપને અર્પણ કરૂં છું."

સાધુએ પૂછ્યું, "વાહ! તું એ પથ્થર વાંચી આવ્યો! એમાં તારા ભવિષ્ય માટે શું લખેલું હતું, ભાઈ?"

કઠિયારાએ કહ્યું, "એમાં માત્ર ત્રણ લીટી

હતી. કાંટાથી કાંટાને કહાડ, ગળું રૂંધે તેને મુક્કો મારી બહાર કાઢ, અને ધીરજથી બંધન છોડ. પછી તું સુખી થતો જઈશ."

સાધુ કઠિયારાની વાત સાંભળી ઘણા પ્રસન્ન થયા, પણ પૈસા લેવાની તેમણે ના પાડી. તેમણે એ મહોરો ગરીબ ગરબાં માટે દવાદારૂ પાછળ ખર્ચવાની આજ્ઞા કરી. સાધુના આશીર્વાદ લઈ કઠિયારો ઊંટ પર સવાર થઈ ઘેર ગયો, અને બાકીની જિંદગી સુખમાં વીતાવી.

બળિયો ને દુબળિયો

એક હતો બળિયો અને એક હતો દુબળિયો. બેય પાકા ભાઈબંધ. દરેક કામ બંને સાથે રહીને કરે. બળિયો જોરાવર હતો તેટલો બુદ્ધિશાળી નહોતો. અને દુબળિયો જોરાવર નહોતો તેટલો બુદ્ધિશાળી હતો. બંનેની જોડી ખરેખરી જામી હતી.



એક વખત બંને જણે એક ઘેટું ચોરી લાવવાનો વિચાર કર્યો. પાસે જ સીમમાં એક ભરવાડ દરરોજ ઘેટાં ચારવા આવતો હતો. તેમાંથી એકાદ

ઘેટું ઉપાડી જવાનો લાગ શોધતા એક ઝાડ ઉપર સંતાઈ ગયા.

બપોર થયા એટલે ભરવાડે ઝાડ નીચે પોતાની ડાંગ ઉભી રોપી, એ ડાંગને પોતાનું કુરતું તથા ફાળિયું પહેરાવી દીધું. પછી એ મોટેથી જાણે પોતાના સાથીને કહેતો હોય તેમ બોલ્યો, "જો, અહીં ઉભો રહીને બરાબર નજર રાખજે. એક પણ ઘેટું ઓછું ન થાય. હમણાંના મવાલીઓ મરવાલીઓ બહુ પેંધા પડયા છે."

આમ બોલી ભરવાડ ઝાડ નીચે લંબી ખેંચી સૂઈ ગયો અને થોડી વારમાં એનાં નસકોરાં બોલતાં થઈ ગયાં.

વાત એમ હતી કે એ તરફ મવાલી નામે લૂંટારાઓનો બહુ ત્રાસ હતો. અને ખરેખર એક મવાલી તે વખતે ભરવાડની નજીકમાં જ હાજર હતો. તેણે પોતાને ડિલે ઘેટાનું ચામડું બાંધી લીધું હતુ. અને ઘેટાની પેઠે જ ચાર પગે ચાલતો તે ઘેટાંના ટોળામાં પેસી ગયો હતો અને ભરવાડ શું કરે છે તે જોવા

તેની નજીકમાં આવી ઊભો હતો. તેણે ભરવાડનું બોલવું સાંભળ્યું, "મવાલીઓ મરવાલીઓ હમણાંના બહુ પેંધા પડ્યા છે." એટલે એ વિચારમાં પડી ગયો કે મવાલીઓ તો અમે, પણ મરવાલીઓ કોણ? નક્કી એ કોઈ અમારા કરતાં જબરા હોવા જોઈએ, નહિ તો એમનું નામ આવડું જબરૂં ક્યાંથી હોય?"

મવાલી ઘેટાના રૂપમાં ઉભો ઉભો આમ વિચાર કરે છે, ત્યાં ઝાડ ઉપરથી બળિયો ને દુબળિયો બે હેઠે ઉતર્યા.

તેમનો વેશ હમણાં બહુ વિચિત્ર રહેતો. આખે શરીરે રૂંછાંવાળા ઓવરકોટ જેવો કાળો ધાબળો તેઓ ઓઢતા ને માથે લાંબા વાળ રાખતા. હાથમાં લાંબો ચીપિયો કે ડાંગ, કંઈ પણ હોય જ.

એવા એ બે જણને ઝાડેથી ઊતરતા જોઈ મવાલી ચમક્યો. તેણે નક્કી માન્યું કે આ પેલા મરવાલીઓ છે. તે ધારીને જોઈ રહ્યો કે હવે એ શું કરે છે.

બળિયાએ દુબળિયાને કહ્યું, "એક હૃષ્ટપુષ્ટ જોઈને ઘેટું ઉપાડી લે, ચાલતા થઈએ."

દુબળિયો આખા ટોળામાં ફરી વળ્યો. છેવટે એક જાડું ઘેટું એની આંખમાં ઠર્યું. હતું તેટલું જોર કરી એણે તો એને ઊંચકી પોતાની ખાંધે ચડાવી લઈ બંને જણે ચાલવા માંડયું.

હવે બન્યું એવું કે જે ઘેટું દુબળિયાએ ઉંચકી લીધું હતું તે જ પેલો મવાલી હતો. આ મવાલીઓ પોતાને ઉંચકી જાય છે એ બીકથી એ તો શિયાવિયા થવા લાગ્યો.

પણ મવાલીનો સાડા ત્રણ મણનો ભાર દુબળિયાથી ક્યાં લગી ઊંચકાય? થોડેક જતા એ થાકી ગયો. એટલે એણે ઘેટું બળિયાની ખાંધે ચડાવ્યું ને પોતે આગળ ચાલ્યો.

મવાલીએ વિચાર કર્યો કે આ લોકો મને ઘેર લઈ જશે ને પછી જરૂર મને મારી નાંખશે, તે કરતાં તો કંઇ પ્રયત્ન કરી છુટવું સારૂં. કંઈ ન સૂઝવાથી તેણે બળિયાના ખભા પર જોરથી એક બચકું ભર્યું.

બળિયાયાએ પૂંઠ ફેરવી જોયું તો ઘેટાના ચામડામાં છુપાયેલું મવાલીનું મોં જોયું. એ બોલી ઉઠયો, "ઓત્તારીની આ તો મવાલી!"

મવાલી સમજ્યો કે હવે હું પકડાઇ ગયો છું તેથી તે કરગરીને બોલ્યો, "મરવાલી દાદા! આટલી વખત મને જીવતો જવા દો. તમને પગે લાગું. તમારી ગાય છું." બળિયો મવાલીને છોડી દેવા જતો હતો, પણ દુબળિયો સમજી ગયો કે મવાલી આપણને મરવાલી સમજી બીએ છે, માટે હવે તો ખરેખરૂં મરવાલીપણું બતાવવું જોઈએ. તેણે બળિયાને કહ્યું, "એ લુચ્ચા મવાલીને પેલી શિલા પર જોરથી પછાડો. પછી જીવતો રહે તો એનું નસીબ. હજી મરવાલીઓનો હાથ એણે જોયો નથી લાગતો. મૂર્ખ!"

બળિયાએ મવાલીનાં હાથ પગ પકડી જોરથી શિલા પર ઘા કરી ફેંકી દીધો, મવાલી ચીસો પાડતો ત્યાં પડી રહ્યો અને બંને દોસ્તો ઘેર ગયા. મવાલીએ જોયું તો તેમનું ઘર સામે જ દેખાતું હતું.

મવાલીનાં હાડકે હાડકાં ખખડી ગયાં હતાં. મરવાલીઓ ઉપર એને ખૂબ દાઝ ચડી હતી. કોઈ પણ ઉપાયે આનું વેર તો લેવું જ જોઈએ એવો વિચાર કરી એણે બીજા મવાલીઓને ભેગા કર્યા. અને રાત્રે આ મરવાલીઓ પર હુમલો કરવા મવાલીઓનું લશ્કર ઊપડ્યું.

બળિયો ને દુબળિયો બંને ઘરમાં સૂતા હતા. મવાલીઓની બોલચાલ સાંભળીને તેઓ જાગી ઉઠયા. હવે શું થશે એ વિચારથી બળિયો જરા ગભરાયો, પણ દુબળિયાએ તેને હિંમત આપવા એક યુક્તિ શોધી કાઢી.

મવાલીઓ ઘર ઉપર ચડયા, પણ ઘરમાં કંઈ વાત થવા લાગવાથી શાંત થઈ સાંભળી રહ્યા. ઘરમાંથી ખૂબ ઉશ્કેરાયેલો અવાજ આવતો હતો.

બળિયો દુબળિયાને કહેતો હતો, "આજે હું ચાર મવાલી મારી લાવ્યો તો યે પેટ તો ભરાયું નહિ,

ત્યારે પેલો પાંચમો મવાલી તેં શું કરવા નાખી દેવડાવ્યો ?"

દુબળિયો કહે, "રોજ ને રોજ આટલા બધા મવાલીઓ મારી નાખશો તો પછી ભૂખે મરવું પડશે."

બળિયો ગુસ્સે થઈ બોલ્યો, "નહિ નહિ, એ નહિ બને. મારે એકલાને ટંકે સાત મવાલી તો જોઈશે જ, જોઈશે."

આવી ને આવી વાત ઘરમાં ચાલતી રહી. તે સાંભળી બધા મવાલીઓ એવા તો બીન્યા કે ધડધડ કરતા ઘર પરથી નીચે કૂદી પડી જીવ બચાવવા દોડવા મંડયા. એ જોઈ દુબળિયે બારણું ઉઘાડી નાંખ્યું ને બૂમ મારી, "અલ્યા બળિયા દોડજે, તારે વાસ્તે મવાલીઓ આવ્યા છે."

હાથમાં કળિયાળી ડાંગ લઈ હાકોટા કરતો બળિયો મવાલીઓની પાછળ દોડયો ને બે પાંચને ઠીક ઠીક પ્રસાદ ચખાડયો.

થોડા દિવસ પછી બંને દોસ્તો જંગલમાં શિકાર કરવા ગયા હતા. ત્યાં એક વિશાળ વૃક્ષ તળે સેંકડો

મવાલીઓની સભા ભરાયેલી તેમના જોવામાં આવી. દુબળિયાએ વિચાર કર્યો કે આ લોકોને ગભરાવીએ ત્યારે ખરા. તેણે એક યુક્તિ કરી. બળિયો નજીકમાં સંતાઈ રહ્યો. અને દુબળિયો પોતાનો ઝભ્ભો વગેરે કાઢી નાખી સાદા માણુસના પોશાકમાં મવાલીઓની સભા ભરાઈ હતી ત્યાં ગયો અને હાંકળા ફાંફળા જેવો થઈ બોલ્યો, "તમે કોઈ મવાલીઓને ઓળખો છો ? બિચારાઓનું આવી બન્યું છે !"

મવાલીઓ ચોંકયા. સૌ સામટા બોલી ઉઠયા, "હેં, શું થયું છે ?"

દુબળિયો બોલ્યો, "અરે, આ પાસેના ગામમાં કોઈ બે મરવાલીઓ રહે છે. તેમણે મોટો યજ્ઞ કરાવવા માંડયો છે. એ યજ્ઞમાં એક હજાર મવાલીઓનો હોમ કરવાની તેમણે પ્રતિજ્ઞા કરી છે. તમે કોઈ એ મવાલીઓને ઓળખતા હો તો જરા કહેજો કે ચેતતા રહે."

જોઈ લ્યો જાદુ ! ધબ ધબ ધબ ધબ ! જેને જેમ ફાવ્યું તેમ મવાલીઓ ભાગવા માંડયા.

પાછું વળીને જુએ શું કરવા? તેમને દોડતા જતા જોઈ દુબળિયો ઉભો ઉભો હસતો હતો. અને બળિયો હાથમાં ડાંગ લઈ એ મવાલીઓની પાછળ પડયો હતો અને બૂમો પાડતો હતો: "ઉભા રહો મવાલીઓ!" મવાલીઓ હવે ઉભા રહે ખરા? એ તો એ દેશ છોડીને કયાં ય દૂર જતા રહ્યા.

એવી એ બળિયા ને દુબળિયાની જોડી હતી.

દશ વાણિયા

દશ વાણિયા હતા. દશે જણા ક્યાંય ઉઘરાણીએ જાય, કાપડ વેચવા જાય, કે અનાજ ખરીદવા જાય તો પણ સાથે જ જાય.

એક દિવસ એવું બન્યું કે આ દશ વાણિયા ગામડેથી ઉઘરાણી પતાવીને પોતાને ગામ પાછા આવતા હતા, ત્યાં રસ્તામાં એક વાંઘામાં ત્રણ ગાજણિયા ભીલોએ એમને આંતર્યા. બંદૂકની અણીએ વાણિયા બી ગયા અને પોતાની પાસે જે કંઈ નાણું હતું તે ભીલોને આપી દીધું.

પણ આટલેથી ભીલોને સંતોષ ન થયો. તેમણે વાણિયાઓનાં કપડાં કાઢી લીધાં અને ટુંકડી લંગોટીઓ પહેરાવી, દશેને હારબંધ ઊભા રાખ્યા.

ત્રણમાં એક ભીલ બહુ ટીખળી હતો. તેને વાણિયાઓની મજાક કરવાનું બહુ મન હતું. વાણિ-

યાઓનાં તાળવા સુધી અડધાં બોડેલાં અને ઉઘાડાં માથાં પર ફરફર ઊડતી લાંબી ચોટલીઓ જોઈ એના હાથમાં ચળ આવી. છરો કાઢી એણે બધાયે વાણિયાઓની ચોટલીઓ ચર ચર કાપી નાખી. ખબ જતન કરી ઉછેરેલી હાથ દોઢ હાથ લાંબી ચોટલીઓ કપાઈ જતાં વાણિયાઓને દુઃખ થયું. પણ "હશે, માથું હલકું થયું." કહી સૌએ મન વાળ્યું.

પણ એટલેથી ક્યાં અટકે તેમ હતું. એક ભીલની નજર વાણિયાની ચોટલી પર પડી, તેમ બીજાની નજર તેમની મૂછો પર પડી હતી. તે બોલ્યો, "આ ઢીલી દાળ ખાનારા વાણિયાઓને આવી ગુચ્છાદાર મૂછો?" ધડાક કરતો તે ઊભો થયો અને ગાલ પર આવતાં મૂછોનાં લાંબાં ગૂંછળાં તેણે કાપી નાખ્યાં. વાણિયા 'હાય હાય' કરી ઊઠ્યા. પણ મન વાળ્યું, "હશે, વાણિયા મૂછ કટ્ટી તો કટ્ટી."

ત્યારે ત્રીજો ભીલ શું ઓછો બુદ્ધિશાળી હતો! લૂંટાયેલા વાણિયામાંથી એક બંગડીઓનો વેપારી હતો. તેની ગાંસડીઓમાંથી ઘણી બંગડીઓ મળી


આવી હતી. આ ભીલે દરેક વાણિયાને એકેક બંગડી પહેરાવી દીધી. વાણિયાને ખરાબ તો લાગ્યું, પણ મન વાળ્યું કે " હશે, શું ભૂંડું દેખાય છે ! "

પછી ?

પછી વાણિયાઓનો આવો રૂડો વેશ જોઈ ભીલોની બુદ્ધિ આગળ ચાલી. ભીલણોના રાસડા તો તેમણે જોયા હતા પણ વાણિયણોના ગરબા જોવાની હોંશ હજી અધૂરી હતી. તેમણે વાણિયાઓને ગોળ ફરતાં ગરબા ગાવાનો હુકમ કર્યો. વાણિયાઓએ કોઈ દિવસ ગરબા ગાયા નહોતા, તેથી વિચારમાં પડી ગયા. પણ તેમાં એ વાણિયો ગોકુળનાથજી મહારાજનો ખરેખરો ભક્ત હતો. તે ઘણી વખત મંદિરમાં હીંચ લેતો લેવડાવતો હતો. તે આ વખતે આગળ આવ્યો. તેણે બીજા વાણિયાઓને કેમ પગ ઉપાડવા, કેમ હાથ ઊંચા નીચા કરવા, ને તાળીઓ પાડવી તે બધું બતાવ્યું. ગરબા શરૂ થયા :

" આવ્યા શ્રી ગોકુલ તારવા
છબિલો લાલ
આવ્યા શ્રી ગોકુલ તારવા. "

ત્રણે ભીલો વચમાં બેઠા હતા, અને તેમની આગળ પાછળ વાણિયા ફરતા હતા. વાણિયાઓને ગાતા ને ફરતા જોઈ ભીલો ખુશ થયા ને દરબારમાં કાઠી નાચ મુજરો જોઈને ખુશ થાય ને વાહ વાહ પોકારે તેમ વાહ વાહ કરવા લાગ્યા.



એક પછી એક નવાં નવાં ગીતો ચાલવા લાગ્યાં. એકાએક ગવડાવનારની વાણિયા બુદ્ધિ ખીલી. તેણે નવું જ ગીત બનાવી ગવડાવવા માંડ્યું.

"નંદજીને ઘર ઓચ્છવ આવ્યો,
ત્રૈણ જણા (૨)

ત્રણ ત્રણ વચ્ચે એક પાધડું,
ત્રૈણુ જણા. (૨)

નંદજીને ઘેર ઓચ્છવ આવ્યો,
ત્રૈણુ જણા. (૨)

બોલતાં બોલતાં ગવડાવનાર વચમાં કૂદતો હતો. અને હાથના ચાળા કરી કરી ગાયનનો મર્મ વાણિયાઓને સમજાવતો જતો હતો કે ત્રણ વાણિયા વચ્ચે એક ભીલ છે. ગાયન આગળ ચાલ્યું.

વૃંદાવનમાં રાસ રચાયો,
ત્રૈણુ જણા. (૨)

નવ ઝીલે ને એક ઝપાટે,
ત્રૈણુ જણા. (૨)

નંદજીને ઘેર ઓચ્છવ આવ્યો,
ત્રૈણુ જણા. (૨)

ભીલો ગાયનમાં મસ્ત બની ડોલતા હતા ત્યાં તો એકાએક પાછળથી વાણિયાઓએ એક સામટો તેમના પર ધસારો કર્યો. ત્રણ ત્રણ વાણિયે એક

ભીલને બોચીમાંથી ઝાલી આડો પાડી દીધો ને મજબૂત પકડી રાખ્યો. દશમો વાણિયો ગવડાવનાર છૂટો હતો, તેણે ભીલોનાં જ ફાળિયાંના ચિરાડા કરી તેમના હાથ પગ ઘૂંટણુ સાથે ચસાચસ તાણીને બાંધી લીધા. ત્રણુ ભીલોનાં ત્રણુ ગોળ પોટલાં બની ગયાં. તે પાછાં મજબૂત ચાદરોમાં બાંધી લીધાં. ઝટ-પટ સૌએ કપડાં પહેરી લીધાં. પછી ભીલોની બંદૂકો, તીરકામઠાં, છરા વગેરે લઈ લીધાં. સાથે ભીલોને પણુ ઉંચકી લઈ ચાલ્યા.

ગામ બહુ દૂર નહોતું. કલાકમાં તેઓ ગામમાં આવી પહોંચ્યા. તેમનો આવો મૂછકટ્ટો વેશ, હાથમાં બંગડી, કોઈને ખભે તીરકામઠાં, તો કોઈને બંદૂક, ત્રણુ જણુને માથે ચચ્ચાર મણુનાં જંગી પોટકાં. આ બધું જોવા આખું ગામ ભેગું થઈ ગયું. વાણિયાઓએ બધી વાત કહી સૌને ખૂબ ખૂબ હસાવ્યા અને પછી ત્રણે પોટકાંની મિલ્કત ગામના કોટવાળને સુપ્રત કરી.

ત્રણ આફતો

એક હતો રાજાનો કુંવર. એનો જન્મ થયો ત્યારે રાજાએ દેશદેશના જ્ઞાની પંડિતો અને જોષીઓને તેડાવ્યા ને જન્મકુંડળી કરાવી. જોષીઓએ કુંડળી બનાવી પણ તેમનું મન બહુ શોકાકુલ થઇ ગયું. રાજાએ પૂછ્યું "આમ કેમ, જે હોય તે સાચે સાચું કહી નાખો, હું ગુસ્સે થવાનો નથી."

જોષીઓએ કહ્યું, "મહારાજ! ગુસ્સે થવાનું કારણ નથી, પણ દુઃખી થવાનું છે. કુંવર પંદર વરસના થશે તે પહેલાં તેને જન, વન, અને જળ, ત્રણ ઘાત નડશે. તેમાંથી જો બચી જવા પામશે તો દીર્ઘાયુ થશે ને કીર્તિ તથા સમૃદ્ધિનો સ્વામી થશે.

રાજાને આ સાંભળી બહુ દુઃખ થયું. તેણે નિશ્ચય કર્યો કે કુંવરને જન, વન અને જળનાં દર્શન જ ન થવા દેવાં. તેને મહેલમાંથી બહાર જ ન કાઢવો.

રાજાના હુકમથી એક અતિ વિશાળ ભવ્ય

મહેલ તૈયાર કરવામાં આવ્યો. એમાં આખો દિવસ ગાયન, વાદન અને નૃત્ય ચાલ્યાં જ કરે એવો બંદોબસ્ત કરવામાં આવ્યો. કુંવરને એ મહેલમાં થોડાક વિશ્વાસુ નોકરચાકરની સંભાળ નીચે રાખવાની વ્યવસ્થા કરવામાં આવી.

એમ કરતાં કુંવર બાર વર્ષનો થયો. આટલાં વર્ષમાં એણે મહેલમાં રહીને એક કુતરો, એક સુંદર ઘોડો અને એક નોકર એ ત્રણની ખરી ભાઈબંધી કેળવી હતી. મહેલમાં એ ફરવા નીકળતો ત્યારે પણ એ ત્રણ તો એની સાથે ખરાં જ.

મહેલની ચોતરફ જબરદસ્ત કિલ્લો હતો. કિલ્લાની બારીઓમાં થઈને કુંવર ન જાણે તેમ સૌ જાઆવ કરતા હતા. એક વખત ભૂલથી એક બારી ઉઘાડી રહી ગઈ અને એટલામાં કુંવર ત્યાં આવી પહોંચ્યો. બારીમાંથી એણે બહાર અસંખ્ય માણસો અને મકાનોનો ઠાઠ જોયો. એને એ બધું પાસે જઈને જોવાનું મન થયું, પણ નોકરે એ બારી તરત જ બંધ કરી દીધી.

કુંવરે તો હઠ પકડી: “ મને બહાર જવા દો, નહિ તો મારે ખાવું યે નથી ને પીવું યે નથી.”

રાજા રાણી ગભરાયાં. ત્રણ આફતની બીક તેમની આંખ આગળ તરવરતી હતી અને કુંવરને બહાર જવાની રજા આપ્યા વગર ચાલે તેમ નહોતું.

વિશ્વાસુ માણસો સાથે કુંવરને ગામમાં ફેરવવામાં આવ્યો. ફરતા સૌ ગામને છેડે નીકળી ગયા. કુંવરે પૂછ્યું, “ હવે મકાનો કેમ નથી ? ”

અનુચરે જવાબ દીધો, “ હવે મકાનોને બદલે વૃક્ષો આવે છે. મકાનો હોય તે શહેર, અને એકલાં વૃક્ષો હોય તે વન કહેવાય.”

કુંવરે કહ્યું, “ ચાલો. ત્યારે વનમાં જઇએ.”

અનુચરો ગભરાયા. ગામ છોડી આગળ જવાની રાજાની આજ્ઞા નહોતી. તેમણે કુંવરને સમજાવ્યા કે “ રાજાજીની આજ્ઞા લઇને પછી આગળ જઈશું.


ઘેર જઈ કુંવરે તો ફરી હઠ લીધી. “મને વન જોવા દો, નહિ તો ઉપવાસ કરી મરીશ.” થનારૂં

હશે તેમ થશે કહી નિરૂપાયે રાજારાણીએ કુંવરને જવાની રજા આપી. કુંવર ઘોડા પર સવાર થઇ ગયો અને પેલો કૂતરો તથા પોતાના મિત્ર નોકરને પોતાની સાથે લીધા. બીજા પણ ઘણા નોકરોને રાજાએ તેની સાથે મોકલ્યા.

નવા નવા દેશ જોતો જોતો કુંવર તો આગળ આગળ ચાલ્યો જાય છે. આમ વરસ બે વરસ નીકળી ગયાં. રાજાએ મોકલેલા માણસો ફરીફરીને કંટાળી ગયા અને એક પછી એક કુંવરને છોડી જતા રહ્યા. હવે કુંવરની સાથે માત્ર કૂતરો, તેનો મિત્ર અને ઘોડો એમ ત્રણ જ રહ્યાં.

ફરતાં ફરતાં કુંવર એક નદી કિનારે આવી પહોંચ્યો. ત્યાં તેણે નાસ્તો કર્યો. પછી હાથ મોં ધોવા કુંવર નદીમાં પગ મૂકે છે ત્યાં એક મગર દોડી આવ્યો. કુંવરે મગરને જોયો પણ એની પાસે એ વખતે કંઈ હથિયાર નહોતું, એથી એણે જમીન તરફ દોટ મૂકી. પણ મગર એની પાછળ પડયો. ઘોડો એક ઝાડ સાથે બાંધેલો હતો, વિશ્વાસુ નોકર કંઈ કામે દૂર ગયેલો હતો, એકલો

કૂતરો ત્યાં સૂતો હતો. કુંવરને આમ ગભરાટમાં દોડતો જોઈ કૂતરો એકદમ ઉભો થઇ ગયો. એણે કુંવરની પાછળ મગરને મોં ફાડી ધસી આવતો જોયો. એક પલકારામાં એ સ્વામીભક્ત કૂતરો કુંવર અને મગરની વચમાં કૂદી પડયો. મગરે ઝડપથી



તેને પકડી લીધો અને પાણીમાં ખેંચી ગયો. કૂતરાની મરતી વેળાની ચીસ સાંભળી કુંવરને અપાર દુઃખ થયું. તે સમજી ગયો કે આ મૂઢ પ્રાણીએ પોતાના મિત્રની ખાતર પોતાના પ્રાણનું બલિદાન આપ્યું છે. પોતાને આ આફતમાંથી બચાવવા માટે કુંવરે કૂતરાનો ઉપકાર માન્યો.

ઘણા દિવસો પછી ફરતો ફરતો તે એક ગામમાં આવી પહોંચ્યો. ત્યાંના લોકો જાદુ વિદ્યાના પુજારી હતાં, અને ભયંકર દેવ દેવીઓના ભકત હતા. કુંવરનો સુંદર ચહેરો જોઈ એ લોકોએ રાત્રે દેવી આગળ કુંવરનો ભોગ ધરાવાનો વિચાર કર્યો. આસપાસ થતી તૈયારીઓ વગેરે જોઈ કુંવરના મિત્રને વહેમ પડયો કુંવરની જિંદગી જોખમમાં છે. તેથી તેણે કુંવરને છૂપી રીતે ત્યાંથી ભાગી જવા કહ્યું. પોતાના વિશ્વાસુ મિત્રને આફતમાં મૂકીને નાસી જવાનું કુંવરને ગમ્યું નહિ. પણ મિત્રના ખૂબ આગ્રહથી છેવટે તેણે કબૂલ કર્યું. અને રાત પડતા પહેલાં નજર ચૂકવી ઘોડેસ્વાર થઇ જંગલમાં ભાગી ગયો. આ તરફ લોકોએ કુંવર ભાગી ગયો જણાતાં તેના વફાદાર નોકરને પકડયો અને તેનું વેર લેવા એને મારી નાખ્યો. આમ આ બીજી આફતમાંથી નોકરને લીધે કુંવર બચ્યો.

કુંવર ભર જંઘલમાં થઈને જાય છે. એવામાં વાઘના ઘુઘવાટા સંભળાવા લાગ્યા. બીજીજ પળે એક વિકરાળ વાઘની રાતીચોળ આંખો થોડેક સામે

તગતગતી દેખાઈ. એકદમ વાઘ છલંગ મારી તેના તરફ કૂદ્યો—ભયથી કુંવર ઘોડા પરથી નીચે પડી ગયો. વાઘ આવીને ઘોડાને ચોટી પડયો. જો કુંવર ઘોડા પર બેઠેલો રહ્યો હોત તો તે વાઘનો ભોગ બની ગયો હોત. પણ સદ્‌ભાગ્યે નીચે પડી જવાથી તે બચી ગયો. વાઘ ને ઘોડાની ગડમથલ દરમિયાન કુંવર સાવધ થઈ ગયો અને પાસેમા એક ઊંચા ઝાડ પર ચઢી લપાઈ બેઠો. વાઘ ઘોડાને મારી ઉપાડી ગયો. કુંવરને બદલે ઘોડાનો ભોગ અપાયો. આમ કુંવર ત્રીજી આફતમાંથી બચી ગયો.

આખી રાત કુંવર ઝાડ પર બેસી રહ્યો. બીજી સવારે તે આગળ પ્રવાસે ચાલ્યો. ફરતો ફરતો તે એક રાજ્યમાં આવી પહોંચ્યો. ત્યાં પોતાની હોશિયારી અને બહાદુરીથી સેનાપતિની જગા લીધી. એની કાબેલિયત જોઈ એ દેશના રાજાએ એને પોતાની કુંવરી પરણાવી. તે વખતે કુંવરે જાહેર કર્યું કે પોતે પણ એક રાજાનો કુંવર છે.

વાજતે ગાજતે કુંવર રાણીને લઈને પોતાના પિતાના રાજ્યમાં આવ્યો; ત્યારે તેની ઉંમર વીસ

વર્ષની હતી. તેને પ્રવાસે નીકળ્યે સાત વર્ષ થઈ ગયાં હતાં, એથી સૌએ માની લીધું હતું કે કુંવર મરણ પામ્યો હશે. પણ અનેક આફતો વટાવીને ક્ષેમકુશળ કુંવરને પાછો આવેલો જોયો ત્યારે વૃદ્ધ રાજારાણીને હર્ષનાં આંસુ આવ્યાં. તેઓ તેને ખૂબ વહાલથી ભેટી પડયાં.

બીજે દિવસે કુંવરનો ગાદી પર રાજ્યાભિષેક થયો. એ વખતે કુંવરે પોતાની ખાતર એના મિત્રોએ કેવી રીતે પ્રાણ આપ્યા તે વાત ગળગળા થઈ કહી સંભળાવી અને એમની યાદમાં પોતના રાજ્યમાં ઠેર ઠેર મૂગાં પ્રાણીઓ માટે ઔષધાલયો અને ગરીબો માટે અન્નક્ષેત્રો ખોલવા હુકમ કર્યો.

સોનાની ઈંટો

વનવાં એક મહાત્મા રહેતા હતા. ઘણા દિવસના ઉપવાસ પછી એક સવારે તેમણે પારણાં કરવાનો વિચાર કર્યો. એટલામાં ત્યાં થઈને એક કોપરાનું ભરેલું ગાડું નીકળ્યું. મહાત્માએ ગાડાવાળા પાસે કંઈ ખાવાનું હોય તો આપવા વિનંતી કરી, પણ ગાડાવાળાએ તેમની વાત ગણકારી નહિ. તે બોલ્યો, " મારી પાસે તો કંઈ ખાવાનું નથી.

મહાત્માએ પૂછ્યું, " ગાડામાં શું છે ? "

ગાડાવાળાએ ઉદ્ધતાઇથી જવાબ દીધો, " ધૂળ ને ઢેખાળા છે : ખાવા છે ? "

મહાત્મા દુઃખી થઈ બોલ્યા, " હશે ભાઇ ! તારા ધૂળ ને ઢેખાળાનું મારે શું કામ છે ? "

ગાડાવાળો ગામમાં ગયો અને વેપારીને ત્યાં જઇ કોપરાંનો સોદો કરવા બેઠો. વેપારીએ કોપ-

રાંનો નમૂનો માગ્યો. ગાડાવાળો ગાડામાંથી નમૂનો લેવા જતાં જુએ તો આખું યે ગાડું ધૂળ ને ઢેખાળાથી જ ભરેલું! કોપરાનો એક ટુકડો સરખો ય ન મળે! ગાડાવાળો તો હતાશ જેવો થઈ ગયો.

વેપારી કહે, "લાવ નમૂનો." પણ ગાડાવાળો શું લાવે? તેણે વેપારીને બધી વાત કરી. વેપારીએ કહ્યું, "ત્યારે તો નક્કી એ મહાત્માના જ પ્રતાપ. તું એમની આગળ જૂઠું બોલ્યો એથી આમ થયું. માટે હવે એમને પ્રસન્ન કરે તો કંઈક થાય."

ગાડાવાળો ગાડું લઈ પાછો વનમાં ગયો. મહાત્માને ખોળી કાઢી, દોડતો જઈ એમના પગમાં પડ્યો, ને માફી માગતાં કહ્યું, "મહારાજ! હું આપની આગળ જૂઠું બોલ્યો હતો. મારા ગાડામાં તો કોપરાં હતાં."

મહાત્મા હસીને બોલ્યા, "હું જાણું છું, તારા ગાડામાં કોપરાં જ છે."

ગાડાવાળો ગાડામાં જઈને જુએ તો ધાડું બધું કોપરાથી ભરેલું. તેણે થોડાંક કોપરાં મહાત્માને

ચરણે ધર્યાં. મહાત્માએ તેમાંથી માત્ર બે કાચલી



લીધી ને બોલ્યા, "ભલા ભાઈ! મેં કંઈ તારા ગાડામાં ધૂળ ઢેખાળા થઈ જવાનું કહ્યું નહોતું. એ તો તું જ બોલ્યો હતો. તારાં જ વચન તને પાછાં વાગ્યાં હતાં. હવે તેં પશ્ચાતાપ કર્યો એટલે એ વચનનું બળ ઓગળી ગયું, ને પાછાં કોપરાં થઈ ગયાં."

ગાડાવાળો ગાડું લઈ પાછો ગયો.

હવે પેલા વેપારીએ વિચાર કર્યો કે આ મહાત્મા બહુ ચમત્કારી છે, માટે જો હું એમનો ચેલો

બની જાઉં તો મને બધી વિદ્યા જાણવા મળી જાય. પછી કોઇ વાતે દુ:ખ ન રહે.

એણે તો સાધુનો વેશ લીધો. લાંબો ભગવો ઝભ્ભો પહેર્યો, પગમાં પાવડીઓ ઘાલી, હાથમાં તુંબીપાત્ર લીધું, અને શરીરે ભસ્મ ચોળી ગયો મહાત્મા પાસે. “મહારાજ! મને આપનો શિષ્ય બનાવો. હું ઘણું ઘણું રખડયો ત્યારે આજે ગુરુ કરવા લાયક તમે જ મને મળ્યા છો.”

મહાત્માએ કહ્યું, “ભલે! રહો.”

વેશધારી શિષ્ય રોજ મહાત્માને કહે, “મહારાજ! મને હવે આપની વિદ્યા શિખવો. મને હવે ઉપદેશ આપો.”

મહાત્મા શાંતિથી કહે, “હજી વાર છે.”

એમ કરતાં કરતાં શિષ્ય તો ખૂબ કંટાળી ગયો. વગડાની જિંદગી એને નીરસ લાગતી હતી. કોઇ વાતો ચિતો કરનાર નહિ, કયાંય સોદા કરવાના નહિ, કોઈની સાથે લઢવા–બોલવાનું નહિ. આખો દિવસ મૌન રહેવાનું, ગુરુસેવાનાં ઘણાં કામ

કરવાનાં, ભોંય પર સૂઈ જવાનું, લૂખુ સૂકું મળ્યું તે ખાઈ લેવાનું કે વખતે કડાકા ખેંચી કાઢવાના. આ બધું એને કેમ ફાવે ?

એક દિવસ મહાત્મા બોલ્યા, “ચાલ આજે તને ઉપદેશ આપવાનો છે.”

મહાત્મા આગળ ચાલ્યા, શિષ્ય પાછળ ચાલ્યો. થોડેક જતાં રસ્તામાં ઈંટોનો એક ઢગલો દેખાયો. મહાત્માએ તે તરફ નજર કરી દૃઢ સંકલ્પ કરી મનમાં કહ્યું, “આ ઈંટો સોનાની બની જાઓ.” તરતજ ઈંટો સોનાની દેખાવા લાગી.

મહાત્મા આગળ ચાલ્યા. શિષ્યે સોનાની ઈંટો જોઈ. એને થયું, “ગુરુ વિદ્યા શીખવશે ત્યારે શીખવશે, આજે તો આ સોનાની ઈંટો લઈ લઉં.” આમ વિચારી એણે ધીરે રહીને બે ઈંટો ઉંચકી લીધી, અને પોતાના લાંબા ઝભ્ભાની અંદર બગલ નીચે દાબી રાખી.

થોડીવારે મહાત્મા અટક્યા. તેમણે પાછળ ફરી શિષ્યને કહ્યું, “ફોગટ શા સારૂ ભારે મરે છે?”

શિષ્યે નવાઈ પામી પૂછ્યું, "શાનો ભાર, મહારાજ?"

મહાત્માએ કહ્યું, "નકામી ઈંટોનો."

શિષ્ય તો સડક થઈ ગયો. એની બગલમાંથી ઈંટો નીચે પડી ગઈ. જોયું તો બંને ઈંટો બધે હોય છે તેવી માટીનીજ હતી!

મહાત્મા બોલ્યા, "ભાઈ! તને આજ ઉપદેશ આપવાનો હતો કે સોનાની ઈંટો ભેગી કરવા માટે સાધુ થવાનું નથી. માટે તું તારે ઘેર પાછો જા, ને પ્રમાણિકપણે તારો ધંધો કર."

મહાત્માને પગે પડી વેપારી પાછો ઘેર ગયો.

બાઘો

એક હતો બાઘો.

એક દિવસ એ ખેતરમાં ખડ વાઢતો હતો. બપોર થયા એટલે વાઢવાનું કામ રહેવા દઈ સૌ રોટલા ખાવા બેઠા. બાઘો પણ રોટલા ખાવા બેઠો.

ખાઈ રહ્યા પછી સૌ પાછા કામે વળગ્યા. બાઘાએ પણ પોતાનું દાતરડું લીધું. આટલો વખત તડકામાં પડયું પડયું એ ખૂબ તપી ગયું હતું.

બાઘાને દાતરડું હાથમાં લેતાં ગરમ લાગ્યું. એટલે એ સમજ્યો, હાય રે! મારા બિચારા દાતરડાને તાવ આવ્યો છે, હવે શું થશે? બિચારૂં તાવમાં ને તાવમાં મરી જશે તો પછી હું શું કરીશ?

બાઘો બધા ખેડૂતોને દાતરડું બતાવી કહે, અરે! મારા દાતરડાને તાવ આવ્યો છે. હવે શું થશે?

ખેડુતો એ સાંભળી હસીને કહે, અલ્યા, પણ

પાણીમાં બોળી આવ જા.

બાધો તો દોડયો. દાતરડું પાણીમાં બોળ્યું કે તરત હિમ થઇ ગયું. એ કહે, હાશ, હવે તાવ ઉતરી ગયો. તાવ આવે તો શું કરવું એ બાધાએ બરાબર યાદ કરી લીધું.

એક વખત એવું બન્યું કે બાધાની ઘરડી મા માંદી પડી. સખત તાવ આવતો હતો.

બાધાએ જોયું તો શરીર ધગધગતું હતું.

બાધો કહે, અરે, તાવના શા ભાર છે. હમણાં ઉતારી દઉં.

એ તો ડોશીને ઉંચકી લઈ ગયો નદી કિનારે. હાથપગ ઝાલી ડોશીને પાણીમાં ઝબોળવા લાગ્યો.

ડોશીએ એક ડુબકું ખાધું.

બાધો કહે, હજી તાવ ઉતર્યો નહિ. હજી વાર છે.

બીજું ડુબકું ખવડાવ્યું.

તોય તાવ ઉતર્યો નહિ.

બાધાએ ઉપરાઉપરી ડુબકાં ખવડાવવા માંડયાં.

ડોશીએ બૂમાબૂમ કરી મૂકી.

બાઘો કહે, એમાં બૂમો શું પાડે છે મા, હમણાં જ તાવ ઉતરી ગયો સમજ.

ડોશીની બૂમો સાંભળી લોકો દોડી આવ્યા ને બાઘાના હાથમાંથી ડોશીને છોડાવી. ડોશી ડુબકાં ખાઈ અધમૂઇ થઇ ગઇ હતી.

લોકો કહે, અલ્યા, આ શું કરતો હતો? ડોશીને ડુબાડી મારવી છે?

બાઘો કહે, હું તો ડોશીનો તાવ કાઢવા કરતો હતો. એક વાર મારા દાતરડાને તાવ આવેલો ત્યારે મેં તો આમ કરેલું એટલે તરત તાવ ઉતરી ગયેલો.

લોકો કહે, અલ્યા, પણ હવે આમ ન કરતો. ડોશીને આજે જરા એરંડિયું પીવાડ. એટલે પેટ સાફ થઈ જશે ને તાવ ઉતરી જશે.

સારૂં ત્યારે, હવે એમ કરીશ, કહી બાઘો ઘેર ગયો.

ડોશીને એરંડિયું આપ્યું. ડોશીને તાવ ઉતરી ગયો.

બાઘાએ બરાબર યાદ રાખી લીધું કે તાવ આવે તો એરંડિયું પાવુ.

એવામાં એક વખત એવું બન્યું કે એક ઘાંચીના ઘરને આગ લાગી. બાઘો ત્યાં થઇને જતો હતો.

બાઘો કહે, અરે ! આ ઘરને તાવ આવ્યો છે તાવ, એટલે ગરમ ગરમ લાગે છે.

બાઘો તો દોડયો ઘાંચીની કોઢમાં ને ત્યાં એરં-ડિયાના ડબા પડયા હતા, તે ઉંચા કરી કરી આગમાં રેડવા મંડયો.

આગ તો ખૂબ વધી. લોકો ભેળા થઈ ગયા.

બાઘો ઘરની ભીંત પર ચડી આગમાં એરંડિયું રેડતો હતો.

લોકો કહે, અલ્યા એ, ત્યાં શું કરે છે?

બાઘો કહે: મૂરખાઓ, તમે તો કોઇ આવ્યા નહિ ને ! જોતા નથી આ ઘરને તાવ આવ્યો છે તે. એ તો મેં એરંડિયુ પાયું, નહિ તો મરી ના ગયું હોત.

એક ઘાંચીએ બાઘાને લપડાક ચોડી કાઢી અને તેના હાથમાંથી ડબ્બો ઝુંટવી લઈ, તેને હેઠો ખેંચી પાડયો.

પછી લોકોએ ભેગા થઈ ઘરનું છાપરૂં તોડી પાડી આગ ફેલાતી અટકાવી.

બાઘો એ જોઇ રહ્યો.

આગ હોલવાઈ ગઈ. લોકો કહે, જોયું બળતું હોય તો પાડી નાંખવું એટલે હોલવાઈ જાય.

આગ કેમ હોલવવી એની હવે બાઘાને સમજ પડી ગઇ.

એક વખત બાઘો સવારના વહેલો ઊઠી નદીએ જતો હતો. ત્યાં રસ્તામાં કુંભાર લોકોએ વાસણ પકવવા નિમાડો કર્યો હતો. નિમાડામાં લાકડા ભડભડ બળતા હતાં ને ધૂમાડો નીકળતો હતો.

બાઘો કહે, નક્કી આ ઘરમાં આગ લાગી છે. ધોકો તો એની પાસે જ હતો. એ તો નિમાડાની ચારે તરફ ધોકો લઈને ફરી વળ્યો. એકેએક વાસણનો ભૂકો કરી નાખ્યો. બળતું એકદમ હોલવાઈ ગયું.

સવાર થઇ ને કુંભારો આવીને જુએ છે તો વાસણના ભૂકેભૂકા !

એટલામાં બાધાભાઇ નદીએથી પાછા આવ્યા. લોકોને અહીં ભેગા થયેલા જોઈ બાધાને પોતાની બહાદુરી પર શૂર ચડ્યું.

હાથ લાંબા કરી કરી બાધો કહે, ગધેડાઓ, જરા આંખ તો ઉઘાડી રાખીએ. આગ લાગી ને ભડકા નીકળ્યા ત્યાં લગી તમારી ઉંઘ ના ઉડી. એ તો સારા નસીબે હું આવી ચડ્યો, ને બધું બરાબર કરી દીધું નહિ તો શી વલે થાત !



કુંભારોને એવી તો રીસ ચડી કે સૌ બાધાને

મારવા દોડયા. બાઘા પાસે ધોકો તૈયાર જ હતો. લાંબો વિચાર કરવાનો એને તો હતો જ નહિ. એક બે કુંભારોને એણે દઈ વાળ્યા.

કુંભારોએ રાજાને ફરિયાદ કરીઃ સાહેબ, આ બાઘાએ અમારો માલ ભાંગી નાંખ્યો, ને સામા અમને માર્યા,

આખી કચેરી બાઘાનાં પરાક્રમ સાંભળી હસી પડી.

રાજાએ બધી વાત સાંભળી બાઘાને કાઢી મૂકયો ને કુંભારોને નુકસાનના પૈસા આપી રાજી કર્યા.

જીવો કમાઈ આવ્યો !

બાર વર્ષે જીવાની માનો કાગળ આવ્યો.

“ જીવા ! હવે તો ઘેર આવે તો ઠીક. બાર બાર વર્ષ તેં શેઠની નોકરી કરી. હવે તો બહુ કમાયો હોઈશ. હું યે હવે ઘરડી થઈ.

જીવાએ ઘેર જવાનો વિચાર કર્યો. તે શેઠની પાસે ગયો અને ઘેર જવાની રજા માગી. શેઠે એના પગારના ચડેલા રૂપિયા ગણી આપ્યા. બસો રૂપિયાની પોટલી માથે ચડાવી, જીવો ઘેર જવા નીકળ્યો.

ઉનાળાનો વખત છે. માથે સૂરજ તપે છે. ધરતી પર જાણે જ્વાળા વરસી રહી છે. તાપથી આખા શરીરે પરસેવાના રેલેરેલા નીતરે છે. માથે બસો રૂપિયા—પાંચ શેર વજનની પોટલી છે. જીવો તાપથી

કાયર કાયર થઈ ગયો, માથા પરની પોટલીનો ભાર હવે તેને વધારે લાગવા માંડયો.

એટલામાં એક ઘોડેસ્વાર ત્યાં થઈને નીકળ્યો. જીવો કહે, "અરે ભાઇ! તમને તાપ નથી લાગતો? મારાથી તો આ તાપ ને આ ભાર, બેય નથી ખમાતાં."

ઘોડેસ્વાર કહે, "અમે તો આ ઘોડે ચડીને નીકળ્યા: હમણા ઘેર પહોંચી જઇશું."

જીવો કહે, "અરે ભાઇ! મારાથી તો આ તાપ નથી ખમાતો"

ઘોડેસ્વાર કહે, "એવો શો ભાર છે!"

જીવો કહે, "બાર વરસનો પગાર છે. બસો રૂપૈયા છે—બસો, હાં, પણ ત્યારે તમે એટલું ન કરો? મને તમારો ઘોડો ના આપો? મારો આ ભાર તમે લો, ને તમારો ઘોડો મને આપો."

ઘોડેસ્વાર કહે, "ઠીક, તો લે આ ઘોડો."

જીવાએ રૂપિયાની પોટલી પેલા ઘોડેસ્વારના હાથમાં મૂકી, ઘોડેસ્વારે ઘોડાની લગામ જીવાના હાથમાં સોંપી.

જીવો કૂદકો મારી ઘોડા પર બેઠો ને ખદૂક ખદૂક હાંકવા માંડ્યું.


થોડેક દુર ગયા પછી જીવાને થયું કે ઘોડો આમ ધીમે ધીમે ચાલે એ ઠીક નહિ, ઘોડો ઘોડાની રીતે ન ચાલે તો પછી એ ઘોડો શાનો. એણે લગામ ખેંચી, એડી મારી—ઘોડો પુરપાટ ઊપડ્યો. એવો દોડ્યો કે જીવાભાઇ ઘોડાની પીઠ પર ઉંચા નીચા ઠબકારા ખાવા લાગ્યા. એટલામાં સામું એક ઝાડ આવ્યું. ઘોડો એકદમ ઊભો રહી ગયો ને આગલા પગ ઊંચા કરી ઝાડ થયો. જીવાભાઈ ઘોડા પરથી સીધા ભોંય પર ગબડી પડ્યા!

એટલામાં ત્યાં થઈ ને ઊંટવાળો જતો હતો. એણે દોડી આવી ઘોડાની લગામ પકડી લીધી અને ઘોડાને ઠેકાણે આણ્યો જીવો ઊભો થઈ કહે, "અરે, કેવો ખરાબ ઘોડો છે! આવા ઘોડા પર બેસવા કરતાં તો ઊંટ શું ખોટું!"

ઊંટવાળો કહે, "ભલે મારું ઉંટ જોઇએ તો લઇ જાઓ. મારે ઘોડો ચાલશે."

જીવો કહે, "હં! હં! એવું કરો. તમે મારો ઘોડો લઇને તમારૂં ઊંટ મને આપો."

ઊંટવાળાએ જીવાને ઊંટ પર બેસાડયો, દોરી તેના હાથમાં આપી, અને ઊંટને ચાલતું કરી, પોતે પેલા ઘોડા પર સ્વાર થઈ રસ્તે પડયો.



જીવો કહે, "હાશ! કેવી મજા આવે છે! ઊંચા આસને બેસવાનું મળ્યું! લખવાનાં ટેબલ પેઠે આગળ ઊંટનો ઢેકો સરસ છે!"

થોડેક ચાલ્યા ત્યાં જીવાભાઈની કમર દુખવા લાગી. એવામાં એક લીમડો આવ્યો. લીમડો જોઇ ઊંટની દાઢ સળકી. એ તો મંડયું લીમડાનાં પાન

ખાવા. જીવાભાઈ બહુયે કરે, દોરી આમ ખેંચે, તેમ ખેંચે, પણ ઊંટ તો ખસે જ નહિ. જીવો કહે, "આવા હરામી ઊંટ કરતાં તો ગધેડું શું ખોટું?"

એટલામાં ત્યાં થઇને એક કુંભાર જતો હતો. જીવો કહે, "અરે કુંભારભાઈ! જરા અહીં આવોને. જુઓને આ ઊંટ આંહીંથી ખસતું નથી."

કુંભાર કહે, "દોરી આમ ખેંચો.. હં... આમ ડચકારો કરો."

જીવો દોરી ખેંચવા ગયો. ત્યાં ઊંટ વાંકું મોં કરી એકદમ ગોળ કુંડાળું ફરી ગયું. જીવાએ ફરી દોરી ખેંચી. ઊંટ ફરી જોસથી બરાડી, જીવાના પગને બચકું ભરવા મોં પહોળું કરી વળી બે ત્રણ કુંડાળાં ફરી ગયું. જીવો તો બી ગયો. એનાથી ચીસ નખાઈ ગઈ. "આ કરતાં તો ગધેડું શું ખોટું!"

કુંભાર કહે, "ભાઇ ગધેડું જોઇએ તો મારૂં ગધેડું લો.

જીવો ખુશ થઇ કહે, "હં હં! એવું કરો. મારે

તો આ બલા નથી જોઈતી.”

કુંભારે ઊંટને બેસાડ્યું. જીવાને હેઠે ઉતાર્યો અને ગધેડું સોંપ્યું. પછી પોતે ઊંટને દોરી ચાલતો થયો.

જીવાભાઈ ગધેડા પર એક તરફ બે પગ રહે તેમ બેસી, ગાતા ગાતા આગળ ચાલ્યા.

જતાં જતાં નદી આવી. ગધેડું નદીમાં ઉતરવા જાય કે ત્યાં ઠોકર લાગી. જીવાભાઈ પાણીમાં પડયા ! કપડાં બધાં પાણીમાં તરબોળ થઈ ગયાં !

જીવાભાઈ કહે, ‘ હત્તારીની ! આવા ગધેડા પર બેસવા કરતાં ન બેસવું શું ખોટું ! મરવા દે ગધેડાને. ”

જીવાભાઈ તો ગધેડાને છૂટું મૂકી દઈ ભીને કપડે આગળ ચાલ્યા. જતાં જતાં વણઝારાની પોઠ સામી મળી. વણઝારા કહે, “ અરે, આ શું ? તને ફાટાં કપડાં ય નહિ મળ્યાં ? ”

જીવો કહે, “ તો આપોને. ”

જીવાએ ભીના કપડાં ઉતારી નાખી, વણઝા-

રાએ આપેલાં ગંદા ચીંથરિયા કપડાં પહેરી લીધાં. વણઝારા જીવાનાં ભીનાં પણ નવાં કપડાં લઈ રસ્તે પડયા.

જીવાભાઇ આવા રૂડા વેશે આગળ ચાલ્યા: સાંજ પડવા આવી હતી, એટલે વાટમાં એક જાળામાંથી લાકડી કાપી લીધી.

જીવાનું ગામ આવ્યું. ગામમાં પેસતાં એમનો વેશ જોઈ કૂતરાં ભસવા લાગ્યાં. જીવો લાકડી ઉગામી કૂતરાં હાંકતો હાંકતો ગામમાં પેઠો. છેવટે ઘેર આવી ઊભો.

મા કહે, " આવ્યો ભાઈ, જીવા ! "

જીવો કહે, " હા, મા ! આવ્યો. "

" શું કમાઈ લાવ્યો ?"

" બસો રૂપૈયા—બસો રોકડા, કલદાર ! બસો રૂપિયા પૂરા. "

ડોશી કહે, " હેં ! બસો રૂપિયા ! એટલા બધા ? કયાં છે ?"

જીવો હસીને કહે, " એ રૂપિયા આપી મેં એક

ઘોડો લીધો. બહુ ભાર હતો, મા! એટલે મેં આપી દીધો."

મા કહે, "ક્યાં છે એ ઘોડો?"

જીવો કહે, "એ ઘોડાનું ઊંટ લીધું. ઘોડો તોફાની હતો ને, મા! એટલે આપી દીધો."

મા કહે, "એ ઊંટ ક્યાં છે?"

જીવો કહે, "એ ઊંટ આપી મેં ગધેડું લીધું. ઊંટ બહુ ખરાબ હતું, મા! એટલે આપી દીધું."

"અને એ ગધેડું ક્યાં છે?"

જીવો હસી પડ્યો, "અરે એ તો એવું કમજાત નીકળ્યું કે મને નદીમાં ફેંકી દીધો!"

"લુગડાં બધાં બગડી ગયાં હશે!"

જીવો ખડખડ હસી પડ્યો, "અરે, મા! હું કાંઈ કાચો છું? એવાં ભીનાં લૂગડાં તે કંઈ હું પહેરું? એ તો મેં વણઝારાને આપી દીધાં ને આ એનાં કોરાં લુગડાં પહેરીને આવ્યો!"

"શરીરે તો સાજોતાજો છે ને! વાટમાં કંઈ કર્યું તો નથી ને?"

“ એ તો મા, મેં વાટમાં આ લાકડી કાપી લીધેલી, એટલે કૂતરાં તો ઘણાં યે હાઉહાઉ કરતાં આવ્યાં, પણ બધાં યને મેં હાંકી કાઢયાં. ”

મા કહે, “ ત્યારે એટલી લાકડી પણ ઘેર કમાઈ લાવ્યો ખરો ! બાકી તો બાર વરસ પહેલાં જેવો ગએલો એવો જ પાછો આવ્યો છે ! ”

જીવો કહે, “ લાકડી પણ કમાઇ લાવ્યો ખરો ને !”

“ હાસ્તો, એની કોનાથી ના કહેવાય એમ છે ? ” જીવાની માએ જીવાના મોંઢે માથે હેતથી હાથ ફેરવી પોતાના ખોળામાં ખેંચી લીધો.

બાઘો અને ઉસ્તાદ

બાઘો અને ઉસ્તાદ બંને જણા એક જ ઘરમાં સાથે રહેતા હતા. ઉસ્તાદ ખરેખરો ઉસ્તાદ હતો, અને બાઘો તે બાઘો જ હતો.

બંને જણા પૂરા આળસુ હતા. કોઇને મહેનત મજુરી કરવી ગમતી નહોતી. એટલે તેમણે નક્કી કર્યું કે બંને જણે વારાફરતી પોતપોતાની મુડી કાઢવી અને તેમાંથી ગુજરાન ચલાવવું. ઝઘડાને કારણ ન મળે એ હેતુથી એવું ઠરાવ્યું કે પહેલાં બાઘાના પૈસા વાપરવા અને તે ખૂટી જાય એટલે ઉસ્તાદની મુડી પર બંને જણે રહેવું.

દિવસ પર દિવસ જવા લાગ્યા. બાઘાની મુડી ઓછી થતી જ ચાલી અને છેવટે ખલાસ થઇ ગઈ. એવામાં એક બપોરે ઉસ્તાદ રોતો રોતો હાથમાં થેલી લઈને ઘરમાં આવ્યો. બાઘાએ રોવાનું કારણ પૂછ્યું ત્યારે ડુસકાં નાખી ઉસ્તાદ બોલ્યો, "હાય

રે! હું શું કરૂં? તારા કરતાં મારી મૂડી બમણી હતી. મેં વાડામાં ઓરડી તળે રૂપિયા આ થેલીમાં ભરી દાટ્યા હતા, ત્યાંથી કોઈ ચોર ઉઠાવી ગયો લાગે છે. ઓ મારા વહાલા મિત્ર! હવે આપણી ભાઈબંધી કેમ ચાલશે?"

બાધાએ તેને આશ્વાસન આપતાં કહ્યું, "ગભરાઈશ નહિ દોસ્ત! આપણે ભાઈબંધી કરી છે તે આમ તોડી નાખવા માટે નહિ; સુખમાં આપણે બંને સરખે હિસ્સે ખાધું પીધું, હવે દુઃખમાં પણ સાથે જ રહીશું."

ઉસ્તાદ બોલ્યો, "પણ પૈસા વગર?"

બાધો બોલ્યો. "એ મુશ્કેલી છે ખરી, પણ એ તો આપણે કંઈ કામ ખોળી કાઢીશું."

ઉસ્તાદ એ સાંભળી ખુશ થઈ બોલ્યો, "વાહ દોસ્ત! તારા જેવા મિત્ર બહુ થોડાને મળે છે. ઠીક, તો તને કયું કામ આવડે છે એ કહે?"

"મને? આમ તો કંઈ બહુ આવડતું નથી પણ જે આવડે છે તે બરાબર આવડે છે." બાધો બોલ્યો.

"મને પણ એવું જ છે." ઉસ્તાદ બોલ્યો. "તને શું ખેતર ખેડતાં, અનાજ વાવતાં, કાપણી કરતાં કે ખળું ભરતાં આવડે છે?"

"વાહ, તુંયે કેવો છે? એ કામ કંઇ મારૂં છે?"

"બરાબર છે, એ કામ તારૂં નથી, તેમ મારૂં યે નથી. ઠીક, તો તને ઓજારી કામ તો આવડતું જ હશે. તને સુથારી કામ, ખરાદી કામ, લુહારી કામ, કડિયા કામ, કે મોચી કામ કયું આવડે છે?" ઉસ્તાદે પૂછ્યું.

બાઘો હસીને બોલ્યો, "એ તે કંઈ કામ કહેવાય, દોસ્ત! એવું શીખવા કોણ બેઠું છે?"

"બરાબર છે, એ કામ તારૂં નથી તેમ મારૂં યે નથી. ઉસ્તાદ બોલ્યો. "ઠીક, તો તને કયી કારીગરી–ચિત્રકામ, સંગીત કે નૃત્ય તો આવડતું જ હશે."

"અરે યાર!" બાઘો બોલ્યો. "એમાં આવડવા જેવી જરૂર શી છે? એ આંખો બગાડવી, ગળું દુઃખવવું, કે શરીર ભાંગવાનું કામ આપણું છે?"

"બરાબર છે, એ કામ તારૂં નથી, તેમ મારૂં યે નથી. ત્યારે હવે આપણે આમ કરીએ; લાયક કામ આપણને જડતું નથી, પણ આપણે ગામ-પરગામ ફરવા નીકળીએ, તો કામ એની મેળે આપણને ખોળી કાઢશે."

બાધો ખુશ થઈ બોલ્યો, "દોસ્ત ? તારી બુદ્ધિ વગર મને કોણ આ રસ્તો બતાવત ?"

બંને જણ ચાલી નીકળ્યા. જતાં જતાં રસ્તામાં એક શેઠની ગાડી અટકી પડેલી મળી. શેઠે તેમને જોઇ કહ્યું, "સામી ડુંગરીની પાછળ તળેટીમાં ગામ છે ત્યાં મારે જવું છે. પણ ગાડી ભાગી ગઈ છે. તમે જો મારી આ કપડાંલત્તાંની પેટી ત્યાં સુધી ઉંચકીને લઇ જાઓ તો હું તમને બે રૂપિયા આપીશ."

ઉસ્તાદે બાધાને કહ્યું, "જોયુંને, છેવટે કામે આપણને ખોળી કાઢયા ખરા ! પણ જો, આપણે બે જણ છીએ અને પેટી એક છે તેથી આપણે વારા કરીએ. પહેલાં તો આ ટેકરી ઉપર ચડવાનું છે અને રસ્તો ઝાડીવાળો છે એટલે હું જોખમ વહોરી આગળ

રસ્તો દેખાડતો જઈશ, તું પેટી લઈને મારી પાછળ પાછળ આવ: પછી ટેકરી ઉતરવાને રસ્તે તું પેટી લઈને આગળ થજે ને હું તારી પાછળ પાછળ આવીશ.''

"ખરો દોસ્ત!" બાઘાએ વાત કબૂલ કરી અને ટેકરી ચડતાં ને ઉતરતાં આખે રસ્તે એણે જ પેટીનો ભાર ઉંચકયો.



ગાડીવાળા શેઠે બે રૂપિયા આપ્યા તે ચાલ્યા ત્યાં સુધી બંને દોસ્તો ધર્મશાળામાં ખાઈ પી પડયા રહ્યા. પછી થોડાક દિવસ ઉછીનું સીધું મેળવી ચલાવ્યું, પણ પૈસાને માટે જ્યારે આકરો તગાદો થવા માંડયો ત્યારે બંનેએ નક્કી

કર્યું કે આ એકંદર ગામમાં ઝાઝો વખત રહેવામાં લાભ નથી.

રાતોરાત બંને જણ ગામ છોડી ચાલી નીકળ્યા. જતાં જતાં એક જગાએ એક માણસ બેઠો બેઠો હથોડી વડે પથરા ભાગતો મળ્યો. આ બંને જણુને જોઈ તે બોલ્યો, “ મારે જરા ઘેર કામે જવું છે; તેથી જો તમે આટલા પથરા ભાંગી આપો તો હું તમને આ લોટો ભરેલો દૂધપાક તમારી મહેનતના બદલામાં આપું. ”

બંને દોસ્તો ભૂખ્યા થયેલા હતા અને દૂધપાક ખાવાનો મળતો હોય તો પથરા ફોડવાનું કામ કંઈ અઘરું નથી એમ એમને લાગ્યું.

“ પણુ હથોડી માત્ર એક જ છે. તેથી આપણે પથરા ફોડવાના વારા કરવા પડશે.” ઉસ્તાદે કહ્યું, “ આપણે એમ કરો કે પ્રથમ તું પથરા ફોડવા બેસ, પછી તેં કર્યું હશે એટલું કામ હું મારા વારામાં કરીશ. વળી પાછું તું કામ હાથમાં લેજે, અને એમ આપણે બધું કામ પૂરું કરી નાખીશું. ”

"તારા જેવા ભલા બધા મિત્રો હોય તો કેવું સારું!" કહી બાઘો હથોડી લઈ પથરા ફોડવા બેસી ગયો. તેણે ત્રીજા ભાગના પથરા ફોડયા ત્યાં સુધી ઉસ્તાદે ઝાડ નીચે ઊંઘ્યાં કર્યું; પછી તે બોલ્યો, "લાવ, હવે મારો વારો. તારા જેટલું કામ મારે મારા વારામાં કરવું જ જોઈએ."

બીજા ત્રીજા ભાગનું કામ ઉસ્તાદે પોતાના વારામાં કર્યું. વળી ફરી બાઘાનો વારો આવ્યો. તેણે બાકીનો ત્રીજો ભાગ ઝડપથી પૂરો કરી નાખ્યો.

"કામ કેવું ઝડપથી થઈ ગયું!" ઉસ્તાદ બોલ્યો. બિચારા બાઘાને બે ભાગનું કામ કરવું પડયું.

દૂધપાકવાળો પથરા ફોડવાનું કામ પૂરું થયેલું જોઈ ઘેર ગયો અને કહેતો ગયો કે દૂધપાક ખાધા પછી લોટો પેલા ઝાડ તળે મૂકીને જજો.

હવે બંને દોસ્તો દૂધપાક જમવા બેઠા. ઉસ્તાદ બોલ્યો, "તારો તારો પથરા ફોડવાનો હમણાં પૂરો થાય છે એટલે હવે મારો વારો આવ્યો છે. લોટો એક

છે ને દૂધપાકના ભાગ કરવાનું બીજું કંઈ સાધન નથી. એટલે પહેલાં હું થોડાક ઘુંટડા પી લઉં. પછી એટલા ઘુંટડા ગણીને તું પીજે, પછી વળી મારો વારો આવશે અને એમ આપણે દૂધપાક બધો પી જઈશું. કેમ, બરાબર ને !"

બાધાએ વાત કબૂલ કરી. ઉસ્તાદે દૂધપાક પીવા માંડયો. બરાબર ત્રીજા ભાગનો એ પી ગયો. પછી બાધાનો વારો આવ્યો. ઉસ્તાદે જેટલા ઘંટડા પીધા તેટલા ગણીને તેણે પીધા. વળી પાછો ઉસ્તાદનો વારો આવ્યો. બાધો ઘુંટડા ગણવા લાગ્યો અને બાકીનો ત્રીજો ભાગ ગટગટાવી ગયો. લોટો ખાલી થઈ ગયો ! આમ બે ભાગનો દૂધપાક ઉસ્તાદ પી ગયો !

પછી બંને જણે આગળ ચાલવા માંડયું. પેલો લોટો ઝાડ તળે મૂકી દેવાનો હતો પણ ઉસ્તાદે તે સાથે લઈ લીધો હતો. તેથી બાધાએ કહ્યું, "આ કંઈ સારું કહેવાય, દોસ્ત ?"

ઉસ્તાદે જવાબ દીધો, "સારું તો ન કહેવાય,

પણ શું કરીએ ? અહીં લોટો મૂકીને આપણે જઈએ એટલે કોઈ રખડુ આવીને ઉઠાવી જાય તે કરતાં તો લોટો આપણી પાસે રહેશે તો છેવટ સચવાશે તો ખરો ને ?”

“ પણ માલિક આપણી પાછળ પડશે તો ? ”

“ આપણે કેવા સાચા છીએ એ એણે પથરા ફોડાવતાં જોયું છે તેથી એને આપણા પર વહેમ નહિ આવે. એ તો એમ જ માનશે કે કોઈ બદમાશ લોટો ઉઠાવી ગયો હશે. પણ દોસ્ત, આમ તારો જીવ દુઃખાય એ મને ન ગમે, એથી આ લોટો હવે હું જ રાખી લઉં છું. તું એની ચિંતા કરીશ નહિ. ”

બાઘો પોતાના મિત્રની પોતાના તરફની લાગણી જોઇ ખુશ થયો.

જતાં જતાં એક ખેતર આવ્યું. સાંજ પડવા આવી હતી તેથી તેમણે ત્યાં રાત વાસો રહેવાનો વિચાર કર્યો. ખેડૂતે કહ્યું, “ રાત વાસો રહેવા દઉં ને ઉપરથી બે ટંક ખાવાનું યે આપું. મારૂં કામ કરો તો. ”

બંને જણે કબૂલ કર્યું. ખેડુતે તે રાત્રે ખેતરની રખેવાળી કરવાનું કામ સોંપ્યું.

ઉસ્તાદે કહ્યું. " દોસ્ત, આપણે બે જણા છીએ. એટલે કામ વહેંચી લઈએ એ ઠીક. જો, બહાર ચોતરફ ચોકી કરી બહારથી વનવાગળાં કે જનાવરને ખેતરમાં પેસી જતાં હું રોકીશ, તેમ છતાં જો કોઈ બેચાર પંખી કે જનાવર મારી શરત બહાર ખેતરમાં પેસી જાય તો તું અંદર રહી એને હાંકી કાઢજે."

આમ કહી ઉસ્તાદ તો એક ખૂણે ગોદડી નાખી નિરાંતે આડો થઈ ગયો અને બાધાએ ખેતરમાંથી જનાવર હાંકવામાં આખી રાત માથે કરી.

બીજે દિવસે બાધાએ ઉસ્તાદને કહ્યું. " આ ખેતર સાચવવાનું તો બહુ અઘરૂં છે. એ કરતાં તો ઘેટાં ચારવાનું કામ સારૂં. ખેતરના દાણા તો ચકલાં યે ચોરી જાય, ઘેટાંને ઓછાં કોઈ પંખી ઉપાડી જવાનું છે ! આ તો આખી રાત ખેતરમાં હાકોટા ને દોટદોટા."

એ દિવસે તેમણે ઘેટાં ચારવા જવાનું કામ

લીધું. બંને જણા ઘેટાં લઇને સીમમાં ગયા, અને ઘેટાંને ચરવા છોડી એક ઝાડ તળે લંબી ખેંચી સૂઇ ગયા. સાંજે જાગીને જુએ છે તો ઘેટાં દૂર વેરાઈ ગએલાં અને ખેડુતનો કૂતરો પણ તેમના ભેગો ચાલી ગયો હતો.

ઉસ્તાદે કહ્યું, "આપણે ઘેટાં ભેગાં કરી આણવાં પડશે; પણ બંને જણા એક જ તરફ નહિ જતાં સામસામી દિશાએ જઈએ. છેવટે બંનેએ આ ઠેકાણે મળવાનું રાખવું."

બંને જણા ઘેટાં ખોળવા નીકળ્યા. પણ થોડેક જઈને ઉસ્તાદ તો પાછો આવ્યો અને નિરાંતે લાંબો થઈ સૂઈ ગયો. કલાકેકની સખત દોડાદોડ પછી બાઘો અને કુતરો બધાં ઘેટાંને ભેગાં કરી લાવ્યો ત્યારે ઉસ્તાદ બોલ્યો, "ખરેખર દોસ્ત! આપણે અહીં જ મળવાનું કહ્યું હતું ને!"

આના કરતાં કોઈ સારી નોકરી શોધી કાઢવી એવો વિચાર કરી બંને જણ એક શહેરમાં આવી પહોંચ્યા ત્યાં ઉસ્તાદે કહ્યું "દોસ્ત! સૌથી સહેલો

ને કમાણીદાર રસ્તો ભીખ માગવાનો છે. પગે ચાલતાં આવડે ને મોઢે બોલતાં આવડે એટલે બસ. નહિ કોઈ માલિક, નહિ કોઈ હુકમ કરનારું, નહિ કશી આવડતની જરૂર. થોડાક જ ગોખી રાખેલા શબ્દો બધે ઘેર ચાલી શકે. અરે! એ ધંધામાં તો એટલી બધી કમાણી છે કે ભિખારીઓની ગંધાતી ગોદડીઓ સોનામહોરોથી ભરાઈ જાય છે."

બંને જણે ભીખ માગવાનું નક્કી કર્યું: બાઘાએ રસ્તા પર ભીખ માગવાનું કામ લીધું અને ઉસ્તાદે પોળોમાં ભીખ માગવાનું લીધું. સાંજ પડી ને બાઘો બેચાર આનાના પૈસા ભીખમાં લઈ આવ્યો, જ્યારે ઉસ્તાદે એક સોનાની બંગડી દેખાડી કહ્યું, "રતન-પોળમાં તો છોકરાં સોનાની બંગડીઓ ય ધર્માદામાં આપે છે. પણ કોઈ ન જાણે તેમ છોકરાં પાસે માગતાં આવડવું જોઈએ."

બાઘો કહે, "તો કાલે હું ઝવેરીપોળમાં ભીખ માગવા જઈશ."

બીજે દિવસે બાઘો રતનપોળમાં ગયો, અને

ઉસ્તાદે આપેલી શિખામણ પ્રમાણે છોકરાંની પાસે જઈ ભીખ માગવા લાગ્યો. એક છોકરાએ પોતાના ગજવામાંથી થોડા ચણા આપ્યા ત્યારે એ બોલ્યો, " તારા ગળામાંથી પેલી કંઠી આપ. "

ગઈ કાલે એક છોકરીની બંગડી કોઈ કાઢી ગયેલું તે પોળમાં સૌ જાણતું હતું તેથી બાઘાએ કંઠી કાઢી આપવાનું કહેતાં જ છોકરાંએ બૂમાબૂમ કરી મૂકી. પાસેના ઘરમાંથી બેચાર જણ લાકડી લઈ દોડી આવ્યા. ઉસ્તાદે બાઘાને અગાઉથી કહી રાખ્યું હતું કે "છોકરાં ગુપ્ત દાન કરે છે; પણ જો ભોગજોગે દાનની જાહેરાત થઈ જાય તો આપણે નાસી જ જવું." બાઘો ઉસ્તાદની એ ચેતવણી યાદ આવતાં મૂઠીઓ વાળી નાઠો ને છટકી ગયો.

સાંજે બંને દોસ્તો ભેગા થયા ત્યારે બાઘાએ પોતાની વીતક વાત કહી. જવાબમાં ઉસ્તાદે તેને એક હીરાની વીંટી દેખાડી કહ્યું, " ભીખ જેવો બીજો એકે ધંધો નથી. જો હું આજે રસ્તા પર ભીખ માગવા ગયો, તો ત્યાં મને એક ઝવેરીની

દુકાનમાંથી આ વીંટી મળી! તું કશો કામધંધો કરતો નથી ને કંઇ કમાતો યે નથી. તો પણ ઠીક છે, આપણે દોસ્તી કરી છે એટલે હું તને ભેગો રાખીશ."

બીજે દિવસે બાધાએ ઝવેરીની દુકાન પર ભીખ માગવા જવાનું નક્કી કર્યું. ઉસ્તાદ બીજી તરફ ગયો. ઉસ્તાદે બતાવેલી ઝવેરીની દુકાન આગળ જઈ બાધાએ ભીખ માટે હાથ લાંબો કર્યો, ઝવેરીએ એક પૈસો ફેંકયો. તે પાછો દુકાનમાં ફેંકી બાધો બોલ્યો, "પૈસાકું હમ કયા કરે? મેં તો હીરાકી એક અચ્છી વીંટીકી ભીખ મંગતા હૂં."

"ઘડી પગથિયા પર બેસ" કહી ઝવેરીએ તેને ત્યાં બેસાડયો અને ઈશારો કરી એક માણસને બહાર મોકલ્યો. "હમણાં વીંટી મળશે" એ આશાએ બાધો પગથિયા પર બેસી રહ્યો. એટલામાં ચાર પાંચ પોલિસનું ધાડું ત્યાં આવી પહોંચ્યું, શું થાય છે એ સમજે તે પહેલાં તો બાધાને બે ત્રણ પોલિસોએ ગડદા પાટુ લગાવી બંને હાથે મુશ્કેટાટ બાંધી લીધો. થોડી વારમાં ત્યાં મોટું ટોળું જમા થઈ ગયું

અને બૂમાબૂમ મચી રહી. હવે બાઘાને સમજાયું કે ગઈ કાલે આ કચેરીની દુકાનમાંથી વીંટી ચોરી જવાના આરોપથી પોતે પકડાયો છે. જમાદારે પોલિસ થાણા પર લઇ જઈ બાઘાને દમ ભરાવી પૂછ્યું, " કાલે વીંટી લઈ ગયો છે એ કયાં છે? બોલ? સાચી વાત કહી દે, નહિ તો મૂઓ સમજજે. "

બાઘાએ પોતાનો દોસ્ત ઉસ્તાદ પહેલે દિવસે સોનાની બંગડી અને બીજે દિવસે હીરાની વીંટી લાવ્યો હતો તે વાત કહી જણાવ્યું કે મને જ અહીં વીંટીની ભીખ માગવા મોકલ્યો હતો. સાંજે પોલિસ બાઘાને લઈ એના રહેવાના મુકામ પર ગઈ, અગાઉથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે પોલિસ બહાર સંતાઇ રહી અને બાઘાને એકલાને ઘરમાં મોકલ્યો.

બાઘાને જોઈ ઉસ્તાદ બોલી ઉઠયો, " તને વીંટી મળી? "

બાઘાએ ના કહી. તે સાંભળી ઉસ્તાદ ખડ ખડ હસી બોલ્યો, " જો દોસ્ત! આજે તો મને એક બુઢ્ઢા પારસી ચાચાએ આ બસો રૂપિયા સાથેનું

પાકિટ દઈ દીધું ! ભીખમાં તો મજા છે મજા.”

બાધાએ પૂછ્યું, “ તો હું કાલે ત્યાં જાઉં. કહે તો ખરો તને ક્યાંથી પાકિટ મળ્યું ? ”



ઉસ્તાદે કહ્યું, “ તું તે શું સમજે એમાં ? દીવાની કોરટમાં વકીલોની ખાસ ઓરડી હોય છે

ત્યાં—, વકીલનું ને દીવાની કોરટનું બાપ જન્મારે કદી મોઢું જોયું છે તેં ?" આમ કહી વળી ઉસ્તાદે હસવા માંડયું.

એટલામાં તો ધોધમાર કરતી પોલિસ અંદર ધસી આવી. ઉસ્તાદને હાથમાં પાકિટ સાથે જ પકડયો.

ઉસ્તાદજીને પાંચ વર્ષની જેલ મળી. એમના દોસ્ત બાધાને ચાર છ મહિના જેલની હવા ખાવા મળી. તે પછી એ બહાર નીકળ્યો ત્યારે ફરી કોઈ ઉસ્તાદના પંજામાં ન સપડાય એટલી તો ખબરદારી એનામાં આવી ગઈ હતી.

બુદ્ધિશાળી ધોબણ

ધોબી કશું કમાતો નહોતો. એનામાં બુદ્ધિનો છાંટો યે નહોતો. પણ ધોબણ અક્કલનો ખજાનો હતી.

એક દહાડો ધોબણે ધોબીને કહ્યું, "આમ બેસી રહ્યે શા દહાડા વળશે? પેટ ભરવા તો કંઈ જોઇશે ને?"

ધોબીએ કહ્યું, "શું કરૂં?"

ધોબણે ચિડાઈને બોલી નાખ્યું, "જાઓ રાજા પાસે, કંઈ તો આપશે."

ધોબી રાજા પાસે ગયો.

"મહારાજ! મને કંઇ આપો. હું ને ધોબણ ભૂખે મરીએ છીએ."

રાજા કહે, 'શું આપું?"

ધોબી કહે, "શું એ તો ધોબણે કહ્યું નથી! પણ કંઈ આપો."

રાજાને ગમ્મત લાગી. તેણે ગામ ખૂણે એક ટીંબાની જમીન હતી તે ધોબીને ઈનામમાં આપી. ધોબી ઈનામ લઈ ઘેર આવ્યો.

ધોબણ કહે, " શું લઈ આવ્યા ? "

ધોબી કહે, " જમીનનો ટુકડો. "

" જમીનનો ટુકડો? જમીનને શું કરે ? એની માટી ખાઈ પેટ ભરાશે...ઠીક છે, ચાલો. જમીન તો જમીન, એનું યે કંઈક કર્યું થશે. "

ધોબીને લઈને ધોબણ રોજ જમીન પર જાય, ને બંને જણાં પોતાની જમીનમાં નીચા વળી વળી કંઈ શોધતાં હોય તેમ આંખો ફેરવે. કોઈ આવી ચડે કે કોઈની નજર પડે કે તરત નીચે બેસી જાય, અને જાણે કંઈ કરતાં ન હોય તેમ ગુપચુપ બેસી રહે.

આમ ત્રણ ચાર દિવસ ચાલ્યું. એવામાં એક ચોરની નજર એમના પર પડી.

ચોરે ધાર્યું કે આ જમીનમાં નક્કી કંઈ ખજાનો દાટેલો છે. નહિ તો આ લોકો આખો દિવસ આમ ખૂંધાં વળી વળી શું જોયાં કરે ?

ચોરને જોઈ ધોબી ને ધોબણ તરત નીચે બેસી ગયાં. ચોરે પાસે આવી પૂછ્યું, "અહીં આખો દિવસ તમે શું શોધ્યાં કરો છો?"

ધોબણે જવાબ દીધો, "એ જાણીને તમારે શું કામ છે? આ જમીન અમારી સાત પટીથી ચાલી આવે છે. અમારી જમીનમાં અમે ગમે તે કરીશું."

"જો તમે તમારી વાત કહો તો મારાથી થાય તે મદદ કરવા હું તૈયાર છું." ચોરે કહ્યું.

"ત્યારે ધોબણે કહ્યું, "જુઓ ભાઈ! આ વાત ઘણી ખાનગી છે. હું તમને કહું ને તમે બીજાને કહો તો વાત બધે પહોંચી જાય કે ધોબીના ખેતરમાં એના વડવાએ સાત સોનાના ચરૂ દાટયા છે. પછી રાજા અમારી જમીન ખુંચવી લીધા વગર રહે? માટે અમારે કોઇની મદદની જરૂર નથી."

"ઠીક, તો તમારી મરજી." કહી ચોર હસતો હસતો ચાલી ગયો.

ચોર સમજ્યો કે ભૂલથી ધોબણે મને કહી દીધું છે કે એના ખેતરમાં સોનાના ચરૂ દાટેલા છે. એથી

એ ખુશ થતો ઘેર ગયો, અને પોતાના ચાર દોસ્તોને ભેગા કરી રાતે ચરૂ ખોદી કાઢવા તે ખેતરમાં આવી પહોંચ્યો. આખી રાત પાંચે જણે કોદાળી પાવડા લઈ ખોદ ખોદ કર્યું, અને આખુંયે ખેતર સરખું કરી નાખ્યું. પણ ચરૂ તો એકે દેખાયો નહિ. સવાર થવા આવી એટલે નિરાશ થઈ ઘેર ગયા.

બીજે દિવસે ધોબણ આવીને જુએ છે તો પોતે ધારેલું તેમજ આખું ખેતર ખેડાઈ ગયું હતું. તે મનમાં હસી. પછી કણિયાને ત્યાં જઈ ઉછીના દાણા માગી લાવી અને એ દાણા ખેતરમાં વેરી વાવેતર કર્યું.

ધોબણના ખેતરમાં સરસ પાક થયો. એ પાકના પૈસા પણ ઠીક ઠીક ઉપજ્યા. એ જોઈ પેલા ચોરોની દાઢ સળકી. પાંચે જણા ભેગા થઈને એને ઘેર આવ્યા અને ખેતરમાંથી થયેલી કમાણીમાં પોતાનો ભાગ માગ્યો.

ધોબણે એક દોઢિયું પણ એમને પરખાવવાની ના પાડી. તે બોલી, “ તમે ખેતર ખોદી નાખ્યું તે

ચરૂ ખોળવા માટે. પણ તમને અભાગિયાઓને ચરૂ ન મળ્યા એમાં હું શું કરૂં? મને તો બે ગાડવા ભરાય એટલા એમાંથી રૂપિયા મળ્યા છે."

ભાગ નહિ આપે તો અમે તને ખૂબ હેરાન કરીશું એવી ચોરોએ ધમકી આપી. પણ ધોબણ જરાયે ડરી નહિ. તેણે એક પૈસો પણ આપવાની ના પાડી.

રાત પડી. પાંચે ચોરો ધોબીને ત્યાં ખાતર પાડવા આવ્યા. તેમનો સંચાર સાંભળી અગાઉથી કરી રાખેલી ગોઠવણ પ્રમાણે ધોબણે ધોબીને પૂછ્યું, "રૂપિયાનું હાંડલું બરાબર સાચવીને મૂક્યું છે ને? પેલા મૂઆ આવશે તો બધું ચોરી જશે."

ધોબી બોલ્યો, "ચૂપ! ચૂપ. અવાજ ન કર. હાંડલું તો મેં કોઇને વહેમ ન આવે એમ વંડામાં એક ખુણે લાકડાંમાં ઢાંકીને મૂકી દીધું છે."

ધોબી ને ધોબણ ઊંઘી ગયાં જાણી ચોરો ધીમેથી વંડામાં કૂદી પડયા. અને લાકડાં ઉથલાવવા મંડયા. બીજે શું કામ જુએ? તેમને તો હાંડલા સાથે કામ

હતું તે? અને ખરેખર ચોરોને હાંડલું જડયું. ખૂબ ભારે. નક્કી એમાં રૂપિયા જ ભર્યા હશે. પાંચે ચોરો હરખાતા હરખાતા હાંડલું લઈને ભાગ્યા. બે ત્રણ ગાઉ દૂર નીકળી ગયા પછી એક તળાવને કાંઠે તેઓ ભાગ પાડવા બેઠા. રાત અંધારી હતી, પણ સવારની કોણ રાહ જુએ? ચાદર પાથરી તેમણે હાંડલું તેમાં ઊંધું કર્યું પણ ખણુંગ ખણુંગ થવાને બદલે તેમાંથી લદલદ લદલદ થતા છાણના પોદળા નીકળી પડયા. પાંચે જણા છી છી કરતા ઊભા થઈ ગયા. ધોબણે તો ખરેખરા બનાવ્યા.

બીજે દિવસે ફરી પાંચે જણા ધોબીને ઘેર આવ્યા. ઘર ફાડી ઘરમાં પેઠા, પણ કાંઈ મળ્યું નહિ. ઘરની આગળ પાછળ થોડે સુધી જોઈ વળ્યા, પણ કંઈ જડયું નહિ. ધોબીના ઘર પાસે એક ઊંચું શીમળાનું ઝાડ હતું. જોતાં જોતાં એક ચોરની નજર એ ઝાડ પર પડી. ઝાડ પર એક ડાળીએ તેણે મોટું પોટલું લટકતું જોયું. “ નક્કી એમાં જ રૂપિયા હોવા જોઈએ. ધોબણ ભારે ઉસ્તાદ લાગે છે, પણ અમે કયાં કાચા છીએ.” આમ બોલી એ તો છલંગ મારી

ઝાડ પર ચડી ગયો; ને એ પોટલા નજીક જઇ પહોંચ્યો.

પણ એ ડાળ પર બે ચાર મધપુડા હતા. ડાળી હલી એટલે મધપુડામાંથી થોડીક માખીઓ ઉડી અને ચોરને હાથે પગે ડંખવા લાગી. માખી ડંખ દે એટલે ચોર હાથ વડે તેને ઉડાડવા પોતાના શરીર પર થપાટ મારે. રાત અંધારી હતી. ચોર છેક પોટલા પાસે પહોંચી ગયો હતો અને ઘડીએ ઘડીએ હાથ સાથળે ને કમરે લગાવતો હતો. એ જોઇ બીજા ચોરોએ ધાર્યું કે એ પોટલામાંથી રૂપિયા ચોરી લઇ પોતાનાં ગજવાં ભરે છે. આથી નીચે ઊભેલા ચોરોએ તેને ધમકાવી કહ્યું. “ ઠગાઇ ન કર, નહિ તો મૂઆ સમજજે. ”

પણ એમની ધમકી ઉપર સંભળાઈ નહિ. તેથી બીજો ચોર તેને ધમકાવવા ઉપર ચડયો. જેવો એ ડાળી પર પહોંચ્યો કે માખીઓ તેને વળગવા માંડી એટલે એ પણ પહેલા ચોરની પેઠે હાથ વડે પોતાના શરીર પર ચટાપટ કરવા લાગ્યો.

નીચેના ચોરો સમજ્યા કે આ બીજો પણ પહેલાંનો મળતિયો થઈ ગયો છે ને રૂપિયા ગજવામાં ભરે છે. તેથી ત્રીજો ચોર ઉપર ચડયો. તેની પણ પહેલા બેના જેવી દશા થઈ. પછી ચોથો ઉપર ચડયો. તેણે બૂમ પાડી કે અહીં તો માખીઓ બહુ કરડે છે ને પોટલું તો હજી ઊંચી ડાળી પર છે. એટલે પાંચમો પણ ઉપર ચડયો. એક જ ડાળી પર પાંચ જણા ઊભા હતા. માખીઓ કરડતી હતી. પણ પેલું રૂપિયાનું પોટલું હાથમાં આવેલું કેમ જવા દેવાય? એટલે પાંચે જણાએ એકસામટો પોટલા તરફ ધસારો કર્યો. જે ડાળી પર પોટલું હતું તે ડાળી પાંચે જણે એકી સાથે પકડી. પણ કડડ ભૂ...સ કરતી ડાળી પાંચેને લઈ ને નીચે તૂટી પડી. અલબત્ત, રૂપિયાનું પોટલું પણ તેમની સાથે જ પડયું. પણ પોટલામાં તો બશેર બશેરના પાણા ભરેલા હતા. પડતાં પડતાં બે ત્રણ ચોરનાં હાડકાં એણે ખોખરાં કરી નાખ્યાં હતાં!

ઝાડ પરથી પછડાયા એટલે ચોરોને સારી પેઠે વાગ્યું હતું. પણ ખોડંગતા ખોડંગતા સૌ ઘેર ગયા

ને ખાટલે સૂતા. આઠ દશ દહાડે એ સાજા થયા. પણ ધોબી ધોબણને ભૂલ્યા ન હતા.

એક રાતે પાંચે જણા ધોબીને ઘેર ગયા. બારી-બારણાં બધાં બંધ હતાં. એક માત્ર ચાર આંગળની નાની જાળી ઉઘાડી હતી, તેમાંથી ઘરમાં અંધારૂં દેખાતું હતું. હવે તો જે કંઇ કરવું તે ખૂબ વિચાર કરીને કરવું એવો ચોરોએ ઠરાવ કર્યો હતો, તેથી પાંચે જણા એ જાળી આગળ જઇ ઊભા. એક ચોર આગળ આવી જાળીમાં મોં ભીડી અંદર શું ચાલે છે તે જોવા પ્રયત્ન કરવા લાગ્યો. એટલામાં તો એના જાળીમાં ગયેલા નાક પર સટાક કરતું કંઈ ફરી વળ્યું. નાકનું ટેરવું કપાઈ ગયું. “ ઓય બા!” કરી તેણે મોં પાછું ખેંચી લીધું. હવે બીજો ચોર આગળ આવ્યો. તેણે અંદર જોવા જાળીમાં નાક ઘાલ્યું. તરત જ કંઈક લીસું લીસું નાકના ટેરવા પર પડયું અને નાક છેદાઈ ગયું. એ બોલ્યો, “ અંદર કોઈક છે.” ત્રીજો ચોર કહે, “ જા, જા, ગંડુ, અંદર તો અંધારૂં છે, કોઈક કોણ હોય?” એમ કહી તે જાળી પર

આવી જોવા લાગ્યો. ત્યાં તો કટાક! એનું યે નાક છેદાઈ ગયું.

ત્રણ જણનાં નાક કપાઈ ગયાં, પણ કોઇ ચોકખું બોલ્યું નહિ કે જાળીમાં મોં ઘાલવાથી નાકની આ દશા થાય છે. બોલે તો બીજાનાં નાક સાજાં રહી



જાય ને પોતે નાકકટ્ટા કહેવાય. એ કેમ ખમાય!

એટલે ચોથા ચોરે જાળીમાં મોં ઘાલ્યું; એની પણ એ દશા થઈ. અને પછી પાંચમા ચોરની પણ

એ દશા થઈ. હવે બધા સાથે નાક દાબી રોવા લાગ્યા: હાય! હાય! મારૂં તો નાક કપાઈ ગયું!

વળી પાછા પંદર દહાડાનો ખાટલો ભોગવી પાંચે ચોર ધોબીને ઘેર આવ્યા. આ વખતે તેમણે ધોબણને જ ઉપાડી જવાનો ઠરાવ કર્યો હતો. ધોબણ આજે ઘરબહાર ખાટલામાં સૂતી હતી. ચાર ચોરે ચાર પાયા ઝાલ્યા અને ખાટલો ઉપાડયો. પાંચમો ચોર પાછળ ચાલ્યો.

સરઘસ ગામ બહાર ચાલ્યું. ધોબણ હવે જાગી ગઇ હતી. તે સમજી ગઈ કે પોતે ચોરોના હાથમાં સપડાઈ છે. પણ શું કરે! જે થાય તે ખરૂં એમ ધારી તે ખાટલામાં પડી રહી. જતાં જતાં એક વડનું ઝાડ આવ્યું. ચોરો થાકયા હતા એટલે થોડી વાર ત્યાં ઊભા રહ્યા. એટલામાં ધોબણને એક વિચાર સૂઝયો. પોતાના માથા પર લટકતી એક વડવાઈ પકડી ધોબણ ઝાડ પર ચડી ગઇ. એનો પછેડો માત્ર ખાટલામાં પડેલો રહ્યો. ચોરોએ ખાટલો નીચે ઉતાર્યો ને પછી સૌ વાતો કરતા બેઠા.

નીચે ચોર બેઠા છે. ને ઝાડ પર ધોબણ બેઠી છે. પણ એનાથી એમ ગુપચુપ બેસી કેમ રહેવાય! બે હાથ લાંબા કરી બેઉ હાથમાં સાડલાના છેડા ઝાલી તેણે પાંખો જેવું બનાવ્યું. પછી હાથ હલાવવા માંડયા એટલે પાંખો જેવો ફફડાટ થવા લાગ્યો. ચોરોની નજર એ તરફ ગઈ. અંધારામાં બીજું તો કશું દેખાતું નહોતું, માત્ર ધોળો સાડલો જાણે કોઈ જંગી બગલો બેઠો હોય એમ દેખાતો હતો.

થોડી વાર રહી ધોબણે મનમાં કંઈ ગણગણવા માંડયું. ચોરો એ વિચિત્ર અવાજ સાંભળી ચમકયા. તેમણે ધાર્યું કે ઝાડ પર કોઈ પિશાચ છે.

વળી ધોબણે આગળ ચલાવ્યું. તેણે ગળામાંથી અવાજ કાઢી " ખાઉં! ખાઉં! એમ બોલવા માંડયું.

હાય રે! નક્કી ભૂત! ચોરો તો ખરેખરા બીન્યા.

એકબીજાના હાથ પકડી તેઓ જાણે સજ્જડ ચોંટી રહ્યા. વળી ઉપરથી અવાજ આવવા માંડયો. " ખાઉં! ખાઉં! પાંચ જણાને ખાઉં! પાંચે નાક-કટ્ટાને ખાઉં!"

ચોરો તો આ સાંભળી એવા બીન્યા કે એમના હોશકોશ ઊડી ગયા ને ભયથી બેભાન જેવા થઈ ભોંય પર પડી ગયા. પછી હિંમતથી ધોબણ ઝાડ પરથી નીચે ઊતરી અને પાંચે ચોરનાં ફાળિયાં ખેંચી લઈ ખાટલામાં નાખી, ખાટલો માથે ઊંચકી ઘેર લઈ ગઈ.

બીજે દિવસે લોકોએ જોયું તો વડની નીચે પાંચ જણા ફાટી આંખે અચેતન થઈ પડયા હતા. ખરે-ખર ભૂતે એમનો ભોગ લીધો હતો ?

પૂરો બળિયો

રાજાને કુંવરી ખબ જ વહાલી હતી. બીજું કંઈ સંતાન નહોતું, એટલે એણે નિશ્ચય કર્યો હતો કે જે પૂરો બળિયો હોય એને કુંવરી પરણાવવી.

કુંવરી પણ હતી રૂપનો અંબાર જોઈને આંખ ઠરે. એની નમણી આંખો સદા ઢળેલી રહેતી અને પોપટા જેવાં બીડેલાં પોપચાં ખૂબ આકર્ષક લાગતાં.

રાજાએ ત્રણ માણસો નીમ્યા. જે કુંવરીનો હાથ માગવા આવે, તેની પરીક્ષા કરવા માટે એ ત્રણનાં નામ આલો, વહાલો ને માલો ! આલાની પરીક્ષામાં જે પૂરો શક્તિશાળી ઠરે, તે વહાલાની પરીક્ષામાં અડધો શક્તિશાળી દેખાય, અને માલાની પરીક્ષામાં એ કાં તો બીકણ ઠરે ! વહાલો ને માલો જેને શક્તિ-શાળી ઠરાવે તે આલાની પરીક્ષામાં કાં તો નાપાસ જ થઈ જાય ! ત્રણેય જણ જેને પૂરો શક્તિશાળી કહે

એવો કોઈ હજી લગી જણાયો નહોતો; એટલે રાજા કુંવરી કોને પરણાવે ?

એવામાં એક દિવસ થાબડથીબડ લુંગડાં પહેરેલો વીસેક વરસનો એક યુવાન દરબારમાં આવી ઊભો. રાજાએ પૂછ્યું, "કોણ છે રે, તું ? કેમ આવ્યો છે, અહીં ?"

જુવાન પ્રણામ કરી મૃદકંઠે બોલ્યો, "મહારાજ ! રાજકન્યાના હાથનો ઉમેદવાર છું !"

આખી કચેરી આ ચીંથરેહાલ આદમીના બોલ સાંભળી હસી પડી, પણ રાજાનો ગુસ્સો જોઈ શાંત થઈ ગઈ. રાજાએ ગુસ્સાભર્યા અવાજે કહ્યું, "શું બોલ્યો ? તારા જેવા ભિખમગાને રાજકન્યા પરણશે ?"

યુવાને નમ્રતાથી જવાબ દીધો, "મહારાજ ! જે પૂરો બળવાન હશે તેને રાજકન્યા પરણશે એવું તો આપે કહ્યું છે ! અને રાજવંશી જ એવો બળિયો હોય એવું થોડું જ છે !"

રાજાએ કુંવરી સામે જોયું. કુંવરી કાંઈ બોલી નહિ, એ જુવાન સામે જોઈ રહી.

રાજાએ કહ્યું, “ તારે બળની પરીક્ષા આપવી પડશે; પણ યાદ રાખજે, જો નાપાસ થઈશ તો જાનથી જઈશ. ભિખારડા! અલ્યા તારૂં નામ શું ? ”



“ નામ? મારાં બા-બાપા ‘ ભેમલો ’ કહેતા; પણ એમના બોલમાં મીઠાશ હતી તે બીજાંના બોલમાં નથી વરતાતી, એટલે હું હવે મને ‘ ભીમસિંહ ’ કહેવડાવું છું, ”

“ વાહ રે મારા ભીમસિંહ ભાભા ! ” એક જણ બોલી ઊઠયો.

આલો. વહાલો ને માલો પરીક્ષા લેવા આગળ આવ્યા. પણ એ કોઈ પ્રશ્ન પૂછે તે પહેલાં જ ભીમ-સિંહ બોલ્યો, "પરીક્ષા લેનારની લાયકાત તો જેવી જોઈએ ના પહેલી! મારા જેટલી શક્તિ તમારામાં છે?"

"શું નથી?"

"તમે અંતર્ધાન થઈ શકો છો?" ભીમસિંહે આલા, વહાલા ને માલાને સીધો પ્રશ્ન પૂછ્યો.

ત્રણે જણ માથું ખંજવાળતા બોલ્યા, "હં, હં. માણસથી તે કાંઇ અંતર્ધાન થવાય? માણસ ગેબ થઇને જાય ક્યાં? એવી શકિત તે માણસમાં હોય ખરી?"

"છે, મારામાં છે."

"છે તો પ્રત્યક્ષ બતાવ." રાજા બોલી ઊઠ્યો.

"એક શરતે. હું સાચો પડું તો મને પૂરા શક્તિવાન તરીકે સ્વીકારવો પડશે; જૂઠો પડું તો ખુશીથી મને ગરદન મારજો."

શરત કબૂલ થઇ.

"તો કાલે આ વખતે દરબારમાં હું એની સાબિતી આપીશ."

ભીમસિંહ દરબારમાંથી સીધો મુકામ પર ગયો. ગામ છેવાડે એક ઝૂંપડીમાં એક ગરીબ ડોશીમાને ઘેર એણે ઉતારો કર્યો હતો. ડોશીના આઠ—નવ વરસના 'રતનિયા' ને એણે એકાંતમાં બોલાવી સાકરિયા ચણાથી એનાં ખીસ્સાં ભરીને કહ્યું, "જો રતના, મારૂં એક કામ કરીશ?"

"હોવે, એકદમ કલીશ."

"કાલે સવારે તારે ધોયેલાં કપડાં પહેરી દરબાર ગઢ પાસે બજારમાં ઊભા રહેવાનું ને આકાશમાં ઊંચી ડોક કરી જોઇ રહેવાનું કોઇ પૂછે કરે, તો પણ કશું બોલવાનું નહિ, તેમ હાલવા ચાલવાનું નહિ, કે ડોક નીચી કરવાની નહિ. હું બપોરે તને ખિસ્સાં ભરીને પેંડા આપીશ અને જો સરસ કામ થશે તો મજાની ટોપી લાવી આપીશ. બોલ કરીશ આટલું કામ?"

"હો...કલીશ. કંઈ નીં આલો તોયે કલીશ. મને મજા પડશે."

× × ×

સવારે દરબારગઢની બાજુમાં જ બજારના નાકા આગળ એક છોકરો ધોયેલાં સફેદ લુગડાંમાં આકાશ સામું જોઈ રહ્યો હતો. એક–બે જતા આવતા માણસે તેને આમ જોઈ રહેવાનું કારણ પૂછ્યું. છોકરાએ કંઈ જવાબ દીધો નહિ. “ નક્કી આકાશમાં કંઈ કૌતુક દેખાય છે.” એમ સમજી પેલા બે જણાય એની પેઠે આકાશ ભણી જોવા લાગ્યા. એમ માણસો વધવા લાગ્યા. ખૂબ માણસો ભેગા થયા. સૌ ઊભા ઊભા આકાશ ભણી જોઈ રહ્યા. કોઈ બોલ્યું, “ નક્કી કાંઈ કૌતુક છે.”

બીજો બોલ્યો, “ઈશવર–પારવતી રમવા નીકળ્યાં લાગે છે.”

ત્રીજો બોલ્યો, “ અરે, માતાજીનો રથ નીકળ્યો છે ! ”

ચોથો બોલ્યો, “ રાસલીલા રમે છે એ તો કનૈયો–કાનજી. વાહ ! મારો વહાલો ! ”

વાત દરબારમાં પહોંચી. પહેરેગીરોએ પણ રાસલીલા જોવા મોં ઊંચાં કર્યાં. દરબારીઓ ય એક

ખૂણે એકઠા થઈ ઊંચું જોઈ રહ્યા અને રાજા પણ ભારે મુગટને આસન પર ઉતારી, નીચે ઉતરીને આકાશ સામે જોઇ રહ્યો!

આવે વખતે ભીમસિંહ ઘેરથી નીકળ્યો. સીધો બજારમાં સાંસરવો ચાલ્યો. દુકાનો બધી ખાલી હતી. દુકાનદારો 'દેવી પરચો' જોવામાં રોકાયા હતા. જતાં જતાં ભીમસિંહે એક દુકાનમાંથી ઘડિયાળ લીધું, તો બીજી દુકાનમાંથી કોઇ રમકડું લીધું, વળી ત્રીજી દુકાનમાંથી અરિસો લીધો, તો ચોથી દુકાનમાંથી ચોપડી ઉપાડી લીધી. સીધો પેઠો દરબારગઢમાં. કોઇ પૂછે કે કરે! પહોંચ્યો સિંહાસન પર અને રાજાએ બાજુએ ઉતારી મૂકેલો રાજમુગટ ઉપાડી પોતાના માથા પર ચડાવી દઈ લહેરથી ગાદી પર બેઠો.

હજી સૌ આકાશ ભણી તાકી રહ્યા હતા. ભીમસિંહે ટોકરી બજાવી, સૌ દરબારીઓને પોતપોતાની જગ્યાએ બેસી જવા હુકમ કર્યો. દરબારીઓ બીકના માર્યા દડબડ દોડી પોતાના આસને જઈ બેઠા. રાજા પણ પાછો ફર્યો; પણ સિંહાસન પર બેસવા જતાં

એ એકદમ થંભી ગયો. એની ગાદી પર 'ભેમલો' ચડી બેઠો હતો.

રાજા ખૂબ ગુસ્સે થયો. આલો, વહાલો ને માલો આવ્યા. ભીમસિંહે તેમને કહ્યું, "પહેલાં એક વાતનો ફેંસલો આપો. હું પૂરો બળીયો ખરો કે નહિ ?"

આલો, વહાલો ને માલો બોલ્યા, "તું ગેબ થઇ દેખાડે ત્યારે એ તો કહેવાય."

ભીમસિંહે કહ્યું, "આટલું દેખાડયું છતાં! ગેબમાંથી આવીને તો હું અહીં ગાદી પર બેસી ગયો છું! જૂઠું લાગતું હોય તો પૂછી જુઓ તમારા આ બધા દરબારીઓ, પહેરેગીરો અને ગામના લોકોને. કોઇએ મને અહીં આવતાં જોયો છે?

રાજાએ સૌની સામે જોયું. દરબારીઓ, પહેરેગીરો, નગરજનો. સૌએ સોગન ઉપર જણાવ્યું, કે અમે એને અવતો જોયો નથી."

ભીમસિંહ બોલ્યો, "કયાંથી જુએ? હું અદૃશ્ય હતો! મારામાં એ અજબ શક્તિ છે!"

"તું રાતનો ક્યાંક દરબારગૃહમાં સંતાઈ રહ્યો

હશે, પછી ગૂપચૂપ નીકળીને ગાદી પર બેસી ગયો છે! આલો બોલ્યો.

"જુઓ ત્યારે આ સાબિતી!" આમ કહી ભીમસિંહે ઘડિયાળ, રમકડું, અરિસો અને ચોપડી કાઢયાં, અને કઈ કઈ દુકાનમાંથી પોતે લીધાં છે એ કહ્યું. દરેક દુકાનદારે કબૂલ કર્યું, કે "એ ચીજ એણે આજે જ સવારે પોતાની દુકાનમાં અમુક જગ્યાએ મૂકી હતી."

"કોઈ મને આ ચીજો ઉપાડતાં જોઇ શકયું નથી; કારણકે હું અદૃશ્ય હતો! મારામાં એ શક્તિ છે! છે તમારા કોઈમાં?" ભીમસિંહે કહ્યું.

છેવટે રાજાએ અને એના ત્રણે પરીક્ષક પંડિ-તોએ કબૂલ કર્યું, કે "ભીમસિંહમાં અદૃશ્ય થવાની શક્તિ છે. એ સૌથી વધારે શકિતવાળો છે. રાજકુંવ-રીને પરણવાને એ લાયક છે!"

ભીમસિંહે બધો ભેદ ખોલવાથી રાજાને ય હવે તો એની મગજશકિતની ખાત્રી થઈ ગઇ હતી.

કુંવરી બોલી, "અને મારે તો એ જ જોઈતું હતું!"

મહારાજ !

એક રાજાને ભાતભાતનાં પકવાન ખાવાનો ખૂબ શોખ હતો. જેમ ઉંમર વધતી ગઈ તેમ એ શોખ પણ વધતો ગયો. દિવસમાં દશ વખત એ ભાતભાતની વાનગીઓ બનાવવા હુકમ કરતો. રાતે પણ તે ઊંઘમાંથી ઝબકીને જાગી ઊઠી કોઈ વાનગી બનાવવાનો હુકમ છોડતો.

એમ કરતાં લાંબે ગાળે એને બધી વાનગીઓનો કંટાળો આવ્યો. એ વાનગીઓમાં હવે એને કંઇ સ્વાદ લાગતો નહોતો. એણે રસોઇયાઓને હુકમ કર્યો, કે " સ્વાદ સરસ આવવો જોઇએ. વાનગી-ઓમાં નવા નવા નવા પદાર્થોનું મિશ્રણ કરો. સ્વાદ સુધારો. "

રસોઈયાઓ દરરોજ વિધવિધ વાનગીઓમાં જાણીતા, નહિ જાણીતા એવા અનેક પદાર્થોનું

ઓછુંવત્તું મિશ્રણ કરવા લાગ્યા. જુદા જુદા પ્રમાણુમાં મિશ્રણની જુદી જુદી વાનગીઓ બનાવીને રાજાની આગળ ધરવા માંડી; પણ રાજાને એમાંની એકે પસંદ પડતી નહિ. તેને જે સ્વાદ જોઇતો હતો તે કશામાંથી આવતો નહોતો. આથી તેણે નવા ને જૂના તમામ રસોઇયાઓને નોકરીમાંથી કાઢી મૂક્યા.

આ જોઈ પ્રધાને સૂચના કરી, " મહારાજ! મારી એક અરજ છે: દેશદેશના રસોઇયાઓને અહીંઆં નોતરી એમની પાકકળાની પરીક્ષા લઈ, જેની રસોઈ સ્વાદિષ્ટ હોય તેને જ દરબારી–રસોડાનો ઉપરી બનાવવો. પરીક્ષા આપે જાતે જ લેવી. બીજા કોઇને સ્વાદની કશી ગતાગમ જ નથી."

રાજાને આ વાત ગમી. એણે ગામોગામ ઢંઢેરો પીટાવ્યો, દેશેદેશ માણસો મોકલી ખબર ફેલાવી, કે " અમુક દિવસે મારા રાજમહેલના ચોગાનમાં સ્વાદિષ્ટ રસોઇની હરીફાઈ થવાની છે, તેમાં સૌથી સારી રસોઈ બનાવનારને ભારે પગારની દરબારી રસોઇયાની નોકરી મળશે અને કીમતી સરપાવ મળશે!"

ઠરાવેલો દિવસ નજીક આવ્યો. ગામપરગામથી રસોઇયાઓનાં ટોળેટોળાં આવવા લાગ્યાં. એમનો સરસામાન ભરાઈને ગાડાં આવવા લાગ્યાં. ભાત-ભાતનાં ને જાતજાતનાં, રૂપાનાં ને પિત્તળનાં એ વાસણો. એને જોવા લોકોનાં ટોળેટોળાં ભેગાં થતાં. તાવેતા, કડછી, સાણસી, ચીપિયા વગેરેના પણ કદી ખ્યાલમાં ન આવે એવા ઘાટ હતા. એ તાવેતા, કડછીને કોઇએ ઝીણી ઘુઘરીઓ બાંધી હતી—રસોઈ કરતી વખતે એ ઘુઘરીઓનું સંગીત કેવું જામતું હશે ?

રાજમહેલના વિશાળ ચોગાનમાં હારબંધ ચૂલા ખોદાયા હતા. અનુક્રમે સૌએ પોતપોતાની જગા લઈ લીધી હતી અને પોતાના સાધનો મનગમતી રીતે ગોઠવી દીધાં હતાં. હું ધારૂં છું કે દુનિયાના કોઇ પણ દેશમાં રસોઇનાં સાધનોનું આવું ભવ્ય પ્રદર્શન કદી થયું નહિ હોય; તો પછી આવી પાઠશાળાની હરીફાઈ તો કયાંથી જ થઈ હોય !

નક્કી કરેલે દિવસે, નક્કી કરેલે સમયે ઘંટ વાગ્યો. હરીફાઇ શરૂ થઈ. કોઈએ કદી જોઈ સાંભળી

ન હોય એવી એવી વાનગીઓ ત્યાં બનવા માંડી. અનેક કીમતી પદાર્થોનાં મિશ્રણો રસોઈમાં નંખાવા માંડયાં.

રાજા એના પ્રધાન સાથે રસોઈની પરીક્ષા કરવા નીકળ્યો પ્રધાનના હાથમાં મોટો ચોપડો હતો. તેમાં દરેક ઉમેદવારનું નામ લખેલું હતું. તેના નામ સામે ખાનામાં તેણે બનાવેલી વાનગીનું નામ તેને પૂછીને લખવામાં આવતું. પછી રાજા તે વાનગી ચાખી જોતો અને તેને તેની યોગ્યતા પ્રમાણે ગુણ (માર્ક) આપતો. દરેક રસોઇયો એમ માનતો જણાતો હતો, કે “ મારી વાનગી સૌથી સરસ છે. ” પણ રાજાને ચાખવા આપ્યા પછી, રાજાના મોં સામે જોતાં એના મોંનો રંગ ઉડી જતો ! એક બંગાળી રસોઈયાએ રસગુલ્લાં બનાવેલાં. રાજાએ એ ચાખીને ફેંસલો આપ્યો, “ મારી બિલાડીને આ ભાવશે. ” એક દિલ્હીગરાએ જલેબી બનાવેલી. રાજાએ કહ્યું. “ ગધેડાને નાખી દો. ” એક જેપુરીએ ઝીણી કોતરણી કરી હોય તેવી જોઈને દિલ ખુશ થઇ જાય તેવી વાનગી બનાવેલી. રાજા બોલ્યો, “ છિ ! મરઘડાં

ચણી જશે, નાખી દે.” આમ સૌની પરીક્ષા થઇ ગઈ. પણ હજી પરિણામ જાહેર કરવાનું બાકી હતું.

એવામાં સેંકડો માણસોની ઠઠમાંથી અવાજ આવ્યો, “હજી એક જણ બાકી છે, મહારાજ! મારી પરીક્ષા નથી થઇ.” ભીડમાંથી એક ગોળમટોળ ગાગર જેવી ફાંદવાળો એક માણસ આગળ આવ્યો. એણે હાથમાં લાકડાનો ચાટવો ગદાની પેઠે પકડેલો હતો. ધીમે ધીમે મદગળતા માતંગની પેઠે એ ચાલતો હતો.

રાજાએ પૂછ્યું, ‘હરીફાઈમાં તારૂં નામ છે?’

ભટ બોલ્યો, મહારાજ! હું હમણાં જ આવું છું. દૂર દેશાવરથી આવું છું! સ્વાદિષ્ટ રસોઈ બનાવવાનો મારી પાસે એક ગુપ્ત કીમિયો છે, ચોર, ધાડપાડુથી સાચવીને એ અહીં લાવતાં મને જરા મોડું થયું છે.”

રાજા બોલ્યો, “પણ તું મોડો આવ્યો, એટલે હવે શું થાય?”

“ઠીક, પ્રભુ!” બેદરકારીથી તેણે જવાબ

દીધો. "હું આ ચાલ્યો! મારી વાનગી નહિ ચાખવાથી ખોટ તમને જવાની છે, મારે શું ?

એને જતો જોઈ રાજાને વિચાર થયો, કે "જોઉં તો ખરો, એ કેવી રસોઇ બનાવે છે!" એણે હુકમ કર્યો, "ઠીક, જા, તને અડધો કલાક આપું છું; અડધા કલાકમાં વાનગી બનાવી મને બોલાવ."

નવો આવેલો રસોઈયો રસોઈ બનાવવા બેસી ગયો. બરાબર વખતે રાજા ત્યાં આવી ઊભો. 'બે પળ!' કહી રસોઇયાએ રાજાને ઘડી થોભવા કહ્યું. બરાબર એ જ વખતે ચાર માણસો એક લોખંડની વિશાળ પેટી ઊંચકીને લાવી ત્યાં મૂકી ગયા. મૂગાં મૂગાં રસોઇયાએ જનોઇને છેડે બાંધેલી રૂપાની ચાવીઓનો ઝુમખો કાઢ્યો ને પેટી ઉઘાડી. અંદરથી બીજી એવી પેટી નીકળી. એમ કરતાં બારમી નાનકડી પેટી નીકળી. બારમી પેટીને રૂપાની ચાવી વડે ખૂબ ધીમેથી ઉઘાડી અંદરની નાનકડી કાચની શીશીમાંથી રંગહીન પ્રવાહીનાં બરાબર ત્રણ ટીપાંને તૈયાર કરેલી વાનગીમાં નાંખ્યાં. પછી શીશી બંધ કરીને પેટીમાં સાવચેતીથી મૂકી દીધી અને એક પછી એક



પેટીને તેથી મોટી પેટીમાં મૂકી તાળાં વાસી દીધાં. જોનારા સૌ તાજુબીથી જોઈ રહ્યા!

પછી ભટે પેલા કીમતી પ્રવાહીવાળી વાનગી સારી પેઠે હલાવીને રાજાને ચાખવા આપી. જીભે મૂકતાં જ રાજાનો ચહેરો પ્રસન્ન જણાયો. એકદમ તે બોલ્યો, "વાહ! સર્વોત્તમ!"

ભટ હાથ જોડીને ઊભો. રાજાએ કહ્યું, "માગ માગ, માગે તે આપું!" રાજાએ તેને ચૂપ જોઈ કહ્યું, "દરબારી રસોડાનો ઉપરી તો હું તને બનાવું છું. એક હજાર સોનામહોરનું ઈનામ પણ આપું છું; પણ એથી વધારે હું તને એક સરપાવ આપું છું. જા, આજથી તને સૌ 'મહારાજ' કહીને બોલાવશે."

" મહારાજ ! કયા દેશના છો "

" ગુજરાતનો " મહારાજે કહ્યું.

" ગુજરાતનો ! વાહ ! તો હું હુકમ કરૂં છું કે આજથી ગુજરાતના બધા ભટોને 'મહારાજ' સંજ્ઞાથી સન્માનવા ! પ્રધાનજી, નોંધી લો એ વાત. "

ત્યારથી ગુજરાતના બધા રસોઇયાઓ મહારાજ કહેવાય છે.

એક દિવસ રાજાએ પૂછયું, " મહારાજ તમે જે કીમતી દ્રવ્ય નાખી રસોઇમાં અદ્‌ભુત સ્વાદ આણો છો તેનું નામ શું ? "

મહારાજ હાથ જોડી બોલ્યો, " પ્રભુ એ ગૂઢ રહસ્ય છે. ગુરુનો આદેશ છે, મરણકાળે હું એ કહેતો જઇશ."

"ગુરુનો આદેશ!" રાજાએ મનમાં વિચાર કર્યો, ત્યારે તો એ ચીજ હિમાલયના કોઇ સિદ્ધ સંન્યાસીએ આપેલી જડીબુટ્ટી હશે."

પોતાને આવો અનુપમ રસોઇયો મળ્યો છે જાણી રાજા ખુબ ખુશ થયો.

વખત જતાં 'મહારાજ' માંદો પડયો. અંતઘડી પાસે આવેલી જોઈ એણે રાજાને બોલાવી એક બંધ દાબડી આપી કહ્યું, "પ્રભુ, આમાં એ કીમતી દ્રવ્યનું નામ લખેલું છે. પણ એક વિનંતિ, મારી મરણક્રિયા થઈ ગયા પછી જ એ દાબડી ઉઘાડશો." રાજાએ એ શરત કબૂલ કરીને દાબડી પોતાની ખાનગી તિજોરીમાં મૂકાવી.

'મહારાજ' મરી ગયો. રાજાએ કોઈ મહાપુરુષને શોભે એ રીતે એનો અગ્નિસંસ્કાર અને ઉત્તરક્રિયા કર્યાં.

છેલ્લે દિવસે રાજાએ પોતાની તિજોરીમાંથી પેલી દાબડી કાઢી ઉઘાડી. અંદરથી એક કાગળનો ટુકડો નીકળ્યો. એ ટુકડા પર પરમ ગુપ્ત રહસ્ય—એ મહામૂલા દ્રવ્યનું નામ લખેલું હતું – 'જળ!'

સ મા પ્ત